بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/જુન/૨૦૧૭**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ

હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૬, સળંગ અંક : ૧૬૨

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | અતિ મહાન નેઅમત : માહે રમઝાનુલ મુબારક | 02 |
| 02 | શરીઅતમાં ઝકાતના હુકમો અને તેના લાભાલાભ | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 10 |
| 05 | હદાઈકે બખ્શિશ | 12 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 15 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 19 |
| 08 | કાનૂને શરીઅત | 22 |
| 09 | મહબ્બતે રસૂલ ﷺનું મહત્વ, સબબો, | 24 |
| 10 | ગુનાહોનો ઈલાજ | 27 |
| 11 | અલ્લાહવાળાઓની વાતો | 30 |
| 12 | માબાપો આવાં હોય તો બાળક ઈમામ શાફઈ બને છે ! | 33 |
| 13 | ખ્વાજા ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ | 35 |
| 14 | કુર્આને અઝીમની તિલાવત તથા કિરાઅત.... | 37 |
| 15 | શબે કદ્રની ઈબાદતો | 41 |
| 16 | કેટલાક કુફ્ર ફેલાવનાર કુકર્મીઓની યાદી | 42 |
| 17 | વહાબી હરગિઝ સુન્ની નથી ! | 43 |
| 18 | બરકાતે ખ્વાજાની ટપાલ | 44 |


**તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ**

તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ
જો ફના ન હોગી ઐસી ઉસે જિંદગી મિલી હૈ

મુઝે ક્યા પળી કિસી સે કરૂં અર્ઝે મુદઆ મૈં
મેરી લૌ તો બસ ઉન્હીં કે દરે જૂદ સે લગી હૈ

દો જહાં ભર કે દાતા મુઝે ફેર દેંગે ખાલી
મેરી તૌબા ઐ ખુદા ! યે મેરે નફ્સ કી બદી હૈ

મૈં મરું તો મેરે મૌલા યે મલાએકહ સે કેહ દે
કોઈ ઉસ કો મત જગાના અભી આંખ લગ ગઈ હૈ

મૈં ગુનાહગાર હૂં ઔર બળે મરતબોં કી ખ્વાહિશ
તૂ મગર કરીમ હૈ જો તેરી બંદા પરવરી હૈ

તેરી યાદ થપકી દેકર મુઝે અબ શહા સુલા દે
મુઝે જાગતે હૂએ યૂં બળી દેર હો ગઈ હૈ

તેરા દિલ શિકસ્તા **"અખ્તર"** ઈસી ઈન્તેઝાર મેં હૈ
કે અભી નવીદે વસલત તેરે દર સે આ રહી હૈ

*(અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی)*

## અતિ મહાન નેઅમત

# માહે રમઝાનુલ મુબારક

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી, મુંબઈ
અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ દયાદરવી

દુનિયાનો દરેક માણસ નેઅમતના મળવા પર ખુશ થાય છે. અને એના છીનવાઈ જવા પર ગમગીન થઈ જાય છે. અને આજ ફિતરતનો તકાઝો પણ છે. ઈન્સાન જો આપવામાં આવેલ નેઅમતો પર શુક્રિયા અદા કરે તો નેઅમત આપવાવાળો પણ ખુશ થાય છે અને એની નેઅમતોમાં વધારો કરી આપે છે, પરંતુ જ્યારે ઈન્સાન એ સમજવા લાગે કે આ નેઅમતો તેણે પોતાના કમાલ અને કળાથી હાંસલ કરી છે તો કુદરત તેનાથી નિગાહ ફેરવી લે છે, અને એ રીતે એક દિવસ એનાથી નેઅમતો છીનવી લેવામાં આવે છે. એ નેઅમત આપે છે તો કસૌટી પણ લે છે. કુર્આને મુકદસમાં અલ્લાહ તઆલાએ ઈમાનના વિશે ઈર્શાદ ફર્માવ્યો :–

اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْٓا اَنْ يَّقُوْلُوْٓا اٰمَنَّا وَهُمْ لَا يُفْتَنُوْنَ

"શું લોકો એ ઘમંડમાં છે કે આટલી વાત પર છોડી દેવામાં આવશે કે કહે અમે ઈમાન લાવ્યા અને એમની આજમાઈશ (કસૌટી) નહીં થાય ?! *(સૂ. અન્કબૂત, આ. ૨)*

ઈમાન અલ્લાહના તરફથી મળેલ ઘણી મોટી અતા છે, પરંતુ એની સાથે જ મોમિનનું ઈમ્તિહાન પણ લાઝિમ ઠરાવ્યું. એવી જ રીતે આંખ, કાન, દિલ, ઝુબાન આ બધી અલ્લાહની મહાન નેઅમતો છે. જેની પાસે આંખની રોશની નથી એને પૂછો તો એ બતાવશે કે કાશ ! આંખ હોત તો ગુંબદે ખઝરા જોતો ! ખાનએ કા'બા જોતો, દુનિયાના ખૂબસૂરત નઝારાઓને જોતો. એવી જ રીતે જે કાનથી સાંભળી નથી શકતો એ બતાવશે કે જો સાંભળવાની શક્તિ હોત તો એ પણ કુર્આન કરીમ સાંભળતો, નઅતે રસૂલ ﷺ સાંભળતો, અઝાન સાંભળતો. એવી જ રીતે દિલ પણ અલ્લાહની ઘણી મોટી નેઅમત છે. એના વિના ઈન્સાનની જિંદગીની કલ્પના પણ કરી ન શકાય. આ મહાન નેઅમતો અલ્લાહ તઆલાએ અતા કરી અને ખરેખર ઘણી જ અમૂલ્ય નેઅમતો છે. પરંતુ એની સાથે આ પણ ફર્માવી દીધું :

اِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْـُٔوْلًا

"બેશક ! કાન, આંખ, અને દિલ બધાથી સવાલ થવાના છે." *(સૂરએ ઈસ્રા, આ. ૩૬)*

એવી જ રીતે માલ અને ઔલાદ દરેક ઈન્સાનને મહબૂબ છે, અને એના મળવા પર ખુશીનો પાર નથી રહેતો. ઘણા બધા લોકો આની જ મહબ્બતના કારણે તબાહ અને બર્બાદ પણ થઈ જાય છે. માલ દૌલત મેળવવા માટે દરેકે દરેક મહેનત કરતો જોવા મળે છે. દરેક ગરીબ માલની અને દરેક બેઔલાદ ઓલાદની અહમિયતને સમજે છે, પરંતુ કુર્આન ઈર્શાદ ફર્માવે છે : وَاعْلَمُوْٓا اَنَّمَآ اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ

"અને જાણી લો કે તમારો માલ અને તમારી ઓલાદ સૌ ફિત્ના છે." *(સૂ. અન્ફાલ, આ. ૨૮)*

જાણવા મળ્યું કે દરેક નેઅમત તેની સાથે ઈમ્તિહાન લઈને આવે છે. અને એટલા માટે અલ્લાહ તઆલાએ કુર્આનમાં ઈર્શાદ ફર્માવ્યો : ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيْمِ "પછી બેશક ! જરૂર એ દિવસે નેઅમતોના વિશે પૂછતાછ થશે."

*(સૂ. તકાષુર, આ. ૮)*

આ જ કારણે ઔલિયાએ કામિલીન કનાઅત પસંદ (જે મળે તેમા રાજી) રહે છે. એમને જે પણ નેઅમત મળતી એનો જવાબ દેવાની તૈયારીમાં હમેશાં લાગેલા રહેતા, અને કુર્આન વ હદીષના બતાવેલ તરીકાના પ્રમાણે એ નેઅમતોની કદર કરતા. તેમણે અલ્લાહની નેઅમતોની વધુ પેજ 47 પર..

# શરીઅતમાં ઝકાતના હુકમો અને તેના લાભાલાભ

તંત્રી લેખ

વર્તમાન સમયમાં ઘણા મુસલમાનો એવા છે જેઓ હજારો લાખો બલ્કે કરોડોમાં કમાતા હોય છે પણ કમાય લીધા પછી એવું સમજે છે કે આ મારી મહેનત, મારી હોશિયારી, મારી બુધ્ધિ મારી કલા તથા આવડતનું ફળ છે ! એવું નથી વિચારતા કે આ અલ્લાહના ફઝ્લથી અમને નસીબ થયું છે. ઈલ્લા માશાઅલ્લાહ ! પછી જ્યારે એની ઝકાત વરસે એકવાર તે પણ 2.5 % કાઢવાનો હુકમ તેમની સમક્ષ આવે છે તો લાખોની ઝકાત કાઢવાની થતી જોઈને એને કાઢતાં તેમના જાણે પ્રાણ નીકળી જતા હોય તેમ ઉલઝનમાં પડી જાય છે ! આ ઈમાનની કમજોરી છે અને આ કમજોરી એવા માણસને જહન્નમના અઝાબનો હક્કદાર બનાવી દે છે.

## ઝકાતનો મુન્કિર કારૂન માલ સહિત જમીનમાં ધસી ગયો !

કારૂનને અલ્લાહના કલીમ ઉલુલ અઝ્મ નબી હઝરત મૂસા عليه السلامએ હુકમ આપ્યો કે તારા માલનો ચોથો ભાગ ઝકાત પેટે રાહે ખુદામાં કાઢ ! તો તેણે ગણત્રી કરી તો ઘણો બધો માલ તેના હાથથી સરી જતો તેને જણાયો, તો તેણે હઝરત મૂસા عليه السلام પર આક્ષેપ લગાડયો કે તમે તો અમારા માલ પર કબજો જમાવવા માગો છો. તો હઝરત મૂસા عليه السلامએ જમીનને હુકમ આપ્યો કે એને પકડી લે, તો જમીને પકડી લીધો અને ધીરે ધીરે તેને જમીનમાં ધસાવવામાં આવ્યો. જ્યારે ગળા સુધી ધસી ગયો છતાં તૌબા નસીબ ન થઈ બલ્કે કહેવા લાગ્યો કે મને ખત્મ કરીને તમો મારા માલ પર કબજો કરવા માગો છો ! તો મૂસા عليه السلام એ તેનો સઘળો માલ તેના માથા પર રાખી દીધો અને તે પોતાના માલ સહિત જમીનમાં ધસી ગયો. (સૂ. કસસ, આ. ૭૬થી છેવટ સુધી) એટલા જ માટે જેના માલથી કોઈને ફાયદો ન થતો હોય તેના માલને આપણી બોલીમાં કારૂનનો ખજાનો કહેવામાં આવે છે. અને હઝરત ઉષ્માન ગની رضي الله عنهના માલથી તેમણે ખૂબ જ સખાવત કરીને મુસલમાનોને ખૂબ જ ફાયદો પહોંચાડેલો જેથી લોકો દુઆ કરે છે કે હે અલ્લાહ ! અમને ઉષ્માન ગનીનો ખજાનો અતા કર ! એટલે કે સખાવતની તૌફીક઼ સાથે માલ અતા કરે.

હવે તે માલદારો જેમની પાસે અબજોની પ્રોપર્ટી છે અથવા તો થોડી છે પણ સાહિબે નિસાબ છે તેઓ સૌ વિચારે કે હઝરત મૂસા عليه السلامની ઉમ્મતમાં તો કુલ મિલ્કતના ચોથા ભાગની ઝકાત કાઢવાની હતી ! જ્યારે રહ્મતુલ લિલ્ આલમીન صلى الله عليه وسلمની ઉમ્મતને તો કુલ રોકડ, સોના, ચાંદી, વેપારના માલ વગેરેમાંથી ફક્ત ૪૦મો ભાગ એટલે સોએ ફક્ત અઢી રૂપિયા જેટલી જ ઝકાત કાઢવાની છે, છતાં તેના માટે મનમાં કાંઈક વસવસા લાવે અને ખુશી ખુશી ન કાઢે, કમને કાઢે અથવા કાઢી ન કાઢી કરી નાખે તો એ કારૂનના ચીલે ચાલેલો ગણાશે કે નહીં ?! (અલ્લાહની પનાહ !)

## ઝકાત વિશે કુર્આનની આદેશો તથા બશારતો

કુર્આને પાકમાં રબ તઆલાના ફર્માનોને જે મુસલમાન દિલથી ઈમાની નજરે વાંચશે તો જો ગરીબ હશે

તો પણ તેના દિલમાં ખ્વાહિશ થશે કે કાશ ! કે હું સાહિબે નિસાબ હોત, માલદાર હોત તો રાહે ખુદામાં ઝકાત કાઢીને આ બશારતો ખુશ ખબરીઓનો હક્કદાર બનત ! અને જેઓ માલદાર છે તેઓમાં દિલી સુરૂર (ખુશી) તથા સુકૂન પેદા થશે કે અલ્લાહે આ બશારતો પામવાનો અમને કેટલો સારો અવસર પૂરો પાડયો છે.

રબ તઆલાનું ફર્માન છે : وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ "અને મુત્તક઼ી (રબથી ડરનારા) તેઓ છે કે જે અમોએ તેમને આપ્યું છે તેમાંથી અમારા રસ્તામાં ખર્ચ કરે છે." *(સૂરત–૨, સૂ. બક઼રહ, આ. ૩)*

આ આયત પર મનન કરશો તો દિલમાં એક વાત બેસી જશે કે **આપણને જે કાંઈ મળ્યું એ આપણી હોશિયારી કે કલા કારીગરીનો જ કમાલ નથી પણ અલ્લાહના ફઝ્લો કરમનો કમાલ છે કે રબ તઆલાએ જ આપણને માલ દૌલત આપી.** હવે એમાંથી જ થોડુક (2.5 %) એના જ માર્ગમાં આપણે આપીશું તો આપણી ગણના શામાં રબ કરશે ? મુત્તકીઓમાં ! નેક લોકોમાં, તેનાથી ડરનારાઓમાં. (સુબ્હાનલ્લાહ !) અને મુત્તક઼ીઓ માટે રબ ફર્માવે છે : اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ "બેશક ! અલ્લાહ મુત્તક઼ીઓ (તેનાથી ડરનારાઓ) સાથે છે. *(સૂ. બક઼રહ, આ. ૧૯૪)*

فَاِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ "બેશક ! અલ્લાહ મુત્તક઼ીઓ સાથે મહોબ્બત ફર્માવે છે." *(સૂ.૩, આલે ઈમરાન, આ. ૭૬)*

આવી તો અનેક ખુશ ખબરીઓ ખુદાથી ડરનારાઓ, મુત્તક઼ીઓ માટે રબ તઆલાએ કુર્આનમાં જાહેર કરેલ છે. તો હવે વિચારો કે જેની સાથે અલ્લાહ હોય, અલ્લાહ જે બંદાથી મહોબ્બત કરે, તેને કઈ વાતનો ડર કે રંજ રહી શકે છે ?! આજે કોઈ પ્રધાનમંત્રી કે કોઈ રાજકારણી કે કોઈ માલેતુજાર સાથે કોઈને મિત્રતા હોય તો ફુલ્યો નથી સમાતો ! પોતે જ મિનિસ્ટર જેમ રૂઆબ છાંટતો ઠેરઠેર ફરે છે. પણ આ મતલબ પરસ્ત રાજકારણીઓ, માલદારો અણીના વખતે દગો દઈ શકે છે, પણ અલ્લાહનો વાયદો કદી જૂઠો નથી હોય શકતો. તો હવે તમારી બુધ્ધિથી વિચારો અને અલ્લાહનો સાથ અને અલ્લાહની ચાહતનું મૂલ્ય સમજતા હોઉ તો રાહે હક્ક઼માં માલ લૂટાવતા ચાલો.

## ઝકાત સદક઼ા આપવાના લાભો

રબ ફર્માવે છે : خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا "હે મહબૂબ ! એમના માલોમાંથી ઝકાત વસૂલ કરો, જેનાથી તમો **એમને સુથરા તથા પાકીઝા કરી દો,** અને **એમના હક્ક઼માં દુઆએ ખૈર કરો.** બેશક ! **તમારી દુઆ એમના દિલોનું ચૈન છે.** અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે." *(સૂરત–૯, તૌબા–૧૦૩)*

ઝકાત આપનારાઓ માટે આ આયતોમાં કેટલી ખુશખબરીઓ છે કે ઝકાત આપવાથી મુસલમાન (ગુનાહોથી) સુથરો તથા પાકીઝા થઈ જશે અને રસૂલુલ્લાહ ﷺ તેના હક્ક઼માં દુઆએ ખૈર કરે છે, અને રબ ફર્માવે છે કે (હે મહબૂબ !) તમારી દુઆ એમના દિલોનું ચૈન છે ! તો ઉમ્મતી ઝકાત આપશે તો આપણુ ઈમાન છે કે આજે પણ હયાતુન્નબી ﷺ એને જોઈ રહ્યા છે અને આજે પણ દુઆ આપશે. તો જેઓ પોતે ગુનાહોથી સાફ સુથરાઈ પાકીઝગી ચાહતા હોય અને રસૂલે પાક ﷺની દુઆમાંથી હિસ્સો ચાહતા હોય

અને દિલોમાં ચૈન ઈચ્છતા હોય તેમણે જોઈએ કે ખુશ દિલે અને સંપૂર્ણ મસાઈલ જાણીને પૂરે પૂરી ઝકાત કાઢે અને આડેધડ ન વહેંચી દે બલ્કે હક્કદારોને પહોંચે અને સહીહ રીતે ઝકાત અદા થાય એ રીતે વહેંચે.

## ઝકાત આપવાથી માલ ઘટતો નથી વધે છે !

એક આયતમાં છે : وَالَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ ﴿٤﴾ "અને ભલાઈ તેઓ પામે છે જેઓ ઝકાત અદા કરે છે." *(સૂ. ૨૩, મુમિનૂન, આ-૪)* તેમજ રબ ફર્માવે છે : وَمَآ اَنْفَقْتُمْ مِّنْ شَيْءٍ فَهُوَ يُخْلِفُهٗ ۚ وَهُوَ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿٣٩﴾ " અને જે કાંઈ તમે ખર્ચ કરશો અલ્લાહ તઆલા તેના સ્થાને બીજુ આપશે, અને તે ઉત્તમ રોજી આપનાર છે."

રબનો વાયદો હક્ક છે અને મુસલમાનનું એના પર ઈમાન છે. તો પછી ઝકાત આપનારાઓ ખુશ થઈ જાવ કે અલ્લાહ તરફથી તેઓ યક઼ીનન ! **ભલાઈ પામશે** અને જે ખર્ચ કર્યુ તેનાથી તેમના માલોમાં ઘટાડો થશે નહીં ! માલ ઘટી ગયો એવું ન વિચારે ! બલ્કે રબ ફર્માવે છે કે **એના સ્થાને બીજુ આપશે** અને તે **ઉત્તમ રોજી આપનાર છે.** સુબ્હાનલ્લાહ !

હવે એ પણ જાણી લો કે અલ્લાહ ઝકાત સદક઼ાના સ્થાને બીજુ આપી દેશે, પણ એ જવ્વાદ રબ કેટલુ આપશે તે પણ જાણી લો. રબ ફર્માવે છે :-

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿٢٦١﴾

"જે લોકો અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તેમની કહેવત તે દાણાની જેમ છે જેનાથી સાત ડુંડાં નીકળે. દરેક ડુંડામાં સો દાણા, અને અલ્લાહ જેને ચાહે અધિક આપે છે. *(સૂ. ૨, બક઼રહ, આ-૨૬૧)*

હે ઈમાનવાળાઓ ! હે અલ્લાહને ખાલિક઼ માલિક માનનારાઓ ! ખુદા ખુદ દૃષ્ટાંતો પરથી સમજાવે છે કે એક દાણો આપ્યો તો તેનો વિકાસ કેવી રીતે થાય છે, એક દાણાનાં સાત ડુંડા થાય દરેકમાં સો સો દાણા ! એટલે કે જેટલો ખુલૂસ હશે એટલુ વધારે મળશે, અને જેને ચાહશે અલ્લાહ એથીય અધિક આપશે. સુબ્હાનલ્લાહ ! ખુદાની રાહમાં માલ આપવાથી ઘટતો નથી બલ્કે અનેક ગણો વધી જાય છે. જેથી અતિ ખુલૂસ સાથે રબને રાજી કરવાની નિય્યતે ઝકાત સદક઼ા અદા કરવું જોઈએ.

આ અને આ સિવાય અનેક બશારતો રાહે હક્ક઼માં રબને રાજી કરવાની નિય્યતે ઝકાત સદક઼ા વગેરે આપવામાં મો'મિનોને સંભળાવવામાં આવેલ છે.

## સોના ચાંદીને ભેગુ કરનારાઓ વિચારે !

આજકાલ પોતાને મુસલમાન કહેનારા ઘણા એવા મળશે જેઓ માલ મિલ્કતો તો ભેગી કરવામાં પડેલા છે, વેપારમાં ખાવા, પીવા તથા ઘરવાળાંઓને કે સગાઓને "કેમ છો !" કહેવાની ફુરસદ નથી ઘરાવતા ! ખૂબ જ માલ કમાય રહ્યા છે, પણ ઝકાત કાઢવામાં સુસ્તી વર્તે છે અથવા કાઢી ન કાઢી કરી વિના હિસાબે થોડુ ગણુ

આપી દીએ છે. તેમજ **બહેનોમાં પણ સોના ચાંદીના ઘરેણા દિવસે દિવસે ખરીદતા જવાનો શોખ રહેલો છે** પણ વરસે **એ સોના, ચાંદી, રૂપિયાનો હિસાબ કરી ઝકાત કાઢવામાં કચાશ જોવા મળે છે.** જેથી જો તેઓ અલ્લાહ પર ઈમાન ધરાવે છે તો ઝકાત ન આપવાનાં નુકસાનો તથા અઝાબોનો પણ અભ્યાસ કરી લે અને અલ્લાહથી ડરે અને તૌબા કરે અને ગણત્રી કરીને પાછલાં જેટલાં વરસોની ઝકાત રહી ગઈ હોય તેને પાકી ગણત્રી કરી તેની ઝકાત કાઢે અને તે પણ ઝકાત અદા થાય એવા હાથોમાં પહોંચાડે. સાંભળો ! રબ ફર્માવે છે :–

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَ خَيْرًا لَّهُمْ ؕ بَلْ هُوَ شَرٌّ لَّهُمْ ؕ سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَلِلّٰهِ مِيْرَاثُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ۝

''જે લોકો કંજૂસાઈ કરે છે (ઝકાત નથી કાઢતા બરાબર) તેની સાથે જે અલ્લાહે પોતાના ફઝ્લથી તેમને આપ્યું, તેઓ એવું ગુમાન ન કરે કે આ તેમના માટે ઉત્તમ છે, બલ્કે આ તેમના માટે ખરાબ છે. તે વસ્તુ (માલ)નો કયામતના દિવસે તેમના ગળામાં તોક (ફંદો) નાખવામાં આવશે જેની સાથે કંજૂસાઈ કરી.''

*(સૂ. ૩, આલે ઈમરાન, આ. ૧૮૦)*

બીજી આયતમાં છે : وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۝ ''જે લોકો **સોનુ ચાંદી ભેગુ કરે છે** અને તેને **અલ્લાહની રાહમાં ખર્ચ કરતા નથી** તેમને **દર્દનાક અઝાબ**ની ખુશ ખબરી સંભળાવી દો ! જે દિવસે **જહન્નમની આગમાં તેમને તપાવવામાં આવશે** અને તેનાથી તેમના કપાળ તથા પાસાંઓ અને પીઠોને **ડામવામાં આવશે** (અને તેમને કહેવામાં આવશે) આ એ જ છે જે તમોએ પોતાના નફ્સ માટે ભેગુ કર્યું હતું ! તો હવે (તેનો સ્વાદ) ચાખો જેને ભેગુ કરતા હતા. *(સૂ. ૯, સૂ. તૌબા, આ. ૩૪)*

આ અલ્લાહનાં ફર્માનો છે, જો તમો ઈમાનવાળા છો તો હે મારા મુસલમાન ભાઈઓ ! બહેનો ! એને વારંવાર વાંચો અને તમારી ભલાઈ શામાં છે તે બુધ્ધિથી ઠંડકથી વિચારોને યોગ્ય અમલ કરો એવી આજીજી ભરી વિનંતિ છે.

## ઝકાત ન આપનારાને રસૂલુલ્લાહ ﷺની ચેતવણી !

હે રસૂલે પાક ﷺને પોતાની જાનથી અધિક પ્રિય હોવાના દાવેદાર મો'મિન ભાઈઓ ! બહેનો ! આવો ! અલ્લાહના પ્યારા નબી ﷺ જેમની દરેક વાત વહીએ ખુદા જ હોય છે. તે પ્યારા ગયબદાં નબી, જે આપણી શફાઅત ફર્માનાર છે તેમના તરફથી પણ ઝકાત અદા ન કરનાર માટે શું ફર્માન છે ?! સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :

''જેને અલ્લાહ માલ આપે અને તે તેની ઝકાત અદા ન કરે તો **કયામતના દિવસે તે માલને ગંજા (ટાલીયા) સાપના સ્વરૂપમાં ફેરવી દેવામાં આવશે** જેના માથા પર બે દાગ હશે. **તે સાપ તેના ગળામાં હાર બનાવીને નાખી દેવામાં આવશે.** પછી તેનાં ગલફોળાં પકડશે અને કહેશે, હું તારો માલ છું, તારો ખજાનો છું ! *(બુખારી શરીફ, બહવાલા બહારે શરીઅત)*

એક હદીષમાં છે કે : ''જે માલની ઝકાત આપવામાં આવી નથી તે કયામતના દિવસે **ગંજો સાપ** બનશે અને **માલિકને દોડાવશે** તે દોડશે ત્યાં સુધી કે (છેવટે) પોતાની આંગળીઓ તેના મોઢામાં નાખી દેશે. *(હવાલો ઉપર ઉજબ)*

ક્યાં સુધી વર્ણન કરવામાં આવે ?! એક ઈમાનવાળા માટે આટલી વાતો પૂરતી છે કે તે માલ કમાવાને તથા સોનું ચાંદી ભેગુ કરવાને, રૂપિયાની રેલમ છેલમાં જીવવાને ખેલ ન સમજે બલ્કે અલ્લાહનો આજિઝ બંદો, આજ્ઞાંકિત બંદો બનીને, રસૂલુલ્લાહ ﷺનો સાચો ગુલામ બનીને ઝકાત અદા કરે. અને એને **અદા કરવા માટે ઝકાતના મસાઈલનો અભ્યાસ પણ કરે** કે કેવી રીતે કેટલી ઝકાત કાઢવી અને કોને કોને આપવી વગેરે જાણે. **વહાબી દેવબંદી વગેરે બાતિલ ફિર્કાઓને હરગિઝ ઝકાત ન આપે, નહીં તો ઝકાત અદા થશે નહીં, બલ્કે પોતે ગુનેહગાર પણ થશે.**

ઝકાતના, રમઝાનના, એતેકાફના મસાઈલ વિગતવાર જાણવા માટે અમારા સરનામે પત્ર વહેવાર કરીને **''માહે રમઝાન કૈસે ગુઝારેં ?''** તથા **''બરકાતે રમઝાન વ મસાઈલે ઝકાત''** તથા **''ઝકાતના અર્વાચીન મસાઈલ''** તથા **''એતેકાફના મસાઈલ''** વગેરે કિતાબો મફતમાં મંગાવો, વાંચો વંચાવો, અને અલ્લાહ વ રસૂલની રઝામંદી હાંસલ કરો. મો. ૯૪૨૭૪૬૪૪૧૧ પર SMS કરીને પણ આ કિતાબો ફ્રીમાં મંગાવી શકશો. તેમજ નેટ ઉપર આ લિંક (http://www.barkatekhwaja.net/islamic-books/Amliyat.php)થી પણ રમઝાનના મસાઈલ વિશે કિતાબો વાંચવા મળશે. અલ્લાહ આપણને સૌને અમલની તૌફીક આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

❂ ❂ ❂ ❂ ❂ ❂

## વડાવલી ગામે અસરગ્રસ્તોને સહાય

તા. ૨૫–૩–૨૦૧૭ના રોજ વડાવલી (તા. ચાણસ્મા, જિ. પાટણ) મુકામે કેટલાક અસામાજિક તત્વોએ હુમલો કરીને મુસલમાનોના કેટલાક ઘરો સળગાવી દીધાં, એક મુસલમાન શહીદ કરેલો, કેટલાક ઘાયલ થયેલા, કેટલાક ઘરોમાં તોડફોડ કરેલી તો ત્યાંના મઝલૂમ મુસલમાનોની સહાય અર્થે ''ઈસ્લામિક વેલ્ફેર મિશન તથા ન્યાઝ કમિટી (દયાદરા) તથા સુન્ની દા'વતે ઈસ્લામી ભરૂચ થકી ૧૦૦ કીટ અનાજ, દાળ, ચોખા, ખાંડ, તેલ વગેરેની તથા રોકડ સહાય તા. ૨૦–૪–૨૦૧૭ના જઈને પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) તથા હાફિઝ અ. રહીમ બરકાતી (ભોલાવ) તથા ઈબ્રાહીમભાઈ સૂતરેલવાળા તથા આકિબખાન બરકાતી પેટલાદવાળા, સુહેલ ઈસપ બેટી, ફૈઝુલ અફીણી દયાદરવી વગેરે થકી ઘરે ઘર ફરીને વહેંચવામાં આવી હતી. (મદદ ઉઘરાવવામાં દયાદરાના દાઉડ આડીયા, રફીક ટોલીવાળા, દિવાન નઝીર, ફીરોઝ અફીણી, શોએબ ભટા વગેરે ન્યાઝ કમિટીના સભ્યોએ પણ ખૂબ જ મહેનત કરી હતી.) તેમજ તા. ૮–૫–૨૦૧૭ના રોજ સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મૌલાના ઝહીર મિસ્બાહી, હાફિઝ અ. રહીમ બરકાતી, આકિબખાન બરકાતી પેટલાદી તથા મુફ્તી સાબિર રંગૂની વગેરેએ જઈને મગરિબ બાદ મસ્જિદમાં તેમજ ઈશા બાદ મસ્જિદ બહાર જાહેરમાં સુન્ની ઈજતેમા કર્યો જેમાં ઈમાનનું મૂલ્ય સમજાવ્યું તથા મહબ્બતે રસૂલ ﷺ પર ઈમાન અફરોઝ બયાન કર્યું. ઈજતેમા ખૂબ જ કામયાબ રહ્યો. મોટી સંખ્યામાં ગામના યુવાનો, વડીલો, બહેનોએ હાજરી આપી હતી. *–તંત્રી*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الْاَرْضِ ؕ وَاِنْ تُبْدُوْا
مَا فِیْۤ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ یُحَاسِبْكُمْ بِهِ اللّٰهُ ؕ
فَیَغْفِرُ لِمَنْ یَّشَآءُ وَ یُعَذِّبُ مَنْ یَّشَآءُ ؕ وَ اللّٰهُ
عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۲۸۴﴾ اٰمَنَ الرَّسُوْلُ بِمَاۤ اُنْزِلَ
اِلَیْهِ مِنْ رَّبِّهٖ وَ الْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ بِاللّٰهِ
وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَ رُسُلِهٖ ۫ لَا نُفَرِّقُ بَیْنَ اَحَدٍ
مِّنْ رُّسُلِهٖ ۫ وَقَالُوْا سَمِعْنَا وَ اَطَعْنَا ٘ غُفْرَانَكَ
رَبَّنَا وَ اِلَیْكَ الْمَصِیْرُ ﴿۲۸۵﴾ لَا یُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا
وُسْعَهَا ؕ لَهَا مَا كَسَبَتْ وَ عَلَیْهَا مَا اكْتَسَبَتْ ؕ
رَبَّنَا لَا تُؤَاخِذْنَاۤ اِنْ نَّسِیْنَاۤ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا
وَلَا تَحْمِلْ عَلَیْنَاۤ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَی الَّذِیْنَ مِنْ
قَبْلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ
وَاعْفُ عَنَّا ۥ وَاغْفِرْ لَنَا ۥ وَارْحَمْنَا ۥ اَنْتَ مَوْلٰىنَا
فَانْصُرْنَا عَلَی الْقَوْمِ الْكٰفِرِیْنَ ﴿۲۸۶﴾

## સૂરએ બક઼રહની તફસીર

અલ્લાહનું જ છે જે કાંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (તે), અને જે તમે જાહેર કરો જે કાંઈ[૧૦૪] તમારા અંતર (જીવ)માં છે અથવા છુપાવો. અલ્લાહ તમારાથી તેનો હિસાબ લેશે[૧૦૫] તો જેને ઈચ્છશે તેને બખ્શી દેશે[૧૦૬] અને જેને ઈચ્છશે તેને સજા આપશે[૧૦૭] અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે (૨૮૪) રસૂલ અને ઈમાનવાળા જે કાંઈ રસૂલ પર તેના પરવરદિગાર તરફથી ઉતર્યું તેના પર ઈમાન લાવ્યા. બધાંએ માન્યુ[૧૦૮] અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેની કિતાબો અને તેના રસૂલોને[૧૦૯] એ કહેતાં કહેતાં કે અમે તેના કોઈ રસૂલ પર ઈમાન લાવવામાં તફાવત નથી કરતા[૧૧૦] અને વિનંતી કરી, અમે સાંભળ્યું અને માન્યુ[૧૧૧] અય અમારા પરવરદિગાર ! તારી માફી (અમારા માટે) હજો. અને તારા તરફ જ પલટવાનું છે (૨૮૫) અલ્લાહ કોઈ પ્રાણ પર ભાર નથી મૂકતો પણ તેની શક્તિ મુજબ, તેનો ફાયદો છે જે સારૂં (સદ્‌કર્મો) કમાયો, અને જે બુરાઈ કમાયો તો તેનું જ નુકસાન છે[૧૧૨] અય અમારા પાલનહાર ! જો અમે ભૂલી જઈએ અથવા ચૂકીએ તો અમને પકડીશ નહીં[૧૧૩] અય અમારા પરવદિગાર ! અને અમારા પર ભારે

બીજો ન મૂક જેમ કે તેં અમારા આગલાઓ પર મૂક્યો હતો, અને અય અમારા રબ ! અમારા પર એવો બોજ ન મૂક જેની અમને શક્તિ ન હોય, અને અમને માફ કરી દે, અને બખ્શી દે, અને અમારા પર મહેરબાની કર, તું અમારો માલિક છે, તો કાફિરો પર અમને મદદ આપ (૨૮૬)

**સમજૂતી :** **૧૦૪.** બુરાઈ.

**૧૦૫.** ઈન્સાનના દિલમાં બે પ્રકારના વિચારો આવે છે. એક તો વસવસો કે દિલને એનાથી ખાલી રાખવું એ આદમીની શક્તિના બહારની વાત છે, પરંતુ તે એને ખરાબ તો જાણે જ છે અને તેના પર અમલ કરવાનો ઈરાદો ધરાવતો નથી, એને "હદીષે નફસ" અથવા વસવસો કહે છે, એના પર પકડ થવાની નથી. બુખારી અને મુસ્લિમની હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતના દિલોમાં જે વસવસાઓ થાય છે, અલ્લાહપાક એનાથી દરગુઝર ફર્માવે છે, જ્યાં સુધી કે તેઓ તેને અમલમાં ન મૂકે, અથવા તે મુજબ મોઢાથી ન બોલે, આવા વસવસા આ આયતમાં દાખલ થતા નથી.

બીજા તે વિચારો જેને ઈન્સાન પોતાના હૃદયમાં સ્થાન આપે છે, અને તેને અમલમાં મૂકવાનો ઈરાદો અને નિર્ધાર કરે છે, આવા વિચારોની પકડ થશે અને આ આયતમાં એવા વિચારો વિશે જ ફર્માન થયું છે.

**મસ્અલો : કુફ્ર કરવાના નિર્ધારથી કાફિર થઈ જવાય છે,** અને જો ગુનાહોનો નિર્ધાર કરીને માનવી તેના પર અટલ રહે પરંતુ તે ગુનાહિત ઈરાદાને અમલમાં મૂકવા માટે તેને અવસર પ્રાપ્ત ન થાય અને લાચારીથી તે તેને કરી ન શકે, તે બધા ઉલમાનુસાર તેની પકડ કરવામાં આવશે. શૈખ અબૂ મન્સૂર માતુરીદી અને શમ્સુલ અઈમ્મા હલવાઈનું પણ એ જ મંતવ્ય છે, અને તેઓ اِنَّ الَّذِيْنَ يُحِبُّوْنَ اَنْ تَشِيْعَ الْفَاحِشَةُ "તે લોકો જેઓ ચાહે છે કે મુસલમાનોમાં બુરી ચર્ચા ફેલાઈ તેમના માટે દર્દનાક અઝાબ છે." *(સૂરએ નૂર, આ. ૧૯)* વાળી આયત તથા હઝરત આઈશાવાળી હદીષ કે જેમાં ફર્માવ્યું છે કે બન્દો જે ગુનાહોનો નિર્ધાર કરે ભલે પછી તેના પર અમલ ન કરે તો પણ તેના પર પકડ થશે, થી દલીલ કરે છે.

**મસ્અલો :** બન્દાએ કોઈ ગુનાહનો ઈરાદો કર્યો, પછી પસ્તાયો અને અલ્લાહ પાસે માફી માંગી તો અલ્લાહ તઆલા તેને માફ કરી દેશે.

**૧૦૬.** પોતાના ફઝલથી ઈમાનવાળાઓને.

**૧૦૭.** પોતાના ન્યાયથી.

**૧૦૮.** ઝુજાજે કહ્યું કે જયારે અલ્લાહ તઆલાએ આ સૂરહમાં નમાઝ, ઝકાત, રોઝા, હજના ફર્ઝ હોવાનું તેમજ તલાક્, ઈલા, હૈઝ, જિહાદ વિગેરેના હુકમોનું તેમજ અમ્બિયાના બનાવોનું બયાન ફર્માવ્યું ત્યારે હવે સૂરહના અંતમાં ફર્માવ્યું કે હુઝૂર ﷺ અને મા'મિનો આ તમામ બાબતો પર ઈમાન લાવ્યા. અને કુર્આન અને એના તમામ આદેશો અને હુકમો અલ્લાહ તરફથી ઉતરેલા છે એ વાતની સત્યતાને સ્વીકારી.

**૧૦૯.** ઈમાનના આધાર સ્તંભ અને એને લગતી અનિવાર્ય બાબતોના આ ચાર મર્તબા છે : (૧) અલ્લાહ પર એ રીતે ઈમાન લાવવું કે અલ્લાહ એક છે, તેનો કોઈ ભાગીદાર નથી. તેના જેવો બીજો કોઈ નથી, તેમજ તેનાં તમામ નામો અને ગુણો પર ઈમાન લાવે, અને માને તેમજ શ્રદ્ધા રાખે કે તે ખૂબ ઈલ્મવાળો અને દરકે વસ્તુ વધુ પેજ 14 પર..

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

**હદીષ** :*એમનાથી (હઝરત અબૂ હુરૈરહ) જ રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બતાવો કે તમારામાંથી કોઈના દરવાજા પર નહેર હોય અને તે એમાં દરરોજ પાંચ વખત નહાય, તો શું મેલ રહેશે ? લોકોએ અર્ઝ કરી કે તદ્દન મેલ રહેશે નહીં. ફર્માવ્યું કે આ પાંચ નમાઝોનું દૃષ્ટાંત છે કે અલ્લાહ એની બરકતથી ગુનાહ મિટાવે છે[૧]. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે એક પુરૂષે કોઈ સ્ત્રીનો બોસો લીધો[૨] પછી નબી કરીમ ﷺની ખિદમતમાં આવ્યા અને આપને એ ખબર આપી[૩]. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી કે, "દિવસના છેડાઓ અને રાતની ઘડીઓમાં નમાઝ કાયમ કરો[૪]. નેકીઓ ગુનાહોને દૂર કરી આપે છે." તેણે કહ્યું, યા રસૂલલ્લાહ ! શું આ કેવળ મારા માટે છે ? ફર્માવ્યું, મારી બધી જ ઉમ્મતના માટે. અને એક રિવાયતમાં છે કે મારી ઉમ્મતમાંથી જે આવો અમલ કરે[૫]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ હાજર થયો અને બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ હું હદે પહોંચી ગયો[૬] (શિક્ષાને પાત્ર થઈ ગયો !) તે મારા પર લાગુ કરી આપો. ફર્માવે છે કે તેને હુઝૂરે કાંઈ પૂછયું નહીં[૭]. નમાઝનો સમય થયો તો તેણે હુઝૂર ﷺની સાથે નમાઝ પઢી[૮]. જ્યારે નબી ﷺએ નમાઝ પૂરી કરી લીધી તો તે ઉભો થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં હદ પામી, મારા પર અલ્લાહની કિતાબ લાગુ કરી આપો ![૯] ફર્માવ્યું, શું તેં અમારી સાથે નમાઝ પઢી ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, અલ્લાહે તારા ગુનાહ અથવા તારી હદ (શિક્ષા) બખ્શી આપી[૧૦]. (મુસ્લિમ, બુખારી)*

**સમજૂતી** : **૧.** અહીં ખતાઓથી મુરાદ સગીરા ગુનાહો છે. કબીરા ગુનાહો તથા હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો) એનાથી અલગ છે કે તે નમાઝથી માફ નથી થતા, જેમ કે પહેલાં વર્ણન થઈ ચૂક્યું. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ પંજગાના નમાઝને નહેર સાથે સરખાવેલ છે, ન કે કૂવા સાથે, તે બે કારણે છે : એક એ કે કૂવામાં જો દાખલ થવામાં આવે તો મોટાભાગે તેનુ પાણી નહાવા લાયક નથી રહેતુ, કેમ કે એ પાણી વહેતુ નથી અને નહેરનુ પાણી વહેતુ છે, દરેકને દરેક રીતે પાક કરી આપે છે. એ જ પ્રમાણે નમાઝ દરેક રીતે પાક કરી આપે છે ભલે ગમે તેવો ગંદો (નાપાક) હોય. બીજુ એ કે કૂવાનું પાણી કોશિશ વડે હાંસલ થાય છે, રસ્સી તથા ડોલની જરૂરત પડે છે, કમજોર માણસ પાણી ખેંચી શકતો નથી, પણ નહેરનું પાણી વિના કોશિશે હાંસલ થાય છે. એ જ પ્રમાણે નમાઝ બેતકલ્લુફ (આપોઆપ) અદા થઈ જાય છે, એમાં કાંઈ કરવું નથી પડતુ. અને જ્યારે દરવાજા પર નહેર હોય તો ગુસ્લના માટે દૂર પણ જવુ નથી પડતું. યાદ રાખશો કે ગુનાહ દિલનો મેલ છે અને નમાઝ દિલના મેલ માટે પાણી છે.

**૨.** એ મર્દનું નામ અબૂસ્સૈદ છે. ખજૂરોની દુકાન કરતા હતા. એક સ્ત્રી ખરીદવા માટે આવી તો એમનું દિલ તેણીની તરફ આકર્ષાય ગયું. બોલ્યા, સારી ખજૂરો ઘરમાં છે. એ બહાને અંદર લઈ જઈને બોસો લઈ લીધો. તેણી બોલી, અલ્લાહના બંદા ! ખુદાથી ડર ! એ સખત શર્મિંદા થયા. આ પરથી સાબિત થયું કે અજનબી સ્ત્રી સાથે એકાંત ખૂબ જ ખતરનાક છે. *(અશિઅહ, મિર્કાત)*

**૩.** સહાબાએ કિરામ ખતાઓ માફ કરાવવાના માટે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થતા હતા, આ આયત પર અમલ કરતાં કે وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ *(સૂ. નિસાઅ્, આ. ૬૪)* એ આજે પણ આપણે ગુનેહગારોએ માફીના માટે એ આસ્તાના પર હાજરી જરૂરી છે. એ ખયાલ ન કરો કે એઓ કેવળ મદીનામાં રહે છે, બલ્કે મો'મિનોના સીનાઓ એમની રહમતના કાશાના છે.

**૪.** મિર્કાતે ફર્માવ્યું કે હુઝૂર ﷺએ સાંભળીને ફર્માવ્યું કે હું મારા રબના હુકમની રાહ જોઈ રહ્યો છું. અસ્ર પછી આ આયત નાઝિલ થઈ. યાદ રાખશો કે ફજર તથા ઝોહરની નમાઝ દિવસના એક કિનારાની નમાઝો છે અને અસ્ર તથા મગરિબ બીજા કિનારાની નમાઝો છે, અને ઈશા રાતની. જેથી આ આયત પાંચેવ નમાઝોને સમાવે છે.

زُلَفْ એ زُلْفَتْથી બનેલ છે. નજીકના અર્થમાં. એટલે કે રાતનો તે ભાગ જે દિવસથી નજીક છે. રબ તઆલા ફર્માવે છે : وَاِذَا الْجَنَّةُ اُزْلِفَتْ "અને જ્યારે જન્નત પાસે લાવવામાં આવશે." *(સૂ. તકવીર, આ. ૧૩)*

**૫.** એટલે કે આ આયત જો કે તારા બારામાં ઉતરી પણ એનો હુકમ આમ (સર્વ માટે) છે. કોઈ મુસલમાન કોઈ સગીરા ગુનોહ કરે તેની નમાઝો વગેરે માફીનો ઝરીયો છે. એનાથી જાણવા મળ્યું કે અજનબી (પર સ્ત્રી) સાથે ચુંબન વગેરે સગીરા ગુનોહ છે. હા ! આ ગુનોહ વારંવાર કરવાથી એ કબીરા બની જશે. કેમ કે સગીરા વારંવાર કરવું કબીરા છે, અને એવું જાણીને કરવું કે ચુંબન વગેરે નમાઝથી માફ કરાવી લઈશુ એ કુફ્ર છે ! કે એ અલ્લાહથી ન ડરવું લાઝિમ આવે છે. આ હદીષ એટલા માટે છે કે આકસ્મિક રીતે એવું કરી બેસે, પછી શર્મિંદો થઈને તૌબા કરે. જેથી આ હદીષ પર વાંધો નથી કે એમાં એ હરકતોની રજા આપી દેવામાં આવી. અહીં مِنْ اُمَّتِیْ ફર્માવવાથી જાણવા મળ્યું કે આ આસાનીઓ કેવળ આ ઉમ્મતના માટે છે, નહીં તો આગલી ઉમ્મતની માફી ઘણી જ મુશ્કેલીથી થતી હતી.

**૬.** એટલે કે મેં એવો ગુનોહ કરી લીધો જે શરીઅતની રૂએ શિક્ષાને પાત્ર છે. "હદ" નિશ્ચિત સજાને કહે છે. જેમ કે વ્યભિચારીના માટે સંગસારી અને ચોરના હાથ કાપવું છે. "તઅઝીર" તે સજા છે જે શરીઅતની રૂએ નિશ્ચિત ન હોય, કાઝી પોતાની રાયથી નિશ્ચિત કરે. એ બુઝુર્ગોએ કોઈ મામૂલી ગુનોહ કર્યો હતો, પણ તેઓ સમજ્યા કે કદાચ આમાં પણ શરઈ સજા હશે. અથવા "હદ" એ શાબ્દિક અર્થમાં છે, એટલે કે મુત્લકન (કોઈ પણ પ્રકારની) સજા.

**૭.** કેમ કે હુઝૂરે અન્વર ﷺને કશ્ફથી જાણ હતી કે તેમણે મામૂલી જુર્મ કર્યો હતો અને પૂછવાથી તેમની બેઈજ્જતી થશે. આ છે શાને સત્તારી ! *(અઝ : મિર્કાત)*

**૮.** કેવળ એક નમાઝ એ અસ્રની નમાઝ હતી, જેવું કે મિર્કાત વગેરેમાં છે.

**૯.** "હદ" (સજા)ને પાત્ર હોય કે ન હોય જે પણ અલ્લાહનું ફર્માન હોય હદ અથવા કફ્ફારો અથવા કોઈ અન્ય ચીજ. એટલા માટે અહીં કિતાબુલ્લાહ ફર્માવ્યું. **આ સહાબાએ કિરામની ઈમાની કુવ્વત છે કે અન્ય મુજરિમો પોતાનો જુર્મ છુપાવીને પોતાની જાન બચાવવાની કોશિશ કરે છે, પણ આ હઝરાત પોતાના** વધુ પેજ 23 પર..

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

### આંખેં રો રો કે સુજાનેવાલે – જાનેવાલે નહીં અનેવાલે

**અર્થાત :** હે કોઈના વિખૂટા થવાના ગમમાં રડી રડીને પોતાની આંખોને ખરાબ કરનાર ! જે ચાલ્યો ગયો તે તો પાછો આવશે નહીં, બલ્કે આપણે જ એની પાછળ જઈશું. *આજ ઉસ્કી કલ હમારી બારી હૈ !*

### કોઈ દિનમેં સરા યહ ઉજળે – અરે ! ઓ છાવની છાનેવાલા

*(સરા = મુસાફિરખાના, ઉજળે = વિરાન થાય, છાવની = ફોજી કેમ્પ, છાને = ઝુપડી)*

**અર્થાત :** એક દિવસ આવવાનો છે કે મહોલ્લાઓ પણ વિરાન થઈ જશે અને મામૂલી ઝુપડાં પણ તબાહ થઈ જશે. આ દુનિયા તો થોડાક દિવસોની છે. આ મુસાફિરખાનામાં કાયમ માટે વસવાટનો ઈરાદો કરી લેવો મૂર્ખતા છે. હઝરત મૌલાના કાફી શહીદ رحمۃ اللہ علیہ જેમના બારામાં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ આ પ્રમાણે ફર્માવ્યું :–

*સદરે નઅત ગોયાં હૈ હઝરત કાફી – ઈન્શાઅલ્લાહ ! મૈં વઝીરે આ'ઝમ હોઉં*

એમના કેટલાક શેઅરો જોઈએ :–

*કોઈ ગુલ બાક઼ી રહેગા ન ચમન રહ જાએગા – પર રસૂલુલ્લાહ કા દીને હસન રહ જાએગા*

*અતલસ વ કિમ્ખાબ કે પોશાક પર નાઝાં ન હો – ઈસ તને બેજાન પર ખાલી કફન રહ જાએગા*

*હમ સફીરો કોઈ દમ કે ચહ ચહે હૈં બાગમેં – બુલબુલેં ઉળ જાએંગી સૂના ચમન રહ જાએગા*

### ઝબહ હોતા હૈ વતન સે બિછળે – દેસ ક્યૂં ગાતે હૈં ગાને

*(ઝબહ = ક઼ત્લ, બિછળે = વિખૂટા, દેસ = પોતાનું વતન)*

**અર્થાત :** જે બીચારા વતનથી વિખૂટા પડી ગયેલા છે, તેમનું દુનિયા છોડીને જવું જ શું ક઼યામતથી કમ છે ! ઉપરથી તેની મૈયત પર આ દુનિયાના દેશનાં ગીતો આલાપવામાં આવે, આ તો એમના ઝખ્મો પર નમક છીડકવા સમાન છે.

આ શેઅરનો એક મતલબ એ પણ શકે છે કે અમે અમારા મૂળ વતન (આલમે અરવાહ)થી વિખૂટા થઈને નાશવંત દુનિયામાં તો આવી જ ગયા છીએ, અને દરેક પળે નવી મુસીબત નવું દુઃખ વેઠી રહ્યા છીએ. પછી આલમે

બાલાનો ઉલ્લેખ વારંવાર કરીને અમારા અફસોસમાં કેમ વધારો કરવામાં આવે છે ?!

**અરે બદ્‌ફાલ બુરી હોતી હૈ – દેસ કા જંગલા સુનાનેવાલે**

*(બદ્‌ફાલ = બુરો સુકન, જંગલા = એક રાગનું નામ)*

**અર્થાત :** અરે ઓ ખુદાના બંદા ! આ દુનિયાને કાયમી રહેઠાણ સમજનાર ! બદ્ સુકન તો સારો નથી હોતો. થોડા દિવસની એશથી અહીં હમેશાં રહેવાની બદ્‌ગુમાની પેદા ન કર ! અને પોતે પોતાને આ દુનિયામાં મુસાફિર સમજ. જેમ કે હદીષ શરીફમાં છે : کن فی الدنیا کانک غریب او عابر سبیل "દુનિયામાં એવી રીતે રહે, જાણે કે તું મુસાફિર છે અથવા વટેમાર્ગુ છે."

*એક દિન મરના હૈ આખિર મૌત હૈ–કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

**સુન લે અઅ્દા મૈં બિગળનેકા નહીં – વો સલામત હૈં બનાનેવાલે**

**અર્થાત :** અને હા ! મારુ બુરુ ચાહનારા પણ સાંભળી લે કે ઈન્શાઅલ્લાહ ! મારો ખાત્મો બિલ ખૈર (ઈમાન પર) જ થશે, કેમ કે મારા આકા, મારા બિગડી બનાવનારા સલામત છે અને તે મારાથી બેખબર નથી. જે પણ ઈમાન પર ખાત્મો ચાહે છે તે ગુલામીએ રસૂલ ﷺનો પટ્ટો ગળામાં પરોવી લે, પછી ભલાઈ જ ભલાઈ છે.

*ઉન્કે જો ગુલામ હો ગએ – વો ખલ્ક કે ઈમામ હો ગએ*

*આપકા દિયા જો વાસ્તા – મેરે સારે કામ હો ગએ*

*મુક્‌તદી હૈં સારે અંબિયા – મુસ્તફા ઈમામ હો ગએ*

**આંખેં કુછ કહતી હૈં તુઝસે પયગામ – ઓ દરે યાર કે જાનેવાલે**

**અર્થાત :** હે દરબારે મહબૂબ તથા દરે હબીબ (મદીના શરીફ) જનાર ! જરા મારી આંખોની તરફ પણ જો કે તને કોઈ પયગામ આપી રહી છે અને આંસૂંઓની ભાષામાં તારા હાથે સરકારની બારગાહમાં હાજરીની દરખાસ્ત મોકલવા ચાહે છે, અને સલાતો સલામના તોહફા મોકલવાના માટે બેતાબ છે. જાણે કહે છે :–

*તયબહ કે જાનેવાલે જાકર ઝરા અદબસે – મેરા ભી કિસ્સએ ગમ કહના શહે અરબસે...*

**ફિર ન કરવટ લી મદીને કી તરફ – અરે ! ચલ ઝૂટે બહાનેવાલે**

**અર્થાત :** હે મારા જૂઠા દિલ ! જ્યારે મદીનાથી જુદા થયા હતા તો તેં કહ્યું હતું કે ફરી આવીશું, અને હવે હિંદમાં આવીને મદીનામાં જવાનું તો એક તરફ, કદી યાદ પણ નથી કરતું અને જાતજાતનાં બહાનાં બનાવે છે ! કે આ મજબૂરી છે તે મજબૂરી છે, ચાલ હટ પાછળ ! દૂર થઈ જા ! તેં મને મહબૂબના કદમોથી અલગ કર્યો, હું હવે તારી સાથે વાત કરીશ નહીં !

બુલબુલ હમેશાં ફૂલની જ વાત કરે છે અને આશિકે મુસ્તફા ﷺ હમેશાં ખુદાના રસૂલ علیہ الصلوٰۃ والسلامની જ વાત કરે છે. વિષય કોઈ પણ હોય તે પોતાના આકાનો ઝિક્ર ચોક્કસ રીતે દરમિયાનમાં લઈ આવે છે.

**નફ્સ મૈં ખાક હૂવા તૂ ન મિટા – હૈ મેરી જાન કે ખાનેવાલે**

**અર્થાત** : હે મારા કમીના નફ્સ ! ખુદા તને બર્બાદ કરે, હું તારા હાથે ઝલીલ તથા બેઈજ્જત થઈ ગયો, અથવા તને સમજાવી સમજાવીને મારું દિલ બળીને રાખ થઈ ગયું, પરંતુ તને સમજ ન આવી ! હે મારી જાન ખાનાર ! તને તો ખુદા જ સમજાવે !

**જીતે ક્યા દેખ કે હૈં અય હૂરો – તયબહ સે ખુલ્દ મેં આનેવાલે**

**અર્થાત** : હે જન્નતની પાકીઝા ઔરતો ! (હૂરો !) જરા મારા એક સવાલનો જવાબ તો આપો ! મને એટલું બતાવી આપો કે જે લોકો મદીનાથી અહીં આવે છે તેઓ શું જોઈને જીવતા રહે છે ?! એટલે કે જન્નત ખૂબ જ ઉચ્ચ જગા છે, અલ્લાહની નેઅમતોનું મર્કઝ છે, પરંતુ મહબૂબે ખુદાની મહ઼બ્બતનું મર્કઝ તો મદીનામાં છે, અને મદીના ન જોયું તો કાંઈ પણ ન જોયું.

**નીમ જલ્વે મેં દો આલમ ગુલઝાર – વાહ વા રંગ જમાનેવાલે**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! આપના દમ ક઼દમથી આખુ જગત નૂરનો પુંજ બનેલું છે, અને આપના અડધા જલ્વાથી જ જ્યારે દુનિયા બાગો બહાર અને ગુલશન તથા ગુલઝાર બનેલ છે, તો પૂરા જલ્વાની રોનકોનો કોણ અંદાજો લગાડી શકે છે ?! તે જો જલ્વો જાહેર કરે તો કોણ તમાશાઈ બને ! ..........*(ક્રમશઃ)*

પેજ 09 નું ચાલુ..

પર કુદરત ધરાવનાર છે, અને તેના ઈલ્મ તેમજ કુદરતથી કોઈ વસ્તુ બહાર નથી, (૨) ફરિશ્તાઓ પર એ રીતે ઈમાન લાવવું કે એમનું અસ્તિત્વ છે, તેઓ માસૂમ છે, પવિત્ર છે, અલ્લાહ અને તેના રસૂલો વચ્ચે એહકામ અને પયામ માટેનું કામકાજ બજાવે છે. (૩) અલ્લાહની કિતાબો પર ઈમાન લાવવું. એ રીતે કે જે કિતાબો તેણે પોતાના રસૂલો પર ઉતારી અને વહી મારફત તેઓને પહોચાડી તે તમામ નિઃશંક ! સત્ય અને અલ્લાહના તરફથી જ છે, અને કુર્આન મજીદ ફેરબદલ ઘટાડા વધારાથી પાક છે, તેમજ એમાં મુહકમ (કોઈ પણ હુકમ માટે સ્પષ્ટ) અને મુતશાબેહ (જેનો ખરો અર્થ અલ્લાહ–રસૂલ જાણે છે) આયતનો સમાવેશ છે, (૪) રસૂલો પર એ મુજબ ઈમાન લાવવું કે તેઓ અલ્લાહના રસૂલ છે, જેઓને તેણે પોતાના બન્દાઓ તરફ મોકલ્યા. એ બધા તેની વહીના અમાનતદાર છે. ગુનાહોથી પાક અને માસૂમ છે, તે બધા તમામ મખ્લૂક઼થી અફઝલ છે, અને એમનામાં અમુક મરતબાના હિસાબે અમુકથી ચઢિયાતા છે.

**૧૧૦.** જેવું કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓએ કર્યું, કે અમુક પર ઈમાન લાવ્યા અને અમુકનો ઈન્કાર કર્યો.

**૧૧૧.** તારા હુકમ અને ફર્માનને.

**૧૧૨.** એટલે કે દરેક જીવને સદકર્મોનો સવાબ અને કુકર્મોની સજા મળશે, ત્યારબાદ અલ્લાહ તઆલાએ પોતાના મોમિન બન્દાઓને દુઆનો તરીકો શિખવ્યો, કે તેઓ પોતાના પરવરદિગારને આ પ્રમાણે વિનંતી કરે.

**૧૧૩.** અને ભૂલચૂકથી તારા કોઈ હુકમ પર અમલ ન કરી શકીએ તો સજા કરીશ નહીં.




❑ લેખક ❑

મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી

❑ અનુવાદક ❑

હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી

*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**(પ્રકરણ : ૧૬)**

## તાઈફનો સફર

મક્કાવાળાઓનો જુલ્મ જોઈને રસૂલ કરીમ ﷺએ ફેંસલો કર્યો કે હવે મક્કાથી નીકળી નજીકના બીજા શહેરોમાં તબ્લીગનું કામ કરવું જોઈએ. જેથી આપે તાઈફનો સફર કર્યો, જે મક્કાથી લગભગ ત્રીસ અથવા ચાલીસ કિ.મિ.ની દૂરી પર છે. આપ ﷺએ પોતાના ગુલામ ઝૈદ બિન હારિષાને પણ સાથે લઈ લીધા. તાઈફ અમીર તથા માલદારોનું શહેર હતું, તેમાં ઉમૈરનું ખાનદાન તમામ કબીલાઓનું સરદાર હતું. આ લોકો ત્રણ ભાઈ હતા. અબ્દેયાલૈલ, મસ્ઊદ, હબીબ. આપણા નબી ﷺ આ ત્રણે પાસે તશરીફ લઈ ગયા અને તેમને ઈસ્લામની દા'વત આપી. તેઓએ બહુ જ બેહૂદા વર્તાવ કર્યો અને ઈસ્લામ કૃબૂલ ન કર્યો, અને શહેરના કેટલાક નીચ તથા દુષ્ટ લોકોને આપની પાછળ લગાડી દીધા કે તેમને તકલીફ પહોંચાડે અને બેઈજ્જત કરે. પોતાના વડીલોનો ઈશારો મેળવી રસૂલે કાઈનાત ﷺ પર આ નીચ લોકો પથ્થર વરસાવવા લાગ્યા. એટલા પથ્થર વરસાવ્યા કે પગ લોહીલુહાણ થઈ ગયા અને જોડા લોહીથી ભરાઈ ગયા. ઝખ્મોથી બેતાબ થઈ જ્યારે આપ બેસી જતા તો એ જાલિમો આપના બંને હાથ પકડીને ઉઠાડતા અને જ્યારે આપ ચાલવા લાગતા તો ફરી પથ્થર વરસાવતા અને સાથે જ તાળીઓ વગાડતા, ભલુબુર બોલતા, મજાક ઉડાવતા, અને ગાળોની વર્ષા કરતા. આ જાલિમો જ્યારે આપના પર પથ્થર વરસાવતા તો ઝયદ બિન હારિષા દોડી દોડીને પથ્થરને પોતાના શરીર પર રોકતા, ત્યાં સુધી કે તે પણ લોહીથી તર થઈ ગયા. મજબૂરન્ આપણા આકા ﷺએ એક બગીચામાં પનાહ લીધી. આ કેવી બેબસીનો સમય હતો, પરંતુ આપણા આકા ﷺને મનુષ્યોની ઈસ્લાહ તથા સુધારણા બહુ પસંદ હતી એટલા માટે આવા કપરા સમયે પણ આપની ઝબાન મુબારકથી બદ્દુઆ ન નીકળી, બલ્કે આપ એ જ કહેતા રહ્યા, હે અલ્લાહ ! તું આ લોકોને હિદાયત આપ ! આ નાસમજો મને નથી ઓળખતા !

એવી જ રીતે આપે ત્યાં એક મહિનો ગુજાર્યો. પછી મક્કા આવી ગયા. પાછા ફરતી વખતે જ્યારે આપ ''કર્નુષ્ષઆલિબ'' નામના સ્થળ પર પહોંચ્યા તો એક ફરિશ્તો ખુદાનો પયગામ લાવ્યો કે, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ તઆલાએ આપની કૌમનો વર્તાવ જોયો, અને મને આપની ખિદમતમાં મોકલ્યો છે. જો આપ ﷺ ઈજાઝત આપો તો આ બંને પહાડો (અબૂ કુબૈસ અને કુઅયકિઆન)ને તેમના પર નાખી દઉં અને તેઓ કચડાઈને કચુંબર થઈ જાય. આપે ફર્માવ્યું, નહીં ! મને આશા છે કે પરવદિગારે આલમ તેમના જ વંશથી એવા લોકો પેદા કરશે જે

અલ્લાહની ઈબાદત કરશે, અને શિર્કથી દૂર રહેશે.

તાઈફની નાકામીથી મક્કાવાળાઓના હોસલા બુંલદ થઈ ગયા. મોટા મોટા સરદારોએ આપસમાં એ મશ્વરો કર્યો કે જેટલી તકલીફો થઈ શકે તેમને આપવામાં આવે જેથી તેઓ સંપૂર્ણ રીતે કમજોર થઈ જાય. મક્કાના કાફિરોએએ જુલ્મમાં વધારો કરી દીધો. પરંતુ સરકારે દોઆલમ ﷺના કદમ જરાય ન ડગમગ્યા. આપ સતત લોકોને ઈસ્લામની દા'વત આપતા રહ્યા.

આપની તબ્લીગનો તરીકો એ હતો કે હજજના જમાનામાં જ્યારે દૂર દૂરથી અરબના કબીલા ભેગા થતા તો તેમની પાસે જતા અને તેમને ઈસ્લામની વાતો જણાવતા. એ જ પ્રમાણે અરબમાં વર્ષ દરમ્યાન કેટલાય મેળાઓ યોજાતા તે મેળાઓમાં પણ ઘણો મજમો થતો અને અરબના મોટા મોટા કબીલા તેમાં જોડાતા. ઉકાઝ, મજિન્નહ અને ઝુલ્મજાઝ આ અરબના મશહૂર મેળાઓ છે. આપણા નબી ﷺ તેમાં પણ તશરીફ લઈ જતા, લોકોને ઈસ્લામની તરફ બોલાવતા અને કુર્આનની આયતો સંભળાવતા. આપનો કાકો અબૂ લહબ આપની પાછળ લાગી રહેતો અને કહેતો કે, હે લોકો! આ મારો ભત્રીજો છે તેની વાત ન સાંભળશો ! આ અમારા ધર્મથી ફરી ગયો છે અને જૂઠુ બોલે છે. પરંતુ અબૂ લહબ અને બીજા દુશ્મનોના વિરોધનો રસૂલે ખુદા ﷺ પર કોઈ અસર ન પડતો અને ઈસ્લામ બહુ ઝડપથી આખા અરબમાં પહોંચવા લાગ્યો.

## *(પ્રકરણ : ૧૭)*

## મેઅરાજ શરીફ

એલાને નબુવ્વતના અગ્યારમા વર્ષે જ્યારે કે આપણા નબી ﷺની વય ૫૧ વર્ષ અને કેટલાક મહિના થઈ ગઈ હતી, અલ્લાહ તબારક વ તઆલાએ આપને મેઅરાજમાં બોલાવ્યા. એટલે કે આસમાનો પર બોલવી, જન્નત, દોઝખ અને સિદરતુલ મુન્તહા વગેરેની સૈર કરાવી. વાતચીતનો શરફ બખ્શયો અને તે જ વખતથી આપની ઉમ્મત પર પાંચ વખતની નમાઝ ફર્ઝ કરવામાં આવી.

રજબની સત્તાવીસમી તારીખે સોમવારની રાતમાં સરકારે દોઆલમ હઝરત "ઉમ્મે હાની"ના ઘરે અથવા ખાનએ કા'બામાં આરામ ફર્માવી રહ્યા હતા. હઝરત જિબ્રઈલ علیہ السلام તશરીફ લાવ્યા, આપને જગાડયા અને મેઅરાજની ખુશખબરી સંભળાવી. અને એક ઝડપી સવારી પર સવાર કર્યા જેનું નામ બુર્રાક હતું. આપ મસ્જિદે હરામથી બયતુલ મુકદ્દસ પહોંચ્યા જ્યાં તમામ અંબિયાએ કિરામ હાજર હતા. આપે ત્યાં તેમની ઈમામત ફર્માવી એટલા માટે આપને "ઈમામુલ અંબિયા" કહેવામાં આવે છે. પછી આપે બયતુલ મુકદ્દસથી આસમાની સફર શરૂ કર્યો અને સર્વ બુલંદીઓ સર કરી ઘરે પરત ફર્યા. આ બધુ બહુ જ થોડા સમયમાં થઈ ગયું.

જ્યારે આપે સવારે લોકોને મેઅરાજની ખબર સંભળાવી તો લોકો આપની વાત માનવા તૈયાર ન થયા. આપનો મજાક ઉડાડવાનું શરૂ કરી દીધું અને કેટલાક લોકોએ આપને બયતુલ મુકદ્દસ અને તેના રસ્તાઓ વિશે સવાલ કરવાનું શરૂ કરી દીધું. નબીએ કરીમ ﷺએ દરેક સવાલનો સાચો અને દુરુસ્ત જવાબ આપ્યો. ત્યારે તેઓ ચૂપ થઈ ગયા તો પણ તેમનું દિલ એ માનવા તૈયાર ન હતું, કેટલાક કહેતા કે આ જાદૂ છે અને કેટલાક ચૂપ થઈ ગયા.

જ્યારે અબૂ જહલે આ વાત સાંભળી તો તેણે કહ્યું, લો ! અત્યાર સુધી તો મુહમ્મદ બિન અબ્દુલ્લાહ પાસે ખુદાનો સંદેશ જ આવતો હતો અને હવે તેઓ આસમાનો પર જઈ ખુદાથી વાત પણ

કરી આવ્યા ! હે લોકો ! જરા વિચારો ! આ પણ કોઈ માનવા જેવી વાત છે !

એક કાફિરે આ બનાવની ચર્ચા હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہથી કરી કે, અબૂબક્ર ! તમને કંઈ ખબર છે ? તમારા મિત્ર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ કહે છે કે તે રાત્રે મક્કાથી બયતુલ મુક઼દ્દસ ગયા, આસમાનોનો સફર કર્યો અને રાત્રે જ પાછા આવી ગયા. હવે જણાવો કે કોઈ સમજદાર વ્યક્તિ આ વાત માની શકે છે ?! હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ કહ્યું, જો મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ કહે છે તો હું તેનુ સમર્થન કરું છું. બેશક ! તેઓ સાચુ કહે છે.

જયારે નબીએ કરીમ ﷺને હઝરત અબૂબક્ર رضی اللہ عنہના આ બનાવની ખબર થઈ તો આપે તેમને ''સિદીક઼''નો લક઼બ અતા ફર્માવ્યો, એટલે કે સાચુ બોલવાવાળો. તે જ સમયથી આપ સિદીક઼ના નામથી મશ્હૂર થઈ ગયા.

### *(પ્રકરણ : ૧૮)*

## મદીનામાં ઈસ્લામની રોશની

મદીનામાં બે કબીલા ''ઔસ'' અને ''ખઝરજ'' તથા થોડાક યહૂદીઓ વસેલા હતા. ઔસ તથા ખઝરજના લોકો મૂર્તિપૂજા કરતા હતા અને યહૂદીઓ હઝરત મૂસા علیہ السلامને પોતાના નબી માનતા હતા, તેમને તૌરાત થકી એક નબીના આવવાની ખબર થઈ ચૂકી હતી. તેમની બેઠકોમાં વધારે પડતી વાત થતી રહેતી કે આવવાવાળા નબી ક્યાં અને ક્યારે પેદા થશે. તે યહૂદીઓના મોઢેથી ઔસ તથા ખઝરજના લોકો નબીએ આખિરુઝ્ઝમાંનો ઝિક્ર સાંભળી ચૂકયા હતા. યહૂદીઓ તેમને કહેતા કે બહુ જલ્દી નબીએ આખિરુઝ્ઝમાં આવનારા છે, અમે તેમની સાથે થઈ તમારા જેવા મૂર્તિપૂજકોનું નામો નિશાન મિટાવી દઈશું.

નબવી સન ૧૧માં રસૂલે આલી વક઼ાર ﷺ પોતાની આદત પ્રમાણે હજ્જના દિવસોમાં નીકળ્યા અને હજ્જ માટે આવનારાઓને ઈસ્લામની દા'વત આપવા મિનાના મેદાનમાં તશરીફ લઈ ગયા. આપ કુર્આને મુક઼દ્દસની આયતો સંભળાવીને લોકોને ઈસ્લામની તરફ બોલાવતા રહ્યા. તે જ મેદાનમાં અક઼બા ઘાટીની પાસે મદીનાના છ વ્યક્તિઓ સાથે મુલાકાત થઈ ગઈ જે ઔસ તથા ખઝરજના ક઼બીલાના હતા. રસૂલે કરીમ ﷺએ તેમને જણાવ્યું કે હું અલ્લાહનો રસૂલ છું, મારા પર ઈમાન લાવો, કામયાબ થઈ જશો. તેમને કુર્આનની આયતો પઢી સભંળાવી અને ઈસ્લામની દા'વત આપી. જ્યારે તેમણે આ વાત સાંભળી તો એકબીજાનુ મોઢું જોતા રહી ગયા અને કહ્યું કે, યહૂદીઓ જે નબી વિશે ખુશખબરી આપી રહ્યા હતા બેશક ! તે આ જ નબી છે ! શા માટે આપણે તેમનાથી પહેલાં ઈમાન ન લઈ આવીએ ?! આટલુ કહી સૌ ઈસ્લામમાં દાખલ થઈ ગયા અને મદીના જઈ પોતાના કુટુંબીઓ તથા સંબંધીઓને પણ ઈસ્લામની દા'વત આપી. તેમની દા'વતનો એ અસર પડયો કે બીજા વર્ષે નબવી સન ૧૨માં અધિક માણસો અકબા ઘાટીમાં આવી મુસલમાન ગયા અને રસૂલુલ્લાહ ﷺના હાથ પર બયઅત પણ કરી. આ બયઅતને ''બયઅતે અ઼ક઼બા ઊલા'' કહેવામાં આવે છે, એટલે કે અ઼ક઼બાની પહેલી બયઅત. સાથે જ તેમણે આક઼ાએ કાઈનાત ﷺથી દરખાસ્ત કરી કે ઈસ્લામના અરકાન શિખવવા માટે કોઈ વ્યક્તિને અમારી સાથે લગાડી દેવામાં આવે. રસૂલુલ્લાહ ﷺએ હઝરત મુસ્અબ બિન ઉમૈરને તેમની સાથે લગાડી દીધા. આપે મદીના પહોંચીને ઘણી મહેનત અને કોશિશ કરી, લોકોના ઘરોમાં જઈ જઈને ઈસ્લામની તબ્લીગનું કામ કર્યું અને બહુ મહોબ્બતની સાથે લોકોને ઈસ્લામ સમજાવ્યો. આનાથી ફાયદો એ થયો કે મદીનાના મોટા મોટા કુટુંબોમાં ઈસ્લામની

અવાજ ગુંજતી થઈ ગઈ અને દીને ઈસ્લામ તરફ લોકોના દિલ ઝુકવા લાગ્યાં. તેના એક વર્ષ પછી નબવી સન ૧૩માં લગભગ બોત્તેર વ્યક્તિઓ હજ્જના દિવસોમાં મિનાની આ ઘાટી અક઼બામાં પોતાના સાથીઓથી સંતાઈને હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર થયા અને આપના હાથ પર ઈસ્લામની બયઅત કરી. આ બયઅતને "બયઅતે અક઼બા ષા'નિયા" કહેવામાં આવે છે, એટલે કે અક઼બાની બીજી બયઅત.

તે સમયે એ લોકો રસૂલે કરીમ ﷺને મદીના ચાલવા માટે અર્ઝ કરી અને તન, મન, ધનથી મદદ કરવાનો વાયદો કર્યો. ત્યાં આપના કાકા હઝરત અબ્બાસ પણ હાજર હતા જે હજુ મુસલમાન ન થયા હતા. પરંતુ રસૂલે કરીમ ﷺથી ઘણી મહબ્બત કરતા હતા. તેમણે કહ્યું, હે લોકો ! જુઓ ! મુહમ્મદ ﷺથી હાશિમના ખાનદાનમાં બહુ જ અધિક ઈજ્જતદાર તથા મોહતરમ છે, અમે દુશ્મનોના મુક઼ાબલામાં હમેશાં તેમનો સાથ આપ્યો છે અને તેમની મદદ કરી છે. અને હવે જો તમે એમને પોતાની સાથે લઈ જવા ઈચ્છતા હોવ તો સાંભળી લો ! જો તમારામાં મરતા દમ સુધી સાથ આપવાની હિમ્મત હોય તો ઠીક, નહીં તો હમણા જ જવાબ આપી દો. તેઓમાંથી બરાઅ્ બિન આઝિબે જોશમાં આવીને કહ્યું, અમે તલ્વારોના ખોળામાં ઉછેર પામીએ છીએ ! હજુ તો તે એટલું કહી શક્યા હતા ને વાત કાપી હઝરત અબુલ હૈષમ رضی اللہ عنہ એ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા અને યહૂદીઓના વચ્ચે પૂરાણા તથા ગાઢ સંબંધો છે અને ઈસ્લામ ક઼બૂલ કર્યા બાદ તે સંબંધો તૂટી જશે, તો ક્યાંક એવું ન થાય કે જ્યારે ઈસ્લામને અલ્લાહ તઆલા તાક઼ત તથા કુવ્વત અતા ફર્માવે તો આપ અમને છોડી પોતાના વતન મક્કા ચાલ્યા આવો. આ સાંભળી આપ ﷺએ સ્મિત કર્યું અને ઈર્શાદ ફર્માવ્યો, તમારું લોહી મારું લોહી, તમારું જીવન મારું જીવન, તમારું મૃત્યુ મારું મૃત્યુ, તમારો દુશ્મન મારો દુશ્મન, તમારો મિત્ર મારો મિત્ર, તમે મારા, હું તમારો ! એટલે કે રસૂલે કાઈનાત ﷺએ આખુ જીવન મદીનાવાળાઓ સાથે પસાર કરવાનો વાયદો કર્યો, ત્યાં સુધી કે વિસાલ શરીફ પછી પણ આપ ﷺ ત્યાં જ તશરીફ ફર્માવેલ છે.

પેજ 29 નું ચાલુ..

નજરમાં છે ?! મૂસા علیہ السلامએ જવાબ આપ્યો કે, વળી આના કરતાં બુરુ કુકર્મ કયુ હોય શકે ?! તો ઈર્શાદ થયો કે, હે મૂસા ! علیہ السلام **જે શખ્સ જાણીબુઝીને નમાઝ છોડી આપે તે આ બદ્કાર તથા ખૂની સ્ત્રી કરતાં પણ ખરાબ અને ગુનેહગાર છે.**

પ્યારા દીનીભાઈઓ ! વિચારવાની વાત છે કે હઝરત મૂસા علیہ السلامના જમાનામાં કેવળ બે નમાઝો ફર્ઝ હતી. તો જ્યારે તે બે નમાઝોને ત્યજનારો ઝાનિયા તથા ખૂની સ્ત્રી કરતાં પણ અધિક બુરો ઠર્યો, તો આપણા પર તો પાંચ નમાઝો ફર્ઝ છે, તો હવે એને છોડી દેનારા તો એનાથીય વધુ બદ્તર હશે ! અને એ પણ વિચારવાની વાત છે કે જો કોઈ શખ્સની પત્ની મઆઝલ્લાહ ! ઝિનામાં પડી જાય, તો ગૈરતમંદ પતિ કેટલા પ્રમાણમાં નારાજ થઈ જાય છે અને છેવટે એવી પત્નીને છોડી પણ આપે છે. પણ અહીં **મોટાભાગે શરીફ ઘરાનાની સ્ત્રીઓ તદ્દન નમાઝો જ નથી પઢતી, પરંતુ એમના પતિઓ તથા સગાં સંબંધીઓને રજ માત્ર પરવા નથી હોતી** ! જ્યારે કે ઉપરોક્ત રિવાયતના મુતાબિક઼ બેનમાઝી સ્ત્રીઓ બદ્કાર કરતાં પણ અલ્લાહ عزوجلની નજીક અધિક બુરી છે. અલ્લાહ તઆલા સારી તૌફીક઼ અતા ફર્માવે. (આમીન) ..........*(ક્રમશઃ)*

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

**સંપાદક : મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

મઝકૂર મહિનાની ૧૫ મી તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. અજોધનના વાલીએ પોતાના નોકરોની સાથે બે ગામોનું હુકમનામુ તથા બાવીસ કોથળા રોકડના શૈખુલ ઈસ્લામની ખિદમતમાં મોકલ્યા. જયારે પહોંચ્યા તો ફર્માવ્યું, બેસી જાવ ! તેઓ બેસી ગયા અને તે માલ વગેરે આપની ખિદમતમાં પેશ કર્યો. આપે સ્મિત કરતાં ફર્માવ્યું કે મેં શરૂથી આજ સુધી આ પ્રકારનો માલ કોઈનાથી સ્વીકાર્યો નથી, અને ન તો અમારા ખ્વાજગાનની એ રસમ છે. એને પરત લઈ જાવ ! કેમ કે એને તલબ કરનારા અન્ય ઘણા છે એમને આપી દો.

**★ દુનિયા તથા તેના માલથી બેપરવાઈ ★**

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે મોકાના હિસાબથી આ હિકાયત વર્ણન કરી કે એકવાર સુલ્તાન નાસિરુદ્દીન رحمۃ اللہ علیہએ સુલ્તાન ગયાસુદ્દીન બલબનના હસ્તે જે મુલ્તાન તરફ આવી રહ્યો હતો ચાર ગામોના માલિકીપણાનું હુકમનામુ તથા કેટલીક રોકડ રકમ મારી પાસે મોકલી જેમાંથી ચારે ગામ મારા માટે હતાં, અને રોકડ દુરવેશોના માટે હતી. મેં સ્મિત સાથે કહ્યું કે એને લઈ જાવ ! એના તલબગાર અન્ય ઘણા છે તેમને આપી દો. અમારા ખ્વાજગાન અને મશાઈખે આ પ્રકારની ચીજો નથી સ્વીકારી. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું, જો અમે આ પ્રકારની ચીજો લઈએ તો અમને દુરવેશ કહેવાશે નહીં બલ્કે માલદાર કહેવાશું ! અને લોકો કહેશે કે આ ગામોનો માલિક છે, પછી આ મોં દુરવેશોને કેવી રીતે દેખાડીશું ?! અને તેમનામાં કેવી રીતે ઉભા રહી શકીશું ?! એને લઈ જાવ અને અન્ય લોકોમાં વહેંચી આપો.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન અવશી رحمۃ اللہ علیہની ખિદમતમાં હું હાજર હતો એવામાં વઝીર શમ્સુદ્દીન અનારલ્લાહ બુરહાના સુલ્તાની લશ્કરની સાથે આવી પહોંચ્યો અને કહ્યું કે બાદશાહે છ ગામોની માલિકી અને કેટલીક ચીજો નઝરાણારૂપે મોકલી છે. આપે સસ્મિત વદને ફર્માવ્યું કે જો અમારા ખ્વાજગાન કબૂલ કરી લેતા તો અમે પણ કબૂલ કરી લેતા. જો આજે અમે એમનું અનુસરણ ન કરીએ તો કયામતના દિવસે તેમને શું મોઢું બતાવીશું ?! એને લઈ જાવ, કેમ કે એના તલબગાર અન્ય ઘણા લોકો છે જેઓ કુલાશપોશ છે.

પછી મશારિકુલ અન્વારની હદીષોની બાબત ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે આ હદીષો મશારિકુલ અન્વારમાં લખેલી છે, તેની સંખ્યા ત્રીસ હજાર છે. સૌ સહીહ છે. મૌલાના રઝીઉદ્દીન અસ્ફહાનીની બુઝુર્ગીના બારામાં ફર્માવ્યું કે જો મૌલાનાને બે હદીષોમાં મુશ્કેલી ખડી થતી અને લોકો સાથે મતભેદ થતો, તો એ મતભેદ ખ્વાબમાં હુઝૂર ﷺને પેશ કરતા અને આં હઝરત ﷺ એની તસ્હીહ ફર્માવી આપતા.

**★ નબી ﷺની તા'ઝીમ અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ★**

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ નમાઝ અદા કરવા ચાહી. તે વખતે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના સિવાય કોઈ અન્ય ન હતું. એમનો જ હાથ પકડીને પોતાના બરાબર ઉભા કરી દીધા. જયારે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ તકબીર કહી તો અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાની જગાએથી પાછળ ખસી ગયા. આં હઝરત ﷺએ તેમનો હાથ પકડીને સાથે કરી આપ્યા અને પછી નમાઝ શરૂ કરી. ફરી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ પાછળ હટી ગયા. ફરી હુઝૂર ﷺએ એવું જ કર્યું. સારાંશ કે બે ચાર વાર એ જ પ્રમાણે થયું. તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પૂછયું કે તમે પાછળ કેમ હટી જાવ છો? અર્ઝ કરી કે **મારી શું તાકત છે કે રસૂલે ખુદા ﷺની બરાબર ઉભો રહું !** રસૂલે કાઈનાત علیہ الصلوٰۃ والسلامને એમની અદબની રીત ખૂબ જ પસંદ પડી અને એમના હક્કમાં દુઆ કરી : **اَللّٰھُمَّ وَفِّقْهُ فِی الدِّیْن** "પરવરદિગાર એને દીનની તૌફીક આપે."

આ પરથી જાણવા મળ્યું કે જ્યારે સહાબી, નબી ﷺને પોતાના જેવા નથી સમજતા તો આજકાલના એવું કહેનારા વહાબી હુઝૂર ﷺના ઉમ્મતી હોવાનો પોતે કઈ રીતે દાવો કરી શકે છે ?!

ત્યારબાદ કશ્ફો કરામતના બારામાં ચર્ચા શરૂ થઈ. ઝબાન મુબારકથી ફર્માવ્યું, કરામતને જાહેર નથી કર્યા કરતા, અને કહે છે કે આ કામ હોસલાના સબબથી છે. અને મશાઈખના તબકાએ એને પસંદ કર્યું. આ સ્થિતિમાં જોઈને મર્દ પોતાની જાતે કાંઈ ન સમજે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા હસન નૂરી નૂરુલ્લાહ رحمۃ اللہ علیہએ દજલા પર એક માછીમારને જોયો જેણે નદીમાં જાળ નાખેલી હતી. આપે ફર્માવ્યું કે જો મારામાં કાંઈક કરામત છે તો જાળમાં અઢી શેર માછલી આવશે. જયારે આ વાત ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہએ સાંભળી તો ફર્માવ્યું, કાશ ! જાળ માં માછલીની જગાએ સાપ નીકળે ! જેથી તેને ડંખ મારે અને શહીદની મૌત મરે. હવે કોઈને શું ખબર કે એનો અંજામ શું થશે ?!

પછી શૈખ સઅદુદીન હમ્વિયહ رحمۃ اللہ علیہની હિકાયત વર્ણન કરી કે એકવાર હું એને તે એક જ જગાએ હતા. કહ્યું, જેણે પોતાની કરામત જાહેર કરી તેણે જાણે કે ફર્ઝ તર્ક કર્યો.

**★ બુઝુર્ગ પોતાની કરામતને છુપાવે છે ★**

પછી ફર્માવ્યું કે મારા ભાઈ સઅદુદીન હમ્વિયહએ આ હિકમાયત વર્ણન કરી કે આ શહેરનો હાકિમ મારો અકીદતમંદ ન હતો. એકવાર આવ્યો અને પોતાના દરવાનને મારી પાસે મોકલ્યો કે એ દુરવેશને મારી પાસે બોલાવો જેથી હું જોઉં. જયારે દરવાન અંદર આવ્યો તો હું નમાઝમાં મશગૂલ હતો. મેં ધ્યાન ન આપ્યું. ખુદ આવ્યો તો ઉઠીને હસી ખુશીથી મુલાકાત કરી. જયારે બંનેવ બેઠા તો મેં ઈશારો કર્યો કે થોડાક સફરજન લાવો. મેં એક સફરજનના બે ટુકડા કર્યા. એક એને આપ્યું અને એક મારી પાસે રાખ્યું. એ થાળમાં એક સફરજન પડેલુ હતું. બાદશાહના દિલમાં ખયાલ આવ્યો કે જો આ દુરવેશને બાતિની સફાઈ પ્રાપ્ત છે તો આ મોટુ સફરજન મને આપશે.

જેવો તેના દિલમાં ખયાલ ગુજર્યો તેવું જ મેં હાથ લંબાવીને સફરજન પકડી લીધું અને બાદશાહને સંબોધીને કહ્યું કે એકવાર હું સફર કરતાં કરતાં એક શહેરમાં પહોંચ્યો ત્યાં કેટલાક લોકો એકત્ર હતા. એમનામાં એક ગધેડો બેઠો હતો. એ તમાશો કરનારાએ હાજરજનોમાંથી એક જણને વીંટી આપી. અને ગધેડાની આંખો બંધ કરીને કહ્યું, જેની પાસેથી વીંટી હોય તેને ઓળખી કાઢ ! તે દરેકને સૂંઘતો હતો. છેવટે તે શખ્સની સામે ઉભો થઈ ગયો જેની પાસે વીંટી હતી. પછી તમાશો કરનારાએ એ વીંટી તેની પાસેથી લઈ લીધી. સારાંશ કે આ તક્રીર બાદ મેં બાદશાહને કહ્યું કે જો અમે અમારી કશ્ફો કરામતના વિશે કહીએ તો જાણો કે એ ગધેડા જેવા છીએ, અને જો ન કહીએ તો તમારા દિલમાં ખયાલ આવે છે કે આ દુરવેશના બાતિનમાં સફાઈ નથી. આમ કહીને તે સફરજન એની તરફ ફેંકી આપ્યું.

પછી શયખ ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને ફર્માવ્યું કે મર્દાને ખુદા (અલ્લાહવાળાઓ) પોતાને છુપા રાખે છે અને પોતાની કરામત કોઈની સમક્ષ જાહેર નથી કરતા. શયખુલ ઈસ્લામ આ જ ફવાઈદ કરી રહ્યા હતા એવામાં અઝાન થઈ અને નમાઝમાં મશ્ગૂલ થઈ ગયા, હું તથા અન્ય લોકો પાછા ચાલ્યા આવ્યા.

## ★ હઝરત ઉમરના અદ્લનો બનાવ ★

મઝકૂર મહિનાની ૨૦ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદ્મબોસીનો શરફ નસીબ થયો. શયખ બદરૂદ્દીન ગઝનવી તથા અન્ય અઝીઝ ખિદમતમાં હાજર હતા અને ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ના અદ્લના બારામાં ચર્ચા થઈ રહી હતી.

ફર્માવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એક રસ્તે થઈને પસાર થયા તો છાસ વેચનારી માર્ગમાં બેસીને રડી હતી. તેણીએ કહ્યું, શું એ જાઈઝ છે કે તમારા ખિલાફતકાળમાં જમીન મારી છાસ પી જાય ! આપે ફર્માવ્યું, હે જમીન ! આ વૃધ્ધાની છાસ પરત આપી દે ! નહીં તો આ કોરડા વડે તારી ખબર લઈશ ! હજી એ વાત પૂરી કરવા પણ ન પામ્યા હતા એટલામાં જમીન ફાટી ગઈ અને એમાંથી બધી છાસ બહાર આવી ગઈ જેને એ છાસ વેચનારીએ વાસણમાં લઈ લીધી.

## ★ હઝરત ઉમરના જલાલનો પ્રભાવ ! ★

એકવાર આપ ખિર્કાને સીવી રહ્યા હતા. આપની પીઠ મુબારક સૂરજની તરફ હતી. જયારે તાપ તડકાએ અસર કરી તો આપે ગઝબની નિગાહ વડે સૂરજ પ્રતિ જોયું. ફરિશ્તાઓને હુકમ થયો કે સૂરજથી રોશની છીનવી લો ! એણે ઉમરની પીઠને ગરમ કરી નાખી છે ! ફરિશ્તાઓએ રોશની લઈ લીધી તો આખુ જગત અંધકારમય થઈ ગયું. એ દિવસોમાં રસૂલુલ્લાહ ﷺ હયાત હતા. આપે વિચાર્યું કે શું કયામત ખડી થઈ ગઈ કે સૂરજની રોશની લુપ્ત થઈ ગઈ ! તો જિબ્રઈલ علیہ السلام એ આવીને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ કયામત કાયમ નથી થઈ પણ સૂરજ થકી હઝરત ઉમરની પીઠ તપી ગઈ હતી, તો એ જ વખતથી રોશની અમે છીનવી લીધી. જો તેનો કુસૂર હઝરત ઉમર માફ કરી આપે તો અમે રોશની પરત કરી દઈએ. આપ ﷺ એ હઝરત ઉમરને બોલાવ્યા અને તેમણે માફી આપી તો તુરત જ સૂરજ રોશન થઈ ગયો.

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/-** (ટપાલ ખર્ચ ૫૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## નસબ, જાતિ, બિરાદરી, ખાનદાનીનું બયાન

બિરાદરીથી અહીં એ મુરાદ છે કે મર્દ ઓરત કરતાં નસબમાં એટલો હલકો ન હોય કે એના સાથે નિકાહના કારણે ઓરતના વાલીઓને બેઆબરૂ બનવાનો વારો આવે. જિમ્મેદારી ફકત મર્દ માટે લેવામાં આવે છે ઓરત ભલે હલકા કૂળની હોય એનો કોઈ એ'તેબાર નથી. *(હિદાયા, બહાર વગેરે)*

**મસ્અલા** : બાપ, દાદા સિવાય અન્ય કોઈ વાલીએ નાબાલિગ છોકરાને નિકાહ ગેર બિરાદરીમાં કરી દીધો તો તે સહીહ ગણાશે નહીં અને જો બાલિગ પોતે નિકાહ કરવા ઈચ્છે તો ગેરબિરાદરીમાં કરી શકે છે. કેમ કે ઓરત તરફથી આવી હાલતમાં જિમ્મેદારી મો'તેબર (વિશ્વાસપાત્ર) નથી. નાબાલિગમાં બન્ને તરફથી જિમ્મેદારીનો એ'તેબાર (જરૂરી) છે. *(રદ્દુલ મુહ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : બિરાદરી, ખાનદાની માટે છ ચીજો જરૂરી છે : **(૧)** નસબ **(૨)** ઈસ્લામ **(૩)** ધંધો **(૪)** હુર્રિયત–આઝાદી **(૫)** દયાનત **(૬)** માલ. કુરેશમાં જેટલાં ખાનદાનો છે તે સૌ પરસ્પર એકબીજાની બિરાદરીમાં છે. એટલે સુધી કે કુરેશી ગેર હાશમીની બિરાદરીમાં છે. કોઈ ગેરકુરૈશી કુરૈશીની બિરાદરીમાં નથી. અરબની તમામ કોમોમાં કુરૈશ સિવાયના બીજા બધા એકબીજાની બિરાદરીમાં છે. અન્સાર અને મુહાજેરીન તમામ આમાં બરાબર છે. નસ્લથી અજમી અરબીની બિરાદરીમાં નથી પરંતુ **આલિમે દીનની શરાફત નસબની શરાફત કરતાં ચઢિયાતી છે.** *(ખાનિયા, હિંદીયા, બહાર)*

**મસ્અલા** : જે પોતે મુસલમાન બન્યો એટલે કે એના બાપ, દાદા મુસલમાન ન હતા તેઓ તેની બિરાદરીમાં નથી જેનો બાપ મુસલમાન હોય. અને જેનો ફકત બાપ મુસલમાન હોય એની બિરાદરીમાં નથી જેના દાદા પણ મુસલમાન હોય. અને બાપ, દાદા બે પેઢીથી ઈસ્લામ હોય તો હવે બીજી તરફ જો કે વધારે પેઢીથી ઈસ્લામ હોય બિરાદરીમાં ગણાશે. પરંતુ બાપ, દાદાના ઈસ્લામનો એ'તેબાર ગેરઅરબમાં છે, અરબી માટે પોતે મુસલમાન બન્યો કે બાપ દાદાથી ઈસ્લામ ચાલ્યો આવતો હોય, બધુ બરાબર છે. *(ખાનિયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : ફાસિક઼ માણસ મુત્તક઼ી (પરહેઝગાર)ની પુત્રીની બિરાદરીમાં નથી ભલે એ છોકરી પોતે પરહેઝગાર ન હોય. *(દુર્રે મુખ્તાર વગેરે)* અને એ વાત જાહેર છે કે અકીદાનો ફાસિક઼ અમલના ફાસિક઼ કરતાં કેટલાયે ગણો બદતર છે. પરિણામે સુન્ની ઓરતનો બિરાદર તે બદમઝહબ નથી બની શકતો જેની બદમઝહબી કુફ્રની હદ સુધી ન પહોંચી હોય. **અને જે બદમઝહબ એવો છે કે જેની બદમઝહબી કુફ્ર સુધી પહોંચી છે તેનાથી તો નિકાહ પણ થઈ શકતા નથી કેમ કે તે મુસલમાન જ નથી! બિરાદરીમાં હોવું તો દૂરની વાત છે. જેમ કે આજના રાફ્જીઓ, વહાબીઓ (દેવબંદીઓ, ગૈરમુક઼લ્લિદો, મૌદૂદીઓ વગેરે.....)કે જેમના અકાઈદ તથા અકવાલ**

**કુફ્રી છે જે એમની કિતાબોમાં સ્પષ્ટ જાહેર છે.**

**મસ્અલા :** માલમાં જિમ્મેદારી (કફાલત)નો અર્થ એ છે કે મર્દ પાસે એટલો માલ હોય કે જે મેહર તેમજ બાળ બચ્ચાંનો ખર્ચ પૂરો કરી શકતો હોય, જો કામ ધંધો ન કરતો હોય તો એક મહિનાનો ઘર ખર્ચ આપી શકતો હોય નહિતર રોજની મજૂરી એટલી હોય કે ઓરતનો રોજનો જરૂરી ખર્ચ રોજ આપી શકતો હોય. એની જરૂરત નથી કે માલમાં તે એની બરાબર હોય. *(ખાનિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા :** ઓરત મોહતાજ છે અને એના બાપ, દાદા પણ એવા છે તો એના જિમ્મેદાર આર્થિક રીતે તે ગણાશે જે મહેર તેમજ બાળ બચ્ચાંનો ખર્ચ અદા કરી શકતો હોય. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા :** માલદારનો નાબાલિગ છોકરો ભલે માલનો માલિક ન હોય તો પણ એને માલદાર સમજવામાં આવશે (જિમ્મેદારીમાં). *(ખાનિયા, બહાર વગેરે)*

**મસ્અલા :** જે લોકોના ધંધા હલકા પ્રકારના સમજવામાં આવે છે તેઓ સારા ધંધાવાળાઓની બિરાદરીમાં ગણાશે નહીં, જેમ કે જૂતા બનાવનાર, ચામડુ પકવનાર, ઘોડાની દેખભાળ કરનાર, ઢોર ચારનારા એઓ એ લોકોના બિરાદરીવાળા નથી થઈ શક્તા જેઓ કપડાં વેચે છે, અત્તર વેચનાર છે, વેપાર કરે છે તેઓની બિરાદરીમાં ગણાશે નહીં. જો પોતે બૂટ ન બનાવતા હોય બલ્કે કારખાનાનો માલિક હોય કે જેને ત્યાં અન્ય લોકો (કારીગરો) કામ કરતા હોય અથવા તે તૈયાર બૂટ લેવા વેચવાનો ધંધો (વેપાર) કરતા હોય તો તેઓ વેપારીની બિરાદરીમાં ગણાશે. એ જ રીતે અન્ય કામો માટે ગણાશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા :** નિકાહના સમયે બિરાદરીમાં હતા પરંતુ પાછળથી બિરાદરી ખતમ થઈ ગઈ તો નિકાહ રદ થશે નહીં. *(દર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા :** પહેલાં કોઈ હલકા પ્રકારનો ધંધો કરતા હતા, જેના કારણે બિરાદરીમાં ગણત્રી ન હતી, પાછળથી એ ધંધો છોડી દીધો. પરંતુ હજુ કોઈ ખરાબી (ધંધાકીય) બાકી હશે તો બિરાદરીમાં ગણાશે નહીં અને જો કોઈ ખરાબી બાકી રહેવા પામી ન હોય તો બિરાદરીમાં ગણાશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** હુસ્નો જમાલ, બીમારી તેમજ એબો (ખરાબીઓ)નો કોઈ એ'તેબાર નથી તેમ છતાં વાલીએ આ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ જેથી પાછળથી કોઈ ફસાદનું કારણ ન બને. *(હિંદીયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

પેજ 11 નું ચાલુ..

**કુસૂરને જાહેર કરીને પ્રાણો પર ખેલીને ઈમાન બચાવે છે.**

**૧૦.** એટલે કે જે ગુનાહને તેં હદને પાત્ર સમજ્યો હતો તે આ નમાઝની બરકતથી માફ થઈ ગયો. જેથી આ હદીષથી એ લાઝિમ નથી થતુ કે નમાઝથી શરઈ સજાઓ પણ માફ થઈ જાય છે. યાદ રાખશો કે ગુનાહે સગીરા પર કદી હદ (શિક્ષા) નથી હોતી, અને ડાકૂગીરીની હદ સિવાય કોઈ હદ તૌબા કરવાથી માફ નથી થતી. ડાકૂ જો પકડાઈ જતા પહેલાં તૌબા કરી લે તો સજા નથી પામતો. એ જ પ્રમાણે જો કાફિર ઝિના કર્યા બાદ મુસલમાન થઈ જાય તો સંગસારી વગેરેનો મુસ્તહિક્ નથી. (મિર્કાત) શયખ અબ્દુલહક્ક્ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ہمથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺની સાથે નમાઝ પઢવું ગુનાહોની માફીના માટે અકસીર છે. નમાઝની અઝમત ઈમામની અઝમતના મુતાબિક્ છે. સુબ્હાનલ્લાહ ! જેમના સંગાથવાળી નમાઝ મુજરિમોને બખ્શાવી આપે, તે મુબારક જાત ખુદ કેવી હશે ?!

# મહબ્બતે રસૂલ ﷺનું
# મહત્વ, સબબો, દષ્ટાંતો, નિશાનીઓ

હપ્તો : ૦૩

**અઝ** : અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ★ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

## રસૂલુલ્લાહ ﷺનું બેઐબ હોવું

**મહોબ્બતની બીજી નિશાની** એ છે કે જે શખ્સને કોઈની સાથે મહોબ્બત હોય છે, તે પોતાના મહબૂબનો ન કોઈ અયબ જોઈ શકે છે, ન એનો અયબ સાંભળી શકે છે. ઈમામ અબૂ દાઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું : કોઈ ચીજની મહોબ્બત તમને (એનો અયબ જોવાથી) આંધળા કરી દે છે અને (એનો અયબ સાંભળ વાથી) બહેરા કરી દે છે. *(ઈમામ અબૂ દાઊદ, સુલૈમાન ઈબ્ને અશઅષ, સુનને અબૂ દાઊદ, ૨/૨૪૩, લાહોર)*

આ હદીષને ઈમામ અહમદે પણ રિવાયત કરી છે. *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ, ૫/૧૯૪, મુતર્જિમ, ૬/૪૫૦, બૈરૂત)*

સારાંશ કે જો ખરેખર મહબૂબમાં કોઈ અયબ હોય તો મોહિબ્બને તે અબય નજર નથી આવતો, અને ન તે એ અયબનું વર્ણન સાંભળી શકે છે, તરત જ તેને રદ કરી આપશે. તો જે ઝાતે કરીમ ﷺને અલ્લાહ તઆલાએ બનાવ્યા જ બેઐબ હોય, કોઈ એમાં અયબ કાઢે અને તેને સાંભળીને તે (મોહિબ્બ) ખામોશ રહે અને અયબ કાઢનારનો રદ ન કરે, તે એમનો મોહિબ્બ (ચાહક) નથી થઈ શકતો.

રસૂલુલ્લાહ ﷺના બેઐબ હોવા પર દલીલ એ છે કે **અલ્લાહ તઆલાએ આપને "મુહમ્મદ" ફર્માવ્યા છે, અને "મુહમ્મદ" નો અર્થ છે જેની હમ્દ તથા તારીફ કરવામાં આવી હોય, જેને દાદ આપવામાં આવી હોય, વખાણાયો હોય.** અને જેમાં અયબ હોય તેની મઝમ્મત (બુરાઈ) કરવામાં આવે છે, પ્રશંસા નથી કરવામાં આવતી ! રસૂલુલ્લાહ ﷺને અલ્લાહ તઆલાએ મુત્લક઼ન "મુહમ્મદ" ફર્માવ્યા છે. જો આપનામાં કોઈ રીતે પણ કોઈ અયબ હોત તો આપ મુત્લક઼ન "મુહમ્મદ" ન હોતા.

એકવાર એક ઈલ્મી મજલિસમાં મેં આ દલીલ વર્ણવી તો એક આલિમે એ એતરાઝ કર્યો કે **احتیاج الی الغیر** અયબ છે કે હુસ્ન ? જો એ અયબ છે તો આપ ﷺમાં અયબ સાબિત થઈ ગઈ, અને જો એ હુસ્ન છે તો સર્વ હુસ્નોનો જામેઅ (સંગમ) અલ્લાહ તઆલા છે તો પછી અલ્લાહ તઆલાએ પણ ગૈરનો મોહતાજ હોવું જોઈએ ! મેં કહ્યું, નમાઝ પઢવી, રોઝા રાખવા અને હજ કરવી એ આ અફઆલે કબીહ (ખરાબ કાર્યો) છે કે હસન (સારાં) ? જો એ બુરાં હોય તો લાઝિમ આવશે કે અલ્લાહ તઆલાની ઈબાદત કરવુ ટીકા પાત્ર થશે, અને જો એ હસન (સારૂં) હોય તો, આપની દલીલના એતબારથી જોઈએ કે પછી તો અલ્લાહ તઆલા પણ નમાઝ પઢે, રોઝા રાખે, હજ કરે અને કોઈની ઈબાદત કરે ! (મઆઝલ્લાહ !) કેમ કે તે સર્વ હુસ્નોનો જામેઅ (સંગમ) છે. અને એનો હલ એ છે કે આ કાર્યો **حسن لذاتہ** તથા **قبیح لغیرہ** છે. બંદાના એતબારથી એ કામો હસન (સારાં) છે, કેમ કે બંદાનું હુસ્ન એ છે

કે તે મૌલાની ઈબાદત કરે, અને અલ્લાહ તઆલાના એતબારથી બુરાં છે, કેમ કે અલ્લાહ તઆલા માટે એ જાઈઝ નથી કે તે કોઈની ઈબાદત કરે.

એ જ પ્રમાણે નબી ﷺ અલ્લાહના બંદા છે. અને બંદાનો કમાલ એ છે કે તે પોતાના મૌલાનો મોહતાજ હોય. અને અલ્લાહ તઆલાના એતબારથી ગૈરનો મોહતાજ થવું કબીહ (બુરુ) છે અને તેની શાનને લાયક નથી. જેથી **احتیاج الی الغیر حسن لذاته** તથા **قبیح لغیرہ** છે. બંદાના એતબારથી હસન છે અને અલ્લાહના એતબારથી કબીહ (બુરુ) છે. જેથી એ સ્પષ્ટ થઈ ગયું કે નબી કરીમ ﷺમાં કોઈ રીતે પણ કોઈ ઐબ નથી, અને આપનું "મુહમ્મદ" હોવું આપના બેઐબ હોવાની દલીલ છે.

આ પોઈંટ મક્કાના કાફિરોને પણ માલૂમ હતો, એટલા માટે તે આપને "મુહમ્મદ" કહીને બુરા કહેતા ન હતા, કેમ કે "મુહમ્મદ" તો બુરો હોઈ જ નથી શકતો ! એટલા માટે એમણે આપનું નામ પોતાની રીતે "મુઝમ્મમ" રાખી દીધું, અને હવે તેઓ મુહમ્મદને બદલે મુઝમ્મમની બુરાઈ કરતા હતા, અને આ રીતે અલ્લાહ તઆલાએ આપને તેઓની બુરાઈથી મુક્ત કરી આપ્યા.

ઈમામ બુખારી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું તમને આશ્ચર્ય નથી થતુ કે અલ્લાહ તઆલાએ કુરૈશના જુલ્મો સિતમને મારાથી કેવી રીતે દૂર કરી આપ્યો ?! તેઓ "મુઝમ્મમ"ને બુરો કહે છે, અને મુઝમ્મમને લઅનત કરે છે, અને હું તો "મુહમ્મદ" છું !" *(સહીહ બુખારી, ૧/૫૦૧)*

બીજી વસ્તુ એ છે કે મોહિબ્બ, મહબૂબના વિશે કોઈ ઐબ સાંભળી નથી શકતો. જો કોઈ ઐબ વર્ણવે તો મોહિબ્બ તરત તેની રદ કરે છે. વલીદ બિન મુગીરાએ આપને મજનૂન કહ્યા તો અલ્લાહ તઆલાએ એના વિશે *(સૂરએ "નૂન"ની ૧૩)* આયતો ઉતારી :–

نٓ وَ الْقَلَمِ وَ مَا یَسْطُرُوْنَۙ (છેવટ સુધી..)

"નૂન–કલમની કસમ ! અને એના જે ફરિશ્તા લખે છે. (હે મહબૂબ !) આપ આપના રબના ફઝ્લથી મજનૂન નથી. અને યકીનન ! આપના માટે કદી ખત્મ ન થનારો અજરો સવાબ છે. અને બેશક ! આપ ખૂબ ઉચ્ચ અખ્લાક પર બિરાજમાન છો. અને નજીકમાં જ આપ જોશો અને તે પણ જોઈ લેશે, તમારામાંથી કોણ મજનૂન હતો. બેશક ! આપનો રબ જ તેને સારી રીતે જાણે છે, જે રાહથી ભટકેલો છે. અને તે હિદાયત પામેલા લોકોને પણ સારી રીતે જાણે છે તો આપ જૂઠલાવનારાઓની વાતથી રંજીદા ન થાવ. તેમણે એવું ચાહ્યું કે આપ એમની સાથે નિરર્થક નરમી કરો. અને આપ કોઈ એવા શખ્સની વાતથી રંજીદા ન થાવ જે ઘણો જ કસમો ખાનાર, ખૂબ જ ઝલીલ (નીચ) ખૂબ જ મહેણા મારનારો, ખૂબ જ હરતો ફરતો ચુગલખોર, નેકીથી મના કરનારો, હદથી વધનારો, સખત ગુનેહગાર, ખૂબ જ બૂરી આદતોવાળો અને એના ઉપરાંત **હરામઝાદો** છે." *(અલ્કલમ, આ. ૧ થી ૧૩)*

એ જ પ્રમાણે જ્યારે નબીએ કરીમ ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہનો વિસાલ થઈ ગયો તો આસ ઈબ્ને વાઈલે આપને અબ્તર (વાંઝિયા) કહ્યા. મઆઝલ્લાહ ! તો અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી :–

اِنَّاۤ اَعْطَیْنٰكَ الْكَوْثَرَؕ فَصَلِّ لِرَبِّكَ وَ انْحَرْؕ اِنَّ شَانِئَكَ هُوَ الْاَبْتَرُ۠

"હે મહબૂબ ! બેશક ! અમે આપને ખયરે કષીર અતા ફર્માવી, તો આપ આપના રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો. બેશક ! આપનો દુશ્મન જ (દરેક ભલાઈથી મેહરૂમ અને) વાંઝિયો છે.

–*(સૂ. કૌષર, આ. ૧ થી ૩)*

સારાંશ કે મહોબ્બતની નિશાની એ છે કે મોહિબ્બ (ચાહનારો) મહબૂબમાં ન કોઈ ઐબ જોઈ શકે છે, અને ન એના સંબંધે કોઈ ઐબ સાંભળવું માન્ય કરી શકે છે.

## રસૂલુલ્લાહ ﷺનો ખૂબ જ વધુ પ્રમાણમાં ઝિક્ર કરવો

રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની ત્રીજી નિશાની એ છે કે મોહિબ્બ, મહબૂબનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર કરે. અલ્લામા અલી મુત્તક઼ી હિંદી ઈમામ દયલમીની મુસ્નદુલ ફિરદૌસના હવાલાથી વર્ણવે છે, હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا વર્ણવે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "જે શખ્સ જે ચીજ સાથે મહોબ્બત કરે છે તેનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર (ઉલ્લેખ) કરે છે." *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૨૫, બૈરૂત)*

અલ્લામા ઝુબૈદીએ પણ આ હદીષનો ઈમામ દયલમીની મુસ્નદુલ ફિરદૌસ તથા ઈમામ અબૂ નુઐમ અસ્ફહાનીની હિલ્યતુલ અવલિયાના હવાલાથી ઉલ્લેખ કર્યો છે. *(ઈત્હાફુસ્સાદતુલ્ મુત્તક઼ીન, ૫/૨૦, ૯/૬૨૧, મિસ્ર)*

અલ્લાહ તઆલા રસૂલુલ્લાહ ﷺનો મોહિબ્બ છે અને તેણે કુર્આન મજીદમાં આપનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર કર્યો છે અને ફર્માવ્યું : اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ "અલ્લાહ અને તેના ફરિશ્તા એ નબી પર સલાત પઢતા રહે છ. (દુરૂદ મોકલતા રહે છે)" *(સૂરએ અહ઼ઝાબ, આ. ૫૬)*

આ વાક્ય ઈસ્મિયા છે તેની ખબર ફેઅલે મઝારેઅ છે અને આ પ્રકારનું વાક્ય દવામે તજદ્દુદી (હમેશાં સતત થનારું કામ) માટે દલીલ પૂરી પાડે છે. એટલે કે અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા નબી પર હમેશાં હમેશાં સલાત પઢતા રહે છે. ફરિશ્તા અલ્લાહ તઆલાથી આપના માટે રહ઼મત તલબ કરે છે, અને અલ્લાહ તઆલા આપના પર રહ઼મત કરતો રહે છે. તેમજ અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ "અને અમે આપના માટે આપના ઝિક્રને બુલંદ કરી દીધું." *(સૂરએ ઈન્શેરાહ, આ. ૪)*

દુનિયામાં કોઈ ન કોઈ જગાએ દરેક સમયે સૂર્યાસ્ત થઈ રહ્યો છે અને જ્યાં સૂર્યાસ્ત થઈ રહ્યો છે ત્યાં અઝાનમાં اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ પઢવામાં આવી રહ્યું છે. એ જ પ્રમાણે દુનિયામાં કોઈ ન કોઈ જગાએ દરેક સમયે ફજર તુલૂઅ થવાનો સમય છે અને ફજરની અઝાન થઈ રહી છે, અને મોટા અવાજે આપનું નામ પઢવામાં આવી રહ્યું છે. સારાંશ કે દરેક ક્ષણે પૃથ્વીના પટ પર આપનો ઝિક્ર બુલંદ થઈ રહ્યો છે અને ક઼યામત સુધી આપનો ઝિક્ર આ જ રીતે બુલંદ થતો રહેશે.

રસૂલુલ્લાહ ﷺ પર ખૂબ જ અધિક પ્રમાણમાં સલાતો સલામ પઢવું, મીલાદની મેહફિલો, સીરતની મેહફિલો ગોઠવવી, આપની અઝમત તથા શાન પર આધારિત નઅતો પઢવી, આ તમામ બાબતો આપની મહોબ્બતની નિશાની છે.

## રસૂલુલ્લાહ ﷺની શાનથી ખુશ થવું

મહોબ્બતની ચોથી નિશાની એ છે કે મહબૂબનો ઝિક્ર સાંભળવાથી મોહિબ્બ ખુશ થાય છે. તો જ્યારે રસૂલુલ્લાહ ﷺની નઅત પઢવામાં આવી રહી હોય, અને આપના ફઝાઈલ તથા કમાલો વર્ણન કરવામાં આવી રહ્યા હોય તો જે ચહેરાઓ પર ખુશી તથા મસર્રતના ભાવો હોય, જે ચહેરા ફૂલની જેમ ખીલી ઉઠે, જે લોકો આપની તારીફ સાંભળીને વજ્દમાં આવવા લાગે અને ખુશીના આવેશમાં નારા લગાડે, તેઓ આપના મોહિબ્બ (ચાહનારા) છે. અને જે લોકોના ચહેરા આપ علیہ الصلوٰۃ والسلامના ફઝાઈલ તથા કમાલો સાંભળીને મુરઝાય જાય, જે લોકો આપની પ્રશંસાઓ તથા ખૂબીઓ સાંભળીને ગુસ્સામાં આવી જાય, જે લોકો આપ ﷺનો ઝિક્ર કરવા તથા આપ પર સલાત પઢવાથી રોકે અને મના કરે તે આપના મોહિબ્બ (મહોબ્બત કરનારા) નથી. *(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::
હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી
:: અનુવાદક ::
મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી

***અનિવાર્ય સંજોગોને કારણે ઘણા સમયથી આ લેખમાળા બંધ હતી, જેને અત્રે ફરીથી શરૂ કરવામાં આવી છે. જેને દિલના કાનોથી વાંચનારની જરૂર સુધારણા થશે. ઈન્શાઅલ્લાહ !*** *–તંત્રી :*

## નાનાં બાળકોને મસ્જિદમાં લાવવાં કેવું ?

દુનિયવી વાતો ઉપરાંત જે ગુનાહ મસ્જિદમાં થાય છે તે બાળકોથી સંબંધિત છે. બાળકોના ત્રણ પ્રકાર હોય છે : જે હજી નાદાન, નાસમજ અને નાનાં હોય છે, અને જેમને મસ્જિદ તથા નમાઝ વિશે કાંઈ સમજ પણ નથી, ન તેમને મસ્જિદના નિયમોનો ઈલ્મ છે. અને એ બાળકોથી એ પણ ખતરો છે કે તે મસ્જિદમાં પેશાબ કરી આપે, અથવા મસ્જિદમાં ખેલે કૂદે અને તેની બેહુર્મતી કરે, જેમ કે પાંચ છ વરસની ઉમર સુધીનાં બાળકો હોય છે. એવાં બાળકોના બારામાં શરઈ હુકમ એ છે કે એમને મસ્જિદમાં ન લાવવામાં આવે. અને માબાપે એ વાતનો ખયાલ રાખવો જોઈએ કે એવાં બાળકોને મસ્જિદમાં ન લાવે (ન મોકલે). જો તેઓ લાવશે તો મસ્જિદની બેહુર્મતી (બેઅદબી) કરશે **જેનો ગુનોહ લાવનાર પર જશે.** મસ્જિદના વ્યવસ્થાપકો પણ એવાં બાળકોને મસ્જિદમાં આવવાથી રોકી શકે છે. હક઼ીક઼તમાં વાત એ છે કે શરીઅતમાં દરેક ચીજની હદ નિશ્ચિત છે એ હદોની આપણે સૌએ પાબંદી કરવી જોઈએ.

બાળકોનો બીજો પ્રકાર તે છે જેઓ એમનાથી થોડાંક મોટાં હોય છે, જેઓ સાત વરસથી ૧૧ વરસની ઉમર સુધીનાં હોય છે. એવાં બાળકો મસ્જિદને મસ્જિદ સમજે છે, અને ઘણો ખરો એહતેરામ પણ કરે છે, પણ હજી સંપૂર્ણ સમજ ન હોવાના કારણે પૂરો એહતેરામ (અદબ) જાળવી રાખવા સમર્થ નથી હોતાં. એવાં બાળકોને મસ્જિદમાં લાવવાં જાઈઝ છે, પણ તેમને પોતાની નિગરાનીમાં રાખી એવી કોઈ હરકત ન કરવા દે જે મસ્જિદના આદાબની વિરુદ્ધ હોય.

ત્રીજો પ્રકાર બાળકોનો તે છે જેઓ બાલિગ થવાની નિકટ છે જેમની ઉમર ૧૨ થી ૧૪ વરસની હોય છે. અલ્બત્ત **૧૫ વરસની ઉમરમાં બાળક શરીઅતની રૂએ બાલિગ સમજવામાં આવે છે,** ચાહે તેની અંદર બાલિગ થવાની નિશાની જાહેર હોય કે ન હોય. એવાં બાળકોના બારામાં એ હુકમ છે કે એમને મસ્જિદમાં લાવવાં જોઈએ જેથી તેમને નમાઝ બાજમાઅત પઢવાની આદત પડી જાય. કેમ કે **બાલિગ થતાં જ તેમના પર નમાઝ ફર્ઝ થઈ જશે અને જમાઅત સાથે મસ્જિદમાં નમાઝ પઢવી વાજિબ થઈ જશે.** જો આપણે તેમને પહેલેથી બાજમાઅત નમાઝનાં આદી (આદતવાળાં) ન બનાવ્યાં તો બાલિગ થયા બાદ આદત પડવામાં મોડુ થશે, જેનું પરિણામ એ આવશે કે તેઓ નમાઝો પણ ક઼ઝા કરશે અને જમાઅત પણ છોડશે. જેથી જ્યારે બાળક બાલિગ થવાની નજીક પહોંચી જાય તો તેને મસ્જિદમાં

લાવવાનું શરૂ કરી આપે અને ઘરમાં તેમને બતાવતા રહે કે મસ્જિદનો એહતેરામ કઈ રીતે કરવામાં આવે.

## બેનમાઝીનો ભયાનક અંજામ !

કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَاَقِيْمُوا الصَّلٰوةَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ "નમાઝ કાયમ કરો અને મુશ્રિકોમાંથી ન બનો !" *(સૂરએ રૂમ, આ. ૩૧, સૂરત નં. ૩૦)* મુફસ્સિરો કહે છે કે وَلَا تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ ફિત્રતી તૌહીદની તાકીદ છે જેનું વર્ણન પહેલી આયતોમાં વર્ણવવામાં આવેલ છે. અથવા તો નમાઝથી સંબંધિત છે, કેમ કે **નમાઝને છોડવી એ અમલી કુફ્ર છે.**

ઉલમાએ કિરામ ફર્માવે છે કે આ વર્ણવેલ આયતોથી જાણવા મળે છે કે મો'મિનની જાહેરી નિશાની નમાઝ પઢવું છે, અને **નમાઝ ત્યજવું (ન પઢવું) એ મુશ્રિકની નિશાની છે.**

હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "કુફ્ર તથા ઈમાન વચ્ચે ભેદરેખા નમાઝનું ત્યજવું છે." (તિર્મિઝી શરીફ) મતલબ એ છે કે **જેણે નમાઝ છોડી તેણે જાણે કે કુફ્ર સાથે મિત્રતા જોડી.** જેથી નમાઝને છોડવું એ કુફ્ર સાથે સંબંધ જોડવું છે.

ઈમામ અહમદ ઈબ્ને હંબલ અને મુહદ્દિષ દારમી અને મુહદ્દિષ બયહકી رحمۃ اللہ علیہم اجمعین એ પોતાની કિતાબ શોઅબુલ ઈમાનમાં આ હદીષ નક્લ કરી છે જેનું લખાણ આ પ્રમાણે છે :–

- ❑ બેનમાઝી કયામતના દિવસે બેનૂર હશે.
- ❑ બેનમાઝી પોતાના ઈમાન પર કોઈ દલીલ કાયમ કરી શકશે નહીં.
- ❑ બેનમાઝીને માટે કોઈપણ ઝરીયો છૂટકારાનો હશે નહીં.

આ પરથી સાબિત થયું કે બેનમાઝી મુસલમાનોનો સાથી નથી બલ્કે કાફિરોનાનો સાથી છે. કુર્આન પાકમાં ૧૪મા પારામાં ઈર્શાદ થાય છે, "જેમણે નમાઝ વેડફી કાઢી અને નફસાની ખ્વાહિશાત (મનેચ્છા)ની પાછળ પડી ગયા તો નજીકમાં જ એવા લોકોને "ગય્ય"માં દાખલ કરવામાં આવશે. "ગય્ય" શું છે ? "ગય્ય" જહન્નમમાં એક વાદીનું નામ છે, (વાદી એટલે બે પહાડો વચ્ચેનું સપાટ મેદાન) જેની ગરમી તથા ઊંડાઈ સૌથી અધિક છે. એમાં એક ભયાનક કૂવો છે જેનું નામ "હબ હબ" છે. જ્યારે જહન્નમની આગ ઓલવાવા પર આવે છે તો અલ્લાહ તઆલા એ કૂવાને ખોલી દે છે જેનાથી તે અગાઉ જેમ ભડકવા લાગે છે. **આ ભયાનક કૂવો બેનમાઝીઓ, વ્યભિચારીઓ (ઝાનીઓ), શરાબીઓ અને માબાપને તકલીફ આપનારાઓના માટે છે.** સૂરએ મુદ્દષ્ષિરમાં ઈર્શાદ થાય છે : **"જન્નતી લોકો જહન્નમીઓને સવાલ કરશે કે તમને કઈ વાત દોઝખમાં લઈ ગઈ ?! તેઓ કહેશે, અમે નમાઝ પઢતા ન હતા."**

એક હદીષમાં એ લખાણ મૌજૂદ છે કે, **જો જહન્નમને સોયના નાકા બરાબર દુનિયાની તરફ ખોલી દેવામાં આવે તો તમામ જમીનવાળાઓ એની ગરમી તથા દુર્ગંધથી નષ્ટ થઈ જાય, મરી જાય."** તો જે બદ્નસીબ પોતે જ જહન્નમમાં દાખલ થશે તેનું શું થશે ?!

હે બેનમાઝીઓ ! તમારા માટે ચિંતનનો મકામ છે કે જો ખુદા તઆલા નારાજ થઈ ગયો તો ઘણો જ બુરો અંજામ થશે. જેથી અલ્લાહ વ રસૂલને ખાતર અત્યારે અને આ જ ઘડીએ સાચા દિલથી તૌબા કરીને બાજમાઅત નમાઝોની વ્યવસ્થા કરો, અને જેટલી નમાઝો કઝા થઈ તેનો હિસાબ લગાડીને "કઝાએ ઉમરી"ની રીતે પણ અદા કરો.

મેઅરાજની રાત્રે સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلم

એવા લોકો પાસેથી પસાર થયા. જેમનાં માથાં પથ્થર વડે ફોડવામાં આવી રહ્યાં હતાં, અને જ્યારે તે કચડી નાખવામાં આવતાં તો બીજીવાર ફરી અસલી હાલતમાં થઈ જતાં. અને આ ક્રમ થોડીવાર માટે પણ બંધ થતો ન હતો. આપ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં જિબ્રઈલ علیہ السلامએ કહ્યું કે આ નમાઝમાં સુસ્તી કરવાવાળા લોકો છે. *(તફસીરે દુર્રે મન્સૂર લિલ્અલ્લામા સિયૂતી, ૪/૧૪૪)*

## ક઼બ્રમાં બેનમાઝીના અઝાબ માટે ગંજો અજગર !

આ હદીષ ઘણી મશ્હૂર છે : નમાઝમાં સુસ્તી કરનારને ક઼બ્ર એ રીતે દબાવશે કે એની પાંસળીઓ એકબીજામાં પ્રવેશી જશે, તેમજ તેની ક઼બ્રમાં આગ સળગાવવામાં આવશે અને રાત દિવસ તેમાં ઉલટ પલટ કરવામાં આવશે. અલ્લાહ ﷻ એની ક઼બ્રમાં એક અજગર સાપ લાગુ કરી દેશે જેનું નામ "અશ્શુજાઉલ્ અક઼રઅ્" (બોડો સાપ) છે. એની આંખ આગની અને નખો લોખંડના છે. દરેક નખની લંબાઈ એક દિવસના અંતર જેટલી હશે. તેનો અવાજ વીજળીના કડાકા જેમ હશે. તે એને કહેશે, મને મારા રબે હુકમ આપ્યો છે કે હું તને ફજરની નમાઝ છોડી દેવાની સજામાં ઝોહર સુધી મારું, અને ઝોહર છૂટવાની સજામાં ઝોહરથી અસર સુધી, અને અસર છોડવાની સજામાં અસરથી મગરિબ સુધી, અને મગરિબ છોડવાની સજામાં ઈશા સુધી, અને ઈશા છોડવાના કારણે ઈશાથી ફજર સુધી માર લગાવું. તે જ્યારે પણ મારશે તો મુડદુ (બેનમાઝી) સિત્તેર ગજ જમીનમાં ધસી જશે. પછી અજગર પોતાના નખો જમીનમાં દાખલ કરીને તેને કાઢશે. **બેનમાઝીની આ સજા ક઼યામત સુધી સતત ચાલુ રહેશે !**

*બેનમાઝી તેરી શામત આયેગી*
*ક઼બ્ર કી દીવાર બસ મિલ જાએગી*
*તોળ દેગી ક઼બ્ર તેરી પસ્લિયાં*
*દોનોં હાથોં કી મિલેં જો ઉંગ્લિયાં*
*ઉમ્રમેં છૂટી હૈ ગર કોઈ નમાઝ*
*જલ્દ અદા કર લે તૂ આ ગફલતસે બાઝ*
*કર લે તૌબા રબ કી રહ્‌મત હૈ બળી*
*ક઼બ્રમેં વરના સજા હોગી કળી*

## ઝાનિયા ખૂની સ્ત્રી કરતાંય બેનમાઝી બદ્‌તર

કિતાબુઝ્ ઝવાજિરમાં અલ્લામા ઈબ્ને હજર બયહક઼ી મક્કી رحمۃ اللہ علیہ આ રિવાયત નક઼લ કરે છે કે બની ઈસ્રાઈલની એક સ્ત્રી હઝરત મૂસા علیہ السلامની પાસે આવીને એ અર્ઝ કરવા લાગી કે, હે હઝરત ! મારાથી એક ઘણો જ મહાન ગુનોહ થઈ ગયો છે અને મેં એ ગુનાહથી તૌબા પણ કરી લીધી છે, પણ આપ પણ મારા માટે મગફિરતની દુઆ ફર્માવો તો બેહતર છે. મૂસા علیہ السلامએ પૂછયું કે કયો ગુનોહ તારાથી થયો છે ? એ સ્ત્રીએ જવાબ આપ્યો કે, હુઝૂર ! પહેલા તો મારાથી ઝિના થયો, પછી એ ઝિનાના પરિણામે જે બાળક પેદા થયું તેને મેં મારી નાખ્યું ! તે સ્ત્રીની આ વાત સાંભળીને મૂસા علیہ السلامનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો, અને ફર્માવ્યું કે અહીંથી જલ્દી નીકળી જા કે ક્યાંક તારા કારણે અમારા પર પણ અઝાબ નાઝિલ ન થઈ જાય ! તે સ્ત્રી આપ علیہ السلامની આ હાલત જોઈને ચાલી નીકળી. તેનાં જતાં જ હઝરત જિબ્રઈલ علیہ السلام તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, હે મૂસા ! રબ્બુલ આલમીન આપને એવું પૂછે છે કે એ સ્ત્રી કરતાં વધુ બુરી કોઈ સ્ત્રી, અને આ સ્ત્રીના કુકર્મ કરતાં વધુ બુરુ કોઈ કુકર્મ તમારી વધુ પેજ 18 પર..

# અલ્લાહવાળાઓની વાતો

રજૂકર્તા
હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ (દયાદરા)

*મો'મિન બંદો જ્યારે શરીઅતની પાબંદી, ફર્ઝો, વાજિબો, સુન્નતોની પાબંદીની સાથોસાથ નફ્લોની ખૂબ અદાયગી કરતો રહે છે તો અલ્લાહનો વલી બની જાય છે. પછી તેનો મક઼ામ કાંઈક ઔર જ હોય છે. હદીષે કુદ્સી છે :*

*(ભાવાર્થ) : રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે ,"અલ્લાહ ફર્માવે છે કે જ્યારે મારો બંદો નફ્લોની અધિક્તા થકી મારો કુર્બ (નઝદીકી) હાંસલ કરી લે છે તો હું એનો હાથ બની જાઉં છું જેના વડે તે પકડે છે, હું એનો પગ બની જાઉં છું જેનાથી તે ચાલે છે, હું એની આંખ બની જાઉં છું જેનાથી તે જુએ છે...." સારાંશ કે રબની કુદરત તેના દરેક કાર્યમાં સામેલ રહે છે. તો પછી કેવાં પરિણામો જાહેર થાય છે તે વાંચો અને ઈમાનને તાજુ કરો.*

**મુર્દા ગાય જીવતી થઈ ગઈ :** આલે નબી, અવલાદે અલી, ઈમામોના ઈમામ સૈયદના હઝરત ઈમામ જાઅફર સાદિક઼ رضی اللہ عنہ એક વખત મક્કા શરીફમાં ફરી રહ્યા હતા. અચાનક એક સ્ત્રી પાસેથી આપ પસાર થયા જેની આગળ એક મરેલી ગાય પડેલી હતી અને એ સ્ત્રી પોતાના બાળકો સાથે રૂદન તથા કકલાટમાં મશ્ગૂલ હતી. આ ગમગીન સ્ત્રી પર હઝરત ઈમામને ઘણી દયા આવી. આપ એની હાલત જોઈને તડપી ઉઠયા અને આપે તેણીને પૂછયું, શું હાલ છે ? તો તેણીએ રડતાં રડતાં કહ્યું, મારો અને મારા બાળકોનો આ ગાયથી ગુજારો થતો હતો, હવે એ મરી ગઈ જેથી હું ખૂબ જ પરેશાન છું. હવે હું શું કરૂં ?! મારું કોઈ ઠેકાણુ કે આશરો નથી, ખુદારા ! મારી મદદ ફર્માવો ! આપે ઈર્શાદ ફર્માવ્યો, તું શું ચાહે છે ? તો તેણીએ કહ્યું, મારી ઈચ્છા છે કે ખુદા આ ગાયને જીવતી કરી દે જેથી મારૂં ખાનદાન ફાક઼ા પર મજબૂર ન થાય. આપે ગાયની પાસે ઉભા રહી બારગાહે ખુદામાં દુઆ ફર્માવી અને ગાયને એક ઠોકર મારી તો એ જીવતી થઈ ઉભી થઈ ગઈ ! આપ આમ લોકોમાં જઈને ભેગા મળી ગયા અને એ સ્ત્રીને ખબર ન પડી કે જે હસ્તીની દુઆથી ગાય જીવતી થઈ એ કોણ હતા ! આને કહે છે અલ્લાહના વલી !

**નદી ઉલ્ટી વહેવા લાગી :** ખ્વાજએ ખ્વાજગાન ખ્વાજા બહાઉદ્દીન નકશબંદી رحمۃ اللہ علیہ એક દિવસ શૈખ શમ્સુદ્દીન કલાં رحمۃ اللہ علیہની સાથે નદીના કિનારે બેઠેલા હતા અને આપસમાં વાતચીતમાં હતા. નદી શૈખ સૈફુદ્દીન رحمۃ اللہ علیہ તથા શૈખ હસન رحمۃ اللہ علیہ ના મઝારાતની બિલકુલ સામે વહેતી હતી. એમની આપસની વાતચીત દરમિયાન બુઝુર્ગોના સામાન્ય કુદરતી નિયમ વિરૂધ્ધ કમાલો તથા કરામતોનો ઉલ્લેખ આવી ગયો. આ દરમ્યાન શૈખ શમસુદ્દીન કલાં رحمۃ اللہ علیہએ કહ્યું કે અવલિયાના તસર્રુફાત હક઼ છે. અને એની સાથે જ એમણે ફર્માવ્યું કે હઝરત ! શું આ જમાનામાં પણ એવા કરામતવાળા બુઝુર્ગ મૌજૂદ છે જેની હાજરીથી આવા ઈમાન અફરોઝ હાલાત જોવામાં આવતા હોય ? હઝરત ખ્વાજા સાહબે ઈર્શાદ ફર્માવ્યો કે આવા તસર્રુફાતવાળા બુઝુર્ગો દરકે જમાનામાં મૌજૂદ હોય છે. દા.ત. જો એઓ આ નદી તરફ ઈશારો કરી દે તો આ નદી ઉલ્ટી વહેવા લાગી. તેમણે એ નદી તરફ ઈશારો કર્યો હતો જે એમની સામે વહી રહી હતી. એમની ઝુબાન મુબારકથી આ શબ્દો

નીકળતાંની સાથે જ એ નદી ઉલ્ટી વહેવા લાગી ! આ મંઝર જોઈને આપે ઈર્શાદ ફર્માવ્યો કે હું એ નથી ચાહતો કે આ નદી ઊલ્ટી વહે. હઝરત ખ્વાજા رحمۃ اللہ علیہનું આ ફર્માવવું હતું કે નદી જેમ પહેલાં વહેતી હતી તેમ વહેવા લાગી. નદીના બન્ને કિનારા પર મૌજૂદ ઘણા લોકોએ આ કરામતને જોઈ અને હઝરત ખ્વાજાના કમાલ અને વિલાયતનો સ્વીકાર કર્યો.

**હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ અને એક વૃદ્ધા** : સૈયેદુત્તાઈફા હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ હઝરત બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہના વિશે ઈર્શાદ ફર્માવે છે કે અમારી જમાઅતમાં બાયઝીદ એવા છે જેમ કે હઝરત જિબ્રઈલ علیہ السلام ફરિશ્તાઓમાં છે.

હઝરત બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہથી પૂછવામાં આવ્યું કે આપના પીર (રાહબર) કોણ છે ? આપે જવાબ આપ્યો કે એક "વૃધ્ધા" ! હું એકવાર ખૂબ જ ગલ્બા અને ઝોક઼ શોક઼થી હમ્દમાં તલ્લીન હતો કે મારામાં અકે બાલ બરાબર પણ બીજી કોઈ ચીજની ગુંજાઈશ ન હતી. હું બેખુદીની હાલતમાં રણમાં ચાલ્યો ગયો. ત્યાં એ વૃધ્ધા આટાનો થેલો લઈને આવી અને મને કહ્યું, ઉઠાવી લો ! મારી એ હાલત હતી કે હું મને પોતાને પણ સંભાળી શક્તો ન હતો. મેં એક સિંહને ઈશારો કર્યો, એ આવ્યો. મેં આટો એની પીઠ પર મૂકી દીધો અને વૃધ્ધાથી કહ્યું કે તું શહેરમાં જઈશ તો શું કહીશ કે તેં કોને જોયો હતો ? તેણીએ જવાબ આપ્યો કે હું કહીશ કે મેં એક જાલિમ અને ઘમંડીને જોયો ! મેં કહ્યું, ડોશીમા ! કાંઈક હોશમાં આવો ! શું કહો છે ?! વૃધ્ધા બોલી કે બતાવો સિંહ આવા કામો માટે પાબંદ છે કે નહીં ? મેં કહ્યું, નહીં ! તેણીએ જવાબમાં કહ્યું કે જેને ખુદાએ પાબંદ નથી બનાવ્યો તેને પાબંદ કરવો જુલ્મ છે કે નથી ? મેં કહ્યું, હા ! પછી વૃધ્ધાએ કહ્યું, તું આ વાત છતાં ચાહે છે કે શહેરના લોકો જાણે કે સિંહ તારો ફર્માબર્દાર છે અને તું સાહિબે કરામત છે ! આ બડાઈ મારવું છે. આ સાંભળી મેં તૌબા કરી અને બુલંદીથી પસ્તી તરફ આવી ગયો. વૃધ્ધાની આ વાતચીત મારી પીર (માર્ગદર્શક) છે. આ વાક઼િયા પછી એવી આજીજી અને ઈખ્લાસ પેદા થયો કે આપ رحمۃ اللہ علیہ પોતાને કીડા, મકોડા અને નિર્જીવ પ્રાણી, વૃક્ષોને ઈજા આપવાથી બચાવતા જે નીચે જણાવેલ વાક઼િઆતથી જાહેર થાય છે.

**જમીન ઉપર લાકડી ફેંકવા પર માફી ! :** એક વખત હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ જામા મસ્જિદમાં તશરીફ લઈ ગયા. અને પોતાનો અસો (લાકડી) જમીન પર ખોસી દીધો. એની બાજુમાં એક શૈખે એમનો અસો ખોસેલો હતો. સંજોગોવસાત આપનો અસા મુબારક એ શૈખના અસા પર પડી ગયો. શૈખે ખામોશીથી ઝુકીને પોતાનો અસો ઉઠાવી પોતાના ઘરે ચાલ્યા નીકળ્યા. આપ પણ એના ઘરે પહોંચ્યા અને માફી માગી અને કહ્યું, આપને ઝુકવાની તકલીફ એટલા માટે ઉઠાવવી પડી કે મેં મારો અસો સારી રીતે મૂકયો ન હતો, બાકી તમને ઝુકવાની જરૂરત ન પડતી. માટે તમે મને માફ કરી દો ! આપનું અહેસાન નહીં ભૂલું.

**કીડીઓના આરામનો ખયાલ ! :** નકલ થયેલ છે કે આપ (બાયઝીદ) મક્કા શરીફથી પાછા ફરી રહ્યા હતા. જ્યારે હમ્દાન પહોંચ્યા તો આપે કુસુમનાં બીજ ખરીદી આપના ખિરકામાં બાંધી લીધાં. બુસ્તામ આવી એને ખોલ્યું, તો એમાં કેટલાક કીડા નજર આવ્યા. ફર્માવ્યું, મેં બીચારા આ કીડાઓને બેવતન કર્યા છે ! એઓ ઘણા પરેશાન હશે. આમ કહેતાં જ ઉઠીને પાછા હમ્દાનની બાજુ રવાના થઈ ગયા. અને એમને એઓના ઠેકાણા પર પહોંચાડી દીધા, જ્યારે કે આપ ખૂબ જ થાકેલા હતા અને આપને આરામની ખૂબ જ જરૂરત હતી.

**બાળકના રડવાથી તકલીફ :** આપનો એક પાડોશી આગનો પૂજારી હતો જેને ત્યાં એક દૂધ પીતુ બાળક હતું. એ સફર પર ગયો તો એનું બાળક રાતના અંધારામાં રડતુ રહેતુ હતું જેનાથી આપને ઘણી તકલીફ થતી હતી. આપ દરરોજ એના ઘરે ચિરાગ મૂકી આવતા, જેના અજવાળાથી બાળક રમતુ રહેતું. જ્યારે અગ્નિપૂજક ઘરે આવ્યો તો તેની પત્નીએ તેના પતિને શૈખનુ વર્તન બયાન કર્યું. અગ્નિપૂજકે કહ્યું કે અફસોસ ! શૈખની રોશની આપણા ઘરે આવી અને આપણે અંધારામાં રહ્યાં ! એ જ વખતે એ બીવી બચ્ચા સાથે આપની ખિદમતમાં હાજર થયો અને ઈસ્લામ અંગીકાર કરી લીધો.

**મુરીદનું નામ દરરોજ ભૂલી જતા :** આપની મશ્ગૂલિયતનો એ આલમ હતો કે એક મુરીદ ૨૦ વર્ષો સુધી આપને ખિદમતમાં રહ્યો. આપ લગાતાર એને દરરોજ બોલાવતા અને એનું નામ પૂછતા. આખરે એકવાર તેણે અર્ઝ કરી કે ઘણા સમયથી આપની ખિદમતમાં છું, તો પણ આપ દરરોજ મારું નામ પૂછો છો ?! આપે ફર્માવ્યું કે હક઼ીક઼ત એ છે કે જ્યારથી અલ્લાહનું નામ દિલમાં સમાયું છે, હું બધાં જ નામો ભૂલી ગયો છું ! એટલા માટે દરરોજ તારૂં નામ પૂછી લઉં છું.

**નમાઝ દોહરાવવું :** જ્યારે આપ નમાઝ પઢતા તો અલ્લાહની હૈબત (ખૌફ) અને શરીઅતની તાઝીમના કારણે આપની છાતીનાં હાડકાંમાંથી એવો ચર ચર અવાજ આવતો કે લોકો એ આવાજને સાંભળ તા. એક દિવસ આપે આવી જ કૈફિયતની સાથે મસ્જિદમાં ઈમામના પાછળ જમાઅત સાથે નમાઝ પઢી. મસ્જિદનો ઈમામ જે આપનાથી જાન પહેચાન ધરાવતો હતો, નમાઝથી ફારિગ થયા તો સલામ કલામ પછી પૂછવા લાગ્યો કે શૈખ ! જાહેરી રીતે આપ કોઈ કમાણી નથી કરતા, અને ન કોઈનાથી કોઈ સવાલ કરો છો, તો આપ ક્યાંથી ખાવ અને પીઓ છો ? આપે તરત ફર્માવ્યું, થોભો ! હું નમાઝને દોહરાવી લઉં ! કેમ કે જે શખ્સ રોજી આપવાવાળાને નથી જાણતો તો એની પાછળ નમાઝ જાઈઝ નથી.

**ક઼બ્રે અત્હરની ઝિયારત માટે મદીના મુનવ્વરાનો સફર :** કહેવામાં આવે છે કે આપ ઈર્શાદ ફર્માવતા હતા કે મદીનાની ઝિયારતને હજના તાબેઅ કરવું અદબની વિરૂધ્ધ છે. માટે આપે ઝિયારતે રૌઝએ રસૂલ ﷺની નિય્યતની એકલો સફર કર્યો અને મદીના મુનવ્વરા પહોંચી. રોઝએ નબી ﷺ પર ઝૌક઼ તથા શોક઼ અને ખુશૂઅ તથા ખુઝૂઅ સાથે હાજરી આપી.

**શરીઅતનો એહતેરામ :** આપ (બાયઝીદ બુસ્તામી)નો ઈર્શાદ છે કે જો તમે કોઈ શખ્સને હવામાં ઉડતો જુઓ તો એના પર ફિદા ન થઈ જાવ ! જ્યાં સુધી એ ન જોઈ લો કે તે કરવા, ન કરવાના હુકમો (રબના), શરઈ પાબંદીઓ અને શરીઅતના નિયમોની હિફાઝત તથા શરીઅતની પાબંદીમાં કેવો છે ? આના અનુસંધાનમાં બયાન કરવામાં આવે છે કે આપના ભાઈના પુત્ર ઉમ્મી બુસ્તામીએ આપનાથી અર્ઝ કરી કે અમારી સાથે ચાલો, એ શખ્સને જોવા જેણે પોતાને વલી મશહૂર કરી રાખ્યો છે. જ્યારે તે તેના ઘરે પહોંચ્યા તો જોયું કે તેણે ક઼િબ્લાની સામે પોતાનુ થૂક ફેંક્યું. આ જોઈ આપ તરત જ ત્યાંથી પાછા આવી ગયા ! અને તેને સલામ સુધ્ધાં ન કરી અને ઈર્શાદ ફર્માવ્યો, આ શખ્સ હુઝૂર ﷺના આદાબમાંથી એક અદબ પર અમીન તથા વિશ્વસનીય નથી, તો જે વિલાયતનો એ દાવો કરે છે એમાં કઈ રીતે વિશ્વાસ કરવા લાયક થઈ શકે છે.

*–(નૂરુલ હબીબ મંથલી, ફેબ્રુ–૨૦૧૭, બસીરપુર)*

## માબાપો આવાં હોય તો બાળક ઈમામ શાફઈ બને છે !

(કાર્યાલય)

બાળકોને ભલાઈની દાવત બચપનથી આપવામાં આવે અને જે એમના અખ્લાક઼ી જુર્મ (બુરી આદતો) હોય તેના પર સખત ધમકાવવામાં આવે જેથી તે ફરીથી એ જુર્મ ન કરે. અમુક બાળકો એવાં હોય છે કે વારંવાર કહેવા છતાં નથી માનતાં, છતાં માબાપે સતત તેમને કહેતા રહેવું જોઈએ, કેમ કે કોઈ બુરી આદતો એમની અંદર ન આવવી જોઈએ. એટલા માટે હરામ હલાલના બારામાં એમને બતાવવામાં આવે. બાળકને બચપનથી જ બતાવવામાં આવે કે આ ચીજો હરામ છે, આ તમારા માટે જાઈઝ નથી, આ તમારા માટે મકરૂહ છે.

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ બચપનના જમાનામાં મસ્જિદે નબવીમાં તશરીફ લાવ્યા તો ત્યાં સદક઼ાની ખજૂરોનો એક ઢગલો પડેલો હતો તેમાંથી એક ખજૂર ઉઠાવીને મોમાં રાખી દીધું. હુઝૂર ﷺએ જોયું તો ઝડપભેર આગળ વધ્યા અને તેમના ગળામાં આંગળી નાખીને ખજૂર કાઢી લીધી અને કહ્યું કે આ સદક઼ાની ખજૂર તમારા માટે જાઈઝ નથી. આ બાળકની કેળવણી હતી કે પછી પૂરી જિંદગી પાકીઝા રહે. હવે જ્યારે માબાપ ખૂદ હરામ લઈ રહ્યા હોય અને બાળકોને પણ હરામ ખવડાવી રહ્યાં હોય, તો પછી મોટાં થઈને બાળકો પાસે કોઈ ભલાઈની અપેક્ષા નથી રાખી શકાતી કે મોટાં થઈને તે સાલેહ (નેક) બની જશે. કેમ કે તે હરામ તેમની તબીઅ઼તની અંદર પ્રવેશી ગયું છે, તેમના લોહીમાં ભરી ગયું છે. જેથી બાળકોને બાળપણથી જે આવી વાતોથી ટોકવામાં આવે, મના કરવામાં આવે, રોકવામાં આવે. નથી રોકાતાં છતાં વારંવાર રોકે જેથી તે હલાલ તલાશ કરે, હરામની તરફ તેમનું ધ્યાન સુધ્ધાં ન જાય, તે અસમંજશમાં ન રહે બલ્કે અડગ થઈ જાય કે હરામ છે વાત ખતમ !

પોતાની ઔલાદને કુર્આન પઢવાનું શીખવાડો. તમારુ સૌથી તેજ દિમાગવાળુ બાળક રાહે ખુદામાં નાખો, તેની તર્બિયત કરો અને તેમને કહો, બેટા ! હું તમને રોજી રોટી માટે નથી પઢાવતો તમને અલ્લાહના દીનના માટે પઢાવું છું.

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہની માએ જ્યારે ઈમામ શાફઈને રવાના કર્યા તો તે ગયા અને ઈમામ માલિક رضی اللہ عنہ પાસે પઢતા રહ્યા. જે દિવસે ઈમામ શાફઈ ફારિગ થયા તો લોકોએ એટલાં ઈનામો આપને આપ્યાં કે કેટલાયે ઊંટો ઈનામોથી લદાય ગયાં ! ઈમામ શાફઈ رضی اللہ عنہનાં વાલિદા વિધવા હતાં અને તેમને એક જ આ પુત્ર હતો. સમજો કે જે કમાઈ હતી તે રાહે ખુદામાં નાખી દીધી હતી. તો જે દિવસે ઈમામ શાફઈ رضی اللہ عنہ પઢીને પરત આવ્યા તો આપનાં મા તથા આપનાં માસી મક્કા શહેરથી બહાર આપને લેવા માટે આવ્યાં તો દૂરથી ઊંટોની લાઈન જોવામાં આવી. તેમણે પૂછયું કે આ ઊંટોની લાઈન કેવી છે ? તો કોઈએ કહ્યું કે તમારો પુત્ર ફારિગ થયો તો એને એટલાં ઈનામો મળ્યાં છે કે તે માલામાલ થઈ ગયો છે ! ઈમામ શાફઈ رضی اللہ عنہ કહે છે કે જ્યારે હું આવ્યો તો મારી મા એક રેતીના ટેકરા પર બેઠાં હતાં. મેં છલાંગ લગાડી અને માને સલામ કરી, પણ માના ચહેરા પર ગુસ્સો હતો ! મેં કહ્યું, અમ્મી ! હું હુઝૂર ﷺની હદીષો પઢીને આવ્યો છું અને કેટલાય વરસો પછી આવ્યો છું, છતાં આપ નારાજ જણાવ છો ?! તો કહ્યું કે મેં તને હુઝૂર ﷺની હદીષો જમા કરવા મોકલ્યો હતો, માલ જમા કરવા માટે મોકલ્યો ન હતો ! હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ કહે છે કે મેં કહ્યું કે અમ્મી શું કરું ?! બેટા ! જેઓ ભૂખ્યાં છે તેમને અનાજ આપી દો ! જેઓ નગ્ન છે તેમને લિબાસ આપી દો ! તો

ઈમામ શાફઈ રઝિયલ્લાહો અન્હોએ કેવળ થોડાક દિરહમ જ ખિસ્સામાં રાખ્યા, બાકી ત્યાં ઉભા ઉભા જ સર્વ માલ રાહે ખુદામાં વહેંચી નાખ્યો ! એક વિધવાનો યતીમ બાળક વરસો બાદ આજે આવી રહ્યો છે અને આટલો બધો માલ લઈને આવ્યો છે તો માએ તો ખુશખુશાલ થઈ જવું જોઈતું હતું ! કે મારો બાળક દીન પણ પઢયો અને આટલો બધો માલ પણ લઈને આવ્યો ! પરંતુ કહ્યું, **શાફઈ ! મેં તને દીન પઢવા માટે મોકલ્યો હતો, માલ કમાવા માટે મોકલ્યો ન હતો** ! તો માઓ જ્યારે આવી હોય છે તો બેટા ઈમામ શાફઈ જ બને છે !

તો તમારી ઔલાદની અંદર દુનિયાનું જે આકર્ષણ તથા લાલચ પેદા થઈ જાય છે તેને કાઢવાની કોશિશ કરો. આ ડાબે જમણે ઊંચી ઊંચી બિલ્ડિંગો, મહેલો, આ ચમક દમક જુએ છે તો મદ્રસામાં પઢાવતા ઉલમાના પુત્રો, પીરાને એઝામના પુત્રો પણ તેની પાછળ દોડવા લાગે છે ! અરે મિયાં ! તમે શા માટે દોડો છો ? **આપણો સૌથી મોટો સરમાયો મુહમ્મદે અરબી ﷺનો દીન છે.** તમને શું થઈ ગયું કે દુનિયાની પાછળ ભાગો છો ?! આપણી ઈજ્જત દૌલત તો હુઝૂર ﷺના કદમોમાં રહેવામાં છે. તો ખાસ કરીને એક આલિમે દીને તથા મશાઈખે પોતાના બાળકોના દિલમાંથી દુનિયાની મહોબ્બત કાઢવી જોઈએ એટલે જ તો ઈમામે શાફઈ રઝિયલ્લાહો અન્હોની માએ સર્વ માલ ખૈરાત કરાવી આપ્યો.

*–(બયાન : રઝા સાકિબ)*

પેજ 36 નું ચાલુ..

પરંતુ માટીમાં એટલી આરઝૂઓ લઈને ચાલ્યા ગયા કે જો એમનામાંથી કોઈ એકને પણ તમામ આસ્માનોના મુકાબલામાં રાખવામાં આવે તો તે ભયભીત થઈને ટુકડે ટુકડા થઈ જાય.

**ચેતવણી :** બચપનમાં આપનાથી એક ગુનોહ થઈ ગયો હતો જેના લીધે આપ જ્યારે કદી કોઈ નવુ પહેરણ તૈયાર કરાવતા તો એના ગરેવાન પર તે ગુનોહ લખી દેતા અને એને જોઈને એટલા પ્રમાણમાં રૂદન કરતા કે બેહોશી છવાઈ જતી.

**નસીહત :** એકવાર ઉમર બિન અબ્દુલ અઝીઝ રઝિયલ્લાહો અન્હોએ આપને પત્ર મોકલતાં લખ્યું કે મને કોઈ એવી નસીહત કરો જે મારાં સર્વ કામોમાં મદદગાર થઈ શકે. જવાબમાં આપે લખ્યું કે જો અલ્લાહ તઆલા તમારો મદદગાર નથી તો પછી કોઈનાથી પણ મદદની અપેક્ષા હરગિઝ ન રાખો. પછી બીજા પત્રના જવાબમાં લખ્યું કે એ દિવસને ખૂબ જ નજીક સમજતા રહો જે દિવસે દુનિયા ફના થઈ જશે અને કેવળ આખેરત જ બાકી રહેશે.

**એકાંતની ફિલોસોફી :** જ્યારે બિશ્ર હાફી રહમતુલ્લાહ અલયહને એ ખબર થઈ કે હઝરત હસન હજની સફરનો ઈરાદો કરી રહ્યા છે, તો તેમને લખ્યું કે મારી તમન્ના છે કે આપની સાથે હજ કરું. આપે જવાબ આપ્યો કે હું માફી ચાહું છું ! કેમ કે મારી તમન્ના એ છે કે અલ્લાહ તઆલાની સત્તારીના પડદામાં જિંદગી પસાર કરી દઉં. અને જો આપણે બે સાથે હશે તો એકબીજાના અયબો યકીનન ! સામે આવશે, અને આપણામાંથી દરેક એકબીજાને એબદાર વિચારવા લાગશે.

આપે સઈદ બિન જુબેર રઝિયલ્લાહો અન્હોને ત્રણ નસીહતો કરી : ૧. સુલ્તાનની સોહબતથી બચો. ૨. કોઈ સ્ત્રી (અજનબી) સાથે એકાંતમાં ન રહો ચાહે તે રાબિયા બસરી કેમ ન હોય ! ૩. રાગરંગ (મનોરંજન)માં કદી ભાગ ન લો, કેમ કે એ ચીજો બુરાઈ તરફ લઈ જનાર પૂર્વ ભૂમિકા છે. *(ક્રમશ):*

# તઝકેરતુલ અવલિયા

## ખ્વાજા ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ (હપ્તો : ૦૪)

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

**રિયાકારી બર્બાદીનો સબબ છે :** આપના એક મુરીદની એ કૈફિયત હતી કે કુર્આની આયતો સાંભળીને બેહોશ થઈ જતો હતો. આપે ફર્માવ્યું કે તમારા અમલમાં એ ચીજનો ખયાલ રાખ્યા કરો કે અવાજ ન નીકળવા પામે, કેમ કે અવાજ નીકળવાથી રિયાકારી મહસૂસ થવા લાગે છે જે માણસના માટે બર્બાદીનો સબબ છે. અને જો કોઈના પર હાલ ન છવાતો હોય બલ્કે ઈરાદાપૂર્વક લાગુ કરી લે અને કોઈ નસીહત પણ એને અસર ન કરે તો તે ગુનેહગાર છે. અને જે શખ્સ ઈરાદાપૂર્વક રડે છે એનું રડવું શૈતાનનું રડવું છે.

**બેબાક મર્દે ખુદા :** એકવાર વાઅઝ દરમ્યાન હજ્જાજ ઈબ્ને યૂસુફ ખુલ્લી તલ્વારે પોતાની ફોજની સાથે ત્યાં પહોચ્યો. એ મેહફિલમાં એક બુઝુર્ગે પોતાના દિલમાં એ ખયાલ કર્યો કે આજે હસન બસરીની પરીક્ષા છે કે તે તાઝીમના માટે ઉભા થાય છે કે નહીં ?! કે પછી વઅઝમાં મશગૂલ રહે છે આપે હજ્જાજના આગમન પર કોઈ ધ્યાન ન ધર્યું અને પોતાના વાઅઝમાં મશગૂલ રહ્યા. જેથી એ બુઝુર્ગે એ સ્વીકારી લીધું કે ખરેખર આપ આપની ખૂબીઓના એતબારથી ઈસ્મે બામુસમ્મા (નામ તેવું કામ) છે, કેમ કે ખુદા તઆલાના હુકમો વર્ણન કરતી વખતે આપ કોઈની પરવા કરતા ન હતા. વાઅઝની પૂર્ણતા પછી હજ્જાજે દસ્તબોસી કરતાં લોકોને કહ્યું કે, જો તમે મર્દે ખુદાથી મળવા ચાહો છો તો હસનને જોઈ લો ! પછી કેટલાક લોકોએ ઈન્તેકાલ પછી હજ્જાજને ખ્વાબમાં જોયો કે હશ્રના મેદાનમાં કોઈને શોધી રહ્યો છે અને જ્યારે તેને પૂછવામાં આવ્યું કે કોને શોધે છે ? તો કહેવા લાગ્યો કે હું તે ખુદાવંદી જલ્વાની તલાશમાં છું જેને મુવહ્હિદો શોધતા રહે છે. લોકો કહે છે કે મરતી વખતે હજ્જાજની જીભ પર આ શબ્દો હતા કે, અલ્લાહ તું ગફ્ફાર છે અને તારાથી વધીને બીજો કોઈ નથી. જેથી તારી ગફ્ફારી એક કમ હોસલા મુટ્ઠી ખાક પર પણ જાહેર કરીને તારા ફઝ્લથી મારી મગફિરત ફર્માવી આપ ! કેમ કે પૂરુ જગત એ જ કહે છે કે એની બખ્શિશ હરગિઝ નથી થઈ શકતી અને એ અઝાબમાં સપડાયેલો રહેશે. પરંતુ જો તેં મને બખ્શી આપ્યો તો સૌને માલૂમ પડી જશે કે યકીનન ! તારી શાન فَعَّالٌ لِّمَا يُرِيْدُ "હમેશાં જે ઈચ્છે તે કરી લેનાર." *(સૂરએ બુરૂજ, આ. ૧૬)* છે. જ્યારે હસન બસરીએ આ બનાવ સાંભળ્યો તો ફર્માવ્યું કે આ બદકિરદાર આખેરતની પ્રાપ્તિ પણ પોતાની ચાલાકીથી કરવા ચાહે છે !

**મુબલ્લિગની અઝમત :** હઝરત અલી જ્યારે બસરા આવ્યા તો તમામ વાઈઝોને વાઅઝ કહેવાથી મના કરતાં ફર્માવ્યું કે તમામ મિમ્બરોને તોડીને ફેંકી દો ! પરંતુ જ્યારે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہની વઅઝની મજલિસમાં પહોંચ્યા તો તેમને પૂછયું કે તમે આલિમ છો કે તાલિબે ઈલ્મ ? આપે જવાબ આપ્યો કે હું તો કાંઈ પણ નથી, અલ્બત્ત જે કાંઈ નબવી હદીષથી સાંભળ્યું છે તે સર્વ લોકો સુધી

પહોંચાડી આપુ છું. આ સાંભળીને હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે, તમને વઅઝ કહેવાની ઈજાઝત છે. અને જ્યારે હસન બસરી رحمۃ اللہ علیہને એ જાણ થઈ કે એ હઝરત અલી رضی اللہ عنہ હતા, તો તેમની શોધમાં નીકળી પડયા અને એક જગાએ જ્યારે એમની સાથે મુલાકાત થઈ ગઈ તો અર્ઝ કરી કે મને વુઝૂનો તરીકો શીખવાડી દો. જેથી એક (તશ્તમાં) પાત્રમાં પાણી મંગાવીને હઝરત અલીએ આપને વુઝૂનો તરીકો શીખવાડયો અને એ જ કારણે એ સ્થળનું નામ "મકામે બિત્તશ્ત" પડી ગયું. નકલ થયેલ છે કે કોઈ શખ્સને આપે જ્યારે ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી)નો સબબ પૂછયો તો તેણે કહ્યું કે મેં મુહમ્મદ બિન કઅબથી સાંભળ્યું છે કે કયામતના દિવસે એક ઈમાનવાળો પોતાની ગુનાહખોરીના કારણે વરસો સુધી જહન્નમમાં પડેલો રહેશે. આપે ફર્માવ્યું કે કાશ ! એના બદલામાં મને જહન્નમમાં ફેંકી દેવામાં આવે અને તે સુરક્ષિત થઈ જાય ! કેમ કે મને મારા વિશે એ આશા નથી કે એક હજાર વરસ પછી પણ છૂટકારો પામી શકું !

**ખૌફે ખુદામાં આપની હાલત :** એક વરસે બસરામાં એવો સખત દુકાળ પડયો કે બે લાખ વ્યક્તિઓ નમાઝે ઈસ્તિસ્કાના માટે શહેરની બહાર પહોંચી ગઈ, અને એક મિમ્બર પર હસન બસરીને બેસાડીને હાથો ઉપર ઉઠાવીને દુઆમાં મશગૂલ થઈ ગયા. પરંતુ આપે ફર્માવ્યું કે જો તમે વરસાદની તમન્ના ધરાવો છો તો મને શહેરથી તડીપાર કરી દો ! અને તે વખતે આપના ચહેરા પર ખુદાના ખૌફની અસરો જાહેર હતી, કેમ કે આપ હમેશાં રોવામાં આજીજીમાં રહેતા અને કોઈએ કદી આપના હોટો પર મુસ્કુરાહટ નથી જાઈ.

**આખેરતનો ડર :** એકવાર આપ પૂરી રાત ગિર્યા (રૂદન)માં વ્યસ્ત રહયા અને જ્યારે લોકોએ પૂછયું કે આપની ગણના તો તકવાવાળા લોકોમાં થાય છે છતાં આપ આટલા પ્રમાણમાં ગિર્યાઓ ઝારી (રૂદન) શા માટે કરો છો ? ફર્માવ્યું કે હું તો એ દિવસના માટે રડુ છું જે દિવસે મારાથી કોઈ એવી ખતા થઈ ગઈ હોય કે અલ્લાહ તઆલા પૂછતાછ કરીને એવું ફર્માવી આપે કે હે હસન ! અમારી બારગાહમાં તમારી કોઈ ઈજ્જત નથી ! અને અમે તમારી સર્વ ઈબાદતને રદ કરીએ છીએ !

એકવાર આપ ઈબાદતખાનાની છત પર એ રીતે રૂદન કરી રહ્યા હતા કે આંસૂંઓનો રેલો પરનાલાથી વહીને નીચે પસાર થનાર એક શખ્સ પર અમુક ટીપાં ટપકી ગયાં. જેથી તેણે અવાજ આપીને પૂછયું કે શું આ પાણી પાક છે કે નાપાક ?! આપે જવાબ આપ્યો કે મારા ભાઈ ! કપડાને પાક કરી લેજો કેમ કે આ એક ગુનેહગારનાં આંસૂંઓ છે !

**દુનિયાનો અંજામ :** આપ કોઈ મુડદાની દફનવિધિ માટે કબ્રસ્તાન તશરીફ લઈ ગયા અને દફનવિધિ પત્યા પછી કબ્રના સિરહાને ઉભા રહીને એટલા પ્રમાણમાં રડયા કે કબ્રની માટી પણ ભીની થઈ ગઈ. પછી ફર્માવ્યું કે **જ્યારે આખરી મંઝિલ આખેરત જ છે તો પછી એવી દુનિયાના ઈચ્છુક શા માટે બનીએ જેનો અંજામ કબ્ર છે,** અને એ આલમથી કેમ ડરવામાં ન આવે જેની પ્રથમ મંઝિલ જ કબ્ર છે. જાણો કે તમારી પ્રથમ તથા આખરી મંઝિલ કબ્ર જ છે. આપની નસીહતથી લોકો એટલા પ્રમાણમાં પ્રભાવિત થયા કે અતિશય રૂદનના કારણે બેહાલ થઈ ગયા.

**કબ્રોની ઝિયારતમાં બોધપાઠ છે :** એકવાર લોકોની જોડે કબ્રસ્તાન પહોંચીને ફર્માવ્યું કે આમાં એવા એવા લોકો દફન થયેલા છે જેમનુ માથુ આઠ જન્નતોની સમાન નેઅમતો પામીને પણ ન ઝુકી શક્યું, અને તેમના દિલોમાં આ નેઅમતો વિશે કદી ખયાલ પણ ન આવ્યો. વધુ પેજ 34 પર..

# કુર્આને અઝીમની તિલાવત તથા ક઼િરાઅત અને આપણા બુઝુર્ગો

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

રમઝાન શરીફનો મુબારક મહિનો તશરીફ લાવી ચૂક્યો છે, જે આપણા માટે રબની એક મહાન નેઅમત છે. તેમાં આપણે સૌ ઈબાદતો કરીને, શરીઅત મુજબનાં કામો કરીને, જરૂરતમંદોની મદદો કરી રબને રાજી કરવા કોશિશ કરીએ અને આ જ મુબારક મહિનામાં જે દુનિયાની સર્વ શ્રેષ્ઠ કિતાબ કલામુલ્લાહ કુર્આન મજીદ નાઝિલ થઈ તેની તિલાવત કરીએ. જેમ કે રબ ફર્માવે છે :

شَهْرُ رَمَضَانَ الَّذِیْٓ اُنْزِلَ فِیْهِ الْقُرْاٰنُ هُدًى
لِّلنَّاسِ وَ بَیِّنٰتٍ مِّنَ الْهُدٰى وَ الْفُرْقَانِ

''રમઝાનનો મહિનો જેમાં કુર્આન ઉતર્યું, લોકોના માટે **હિદાયત** તથા **માર્ગદર્શન** અને **ફૈસલાની રોશન વાતો.**'' *(સૂ. બક઼રહ, આ. ૧૮૫)*

**પણ તિલાવત વિના તજવીદે ઝડપથી કરીને દિલને એ તસલ્લી ન દઈએ કે મેં તિલાવત કરી નાખી ! બલ્કે તજવીદ સાથે સહીહ મખરજથી સહીહ ઉચ્ચારથી પઢીએ અને સાથોસાથ એને સમજીને તેના અર્થો ભાવાર્થો તફસીરોના અભ્યાસ સાથે ચિંતન મનન કરીને એનો જે હેતુ ઉપરની આયતમાં દર્શાવ્યો તેને સમજીએ અને આપણા જીવનમાં તેને અપનાવવાની નિય્યતે પઢીએ એ જ સાચી તિલાવત તથા ઈબાદત ગણાશે.** એની અધિક સમજ માટે આ લેખ જરૂરથી વાચશો.

**કુર્આનથી મહાન કોઈનું કલામ નહીં ! :** કલામની મહાનતા કલામ કરનાર થકી હોય છે. એક વાત કોઈ મામૂલી ફક઼ીરના મોઢેથી નીકળે છે તેના પ્રતિ કોઈ ધ્યાન પણ નથી કરતું, પરંતું એ જ વાત જો કોઈ બાદશાહ અથવા હકીમના મોઢેથી નીકળે તો તેને દુનિયામાં પ્રસિધ્ધ કરવામાં આવે છે, વર્તમાન પત્રો તથા મેગેઝિનોમાં તે છપાયને આમ થાય છે. સારાંશ કે કલામ (વાત)ની મહાનતાનો પતો કલામ કરનારની મહાનતાથી થાય છે. આ નિયમાનુસાર અંદાજો લગાડી લો કે કુર્આનેપાક એવું મહત્વતાવાળુ મહાનતાવાળુ કલામ છે કે એના સમાન કોઈનુ કલામ હોય શકતુ નથી, કેમ કે એ ખાલિક઼ (સર્જનહાર)નું કલામ છે. કહેવત મશહૂર છે કે ''કલામુલ મલિક મલિકુલ કલામ'' એટલે કે ''બાદશાહનું કલામ કલામોનો બાદશાહ'' છે. આ રબ્બાની કલામમાં સર્વ ઈલ્મો અને સર્વ હિકમતો મૌજૂદ છે જેમાંથી દરેક શખ્સ પોતાની લિયાક઼ત (ક્ષમતા, કેપેસિટી) પ્રમાણે હાંસલ કરે છે. એનો પતો અક઼લથી લાગે છે.

**કુર્આનથી અધિક પ્રિય અન્ય ચીજ ખુદાના ચાહકની નથી હોય શકતી ! :** કુર્આન એક એવો વાસ્તો છે જેના થકી ખુદા પોતાના બંદાઓ સાથે હમકલામી કરે છે. તે દુનિયામાં ખુદાનો ખાસ પ્રતિનિધિ છે. તે લોકોનો સહારો છે જેઓ ખુદાની રસ્સીને મજબૂત પકડવા ચાહતા હોય છે. તે એક માપિયુ છે જેનાથી માનવોની ખુદા પરસ્તીને માપી શકાય છે. કુર્આનથી સંબંધ જ ખુદાથી સંબંધનો મઝહર (પ્રદર્શિત થવાની જગા) છે. માણસને કુર્આન સાથે જેટલો લગાવ હશે એટલા જ પ્રમાણમાં ખુદાથી પણ લગાવ હશે. જો કુર્આન તેની મેહબૂબતરીન (સૌથી પ્રિય) કિતાબ હોય તો

સમજવું જોઈએ કે ખુદા તેની નજીક મહબૂબતરીન હસ્તી છે, અને જો તેની મહબૂબ તરીન કિતાબ કોઈ અન્ય હોય તો તેનો મહબૂબ પણ તે જ હશે જેની કિતાબ તેણે પસંદ કરી છે, ખુદા તેનો મહબૂબ નથી હોય શકતો. જેવી રીતે ખુદાને આપણે કુર્આન સિવાય અન્ય ક્યાંય નથી પામી શકતા, એવી જ રીતે એ પણ શક્ય નથી કે ખુદાને પામ્યા બાદ કુર્આન સિવાય કોઈ અન્ય ચીજ આપણી સૌથી પ્રિય બની શકે.

**કુર્આનની તિલાવત** : હઝરત સૈયદના ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે કુર્આને કરીમ જ્યારે દિલમાં ઉતરે છે ત્યારે એમાં જામે છે અને લાભ આપે છે. **તિલાવત કરનાર જે ઈત્મિનાન તથા સુકૂનની સાથે દુનિયામાં તિલાવત કરતો હતો, એ જ ઈત્મિનાન તથા સુકૂનની સાથે જન્નતમાં આગળ વધતો જશે, અને જ્યાં સુધી તેની તિલાવત ખત્મ થશે ત્યાં સુધી સર્વ મુલ્ક (પ્રદેશ જન્નતમાં) તેને આપવામાં આવશે.** *(તફસીરે નઈમી, ૧/૨૪)*

હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ અહયાઉલ ઉલૂમમાં ફર્માવે છે કે તિલાવત કરવાવાળાએ જોઈએ કે જાહેરમાં છ બાબતોનો લેહાઝ તથા કાળજી રાખે :–

**૧.** સૌ પ્રથમ પાકી કરીને ક઼િબ્લા રૂ થઈને પાક તથા સાફ જગાએ આજીજી તથા ઈન્કેસારી સાથે (પોતાને તુચ્છ સમજીને) બેસે અને કુર્આન શરીફને ઊંચી પાક ચીજ જેમ કે રહલ અથવા તકિયા વગેરે પર રાખે અને "અઊ઼ઝુબિલ્લાહ" પઢીને ખુશૂઅ તથા ખુઝૂઅ (દિલ લગાડી તલ્લીનતા) સાથે ખૂબ જ પ્રમાણમાં ઈજ્જત તથા તાઝીમની સાથે પઢે.

**૨.** ધીમેથી પઢે અને તેના અર્થમાં ગૌરો ફિક્ર (ચિંતન મનન) કરે અને સોચ વિચાર કરે. જિલ્દ ખત્મ થવાનો ખયાલ ન કરે, અને સૂરએ તૌબા સિવાય દરેક સૂરતના શરૂમાં બિસ્મિલ્લાહ પઢે.

**૩.** રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે કુર્આન પઢો અને રડો (ગિર્યા કરો), અને રડવું ન આવે તો કોશિશ કરીને રૂદન કરો. મતલબ એ છે કે રડવું ન આવે તો ન આવવા પર રડે, અને જો એ પણ ન થઈ શકે તો રડવા જેવો ચહેરો બનાવે.

**૪.** દરેક આયતનો હક્ક઼ બજાવી લાવે, કેમ કે રસૂલે બાવક઼ાર ﷺ જ્યારે અઝાબની આયત પઢતા તો આપ ઈસ્તેઆઝા ફર્માવતા (અઊઝુબિલ્લાહ પઢતા એટલે કે શૈતાનથી પનાહ માગતા) અને આયતે તન્ઝીહ (અલ્લાહની પાકી વર્ણવતી આયત) પઢતા તો તસ્બીહ કરતા એટલે સુબ્હાનલ્લાહ કહેતા.

**૫.** જહ્રથી (જોરથી) કુર્આન પઢવાના સબબે જો કોઈની નમાઝમાં ખલેલ પડતી હોય તો ધીમેથી પઢે. હદીષ શરીફમાં છે કે **કુર્આન ધીમેથી પઢવાની ફઝીલત એવી છે જેવી રીતે છુપી રીતે સદક઼ો આપવાની ફઝીલત જાહેરી રીતે સદક઼ો આપવા પર છે.**

**૬.** કુર્આન ખુશઆવાઝીથી પઢવું જોઈએ. જેમ કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે, "કુર્આનને સાંભળીને ખુશ અવાજથી પઢો." આ ખુશ ઈલ્હાનીનો સૌથી મહત્વનો સબબ એ છે કે જેટલા પ્રમાણે ખુશઆવાઝીથી પઢશે એટલા પ્રમાણમાં એની દિલ પર અધિક અસર પડશે. *(તફસીરે મઝહરી, ૧/૪૫,૫૬)*

**ખત્મે કુર્આન** : બુઝુર્ગાને દીનની આદતે કરીમા હતી કે તે કુર્આનને ખત્મ કરતા. અમુક અવલિયા તથા મશાઈખ એક દિવસ તથા રાતમાં આઠ ખત્મ કરતા હતા. સૂફિયા તથા મશાઈખ અકાબિર બે કે એક. અને અમુક ખુદાના મહબૂબ બંદાઓ દિવસમાં એક ખત્મ, અને અમુક આરિફો એ જ પ્રમાણે પાંચ દિવસમાં, અમુક સાત દિવસમાં ખત્મ કરતા. અને સાત રાતમાં ખત્મ ખત્મ કરવું મોટાભાગના સહાબાએ કિરામનો નિયમ હતો. એમાં લોકોની સ્થિતિઓ વિવિધ છે.

અમુક ખૂબ જ તેજ (ઝડપી) પઢવાની સ્થિતિમાં હુરૂફોને તેના મખરજોએથી (અક્ષરોને તેના ઉદ્ભવ

સ્થાનેથી) અદા કરવામાં તથા સહીહ પઢવા શક્તિમાન હોય છે, અને અમુક જો ઝડપી પઢે છે તો તેમનાથી ગલતીઓ લાગુ થઈ જાય છે. જેથી તિલાવત કરનારાઓએ જોઈએ કે સહીહ તિલાવતની કોશિશ કરે, કેમ કે સવાબ સહીહ પઢવામાં છે ન કે કેવળ જલ્દી પઢવામાં ! હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફર્માવતાં હતાં કે હુઝૂર ﷺ એ રીતે તિલાવત કરતા હતા કે એક એક હર્ફ (અક્ષર) સાફ સાફ માલૂમ પડતો હતો. *(તફસીરે નઈમી, ૧/૨૪)*

રસૂલે કાઈનાત ﷺએ ફર્માવ્યું કે જેણે ત્રણ દિવસથી ઓછામાં કુર્આન શરીફ ખત્મ કર્યું તેણે કાંઈ ન સમજ્યું. અમુક અકાબિર તથા અસ્લાફે ખત્મે કુર્આન માટે ખાસ દિવસો નિશ્ચિત કરી લીધા હતા. સલફ (પૂર્વજ બુઝુર્ગો)ની એક જમાઅત બે મહિનામાં કુર્આન ખત્મ કરતી હતી. બીજી જમાઅત દસ દિવસમાં અને ત્રીજી જમાઅત સાત દિવસમાં ખત્મ કરતી હતી. આ જમાઅતમાં મોટાભાગે સહાબાએ કિરામ હતા જેમાં હઝરત ઉષ્માન બિન અફ્ફાન, ઝયદ બિન ષાબિત, ઈબ્ને મસ્ઊદ તથા ઉબય ઈબ્ને કઅબ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવી મહાન હસ્તીઓ પણ સામેલ હતી.

## અસ્લાફનો કુર્આન ખત્મ કરવાનો તરીક઼ો

જુમ્આના દિવસે : સૂરએ ફાતિહાથી સૂરએ માઈદાની અંતિમ સુધી. ★ શનિવારના દિવસે : સૂરએ અન્આમથી સૂરએ તૌબા છેવટ સુધી. ★ રવિવારના દિવસે : સૂરએ યૂનુસથી સૂરએ મરયમના છેવટ સુધી. ★ સોમવારના દિવસે : સૂરએ તા–હાથી સૂરએ ક઼સસ સુધી. ★ મંગળ વારના દિવસે : સૂરએ અન્કબૂતથી સૂરએ સ્વાદના છેવટ સુધી. ★ બુધવારના દિવસે : સૂરએ ઝુમરથી સૂરએ રહમાન સુધી. ★ જુમેરાતના દિવસે : સૂરએ વાક઼િઆથી કુર્આનના છેવટ સુધી.

હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ થી નક઼લ થયેલ છે કે જેણે દર વર્ષે બે વાર કુર્આન ખત્મ કર્યું એણે હક્ક઼ અદા કર્યો. એટલા માટે કે હુઝૂર ﷺએ વફાતના વરસમાં બે જ વાર ખત્મ કર્યું હતું. હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "હે અઝીઝ ! તારે જોઈએ કે પોતે પોતાને કુર્આન મજીદની ગણત્રી ગણાવવા પર લાલચુ ન બનાવે. **યક઼ીનન ! એક આયતને સોચી સમજીને પઢવું આખી રાતમાં બે ખત્મ કરવા કરતાં પણ બેહતર છે.**

અને વધુમાં ઈમામ ગિઝાલી ફર્માવે છે કે, મારી દૃષ્ટિમાં એક ખત્મમાં ત્રીસ વરસ વહી ગયાં કે આ મહાન કિતાબથી ફુરસદ ન પામ્યો, તો એ ગૌરો ફિક્રના (ચિંતન મનનના) દરજાઓના પ્રમાણે છે. યક઼ીનન ! અમુક સમયોમાં મોટા ચિંતનને દિલ ઉઠાવી નથી શકતું, એટલા માટે મુનાસિબ છે કે મોટા ચિંતનને માટે એક ખાસ ખત્મ હોય.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે, **"એ ઈબાદતમાં કાંઈ બેહતરી નથી જેમાં સમજ નથી અને એ ક઼િરાઅતમાં જેમાં ચિંતન ન હોય."** *(તફસીરે મઝહરી, ૧/૪૬)* એટલે કે કુર્આનને સમજીને તેમાં ચિંતન કરવું જોઈએ, કેવળ સમજ્યા વિના પોપટ જેમ પઢવું ન જોઈએ.

**કુર્આન એક મોજિઝો :** કુર્આન મજીદ એક જીવતો જાગતો મોજિઝો છે. એના ઉતરાણની શરૂઆતથી લઈને અત્યાર સુધી દુનિયા એનાથી ફાયદો ઉઠાવી રહી છે અને ભાવિમાં પણ લાભ પામવામાં આવતો રહેશે. આ એક કિનારા વિનાનો સમુદ્ર છે. કુર્આને અઝીમના સામાન્યપણા તથા હક઼ીક઼તોનો અંદાજો આ કથનો તથા ફર્માનોથી લગાડી શકાય છે :

**૧.** હુઝૂર ﷺ ફર્માવે છે : **"જે અવ્વલીન તથા આખરીનનો ઈલ્મ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવે, તેણે જોઈએ કે કુર્આનેપાકમાં ચિંતન મનન કરે."** *(બયહક઼ી, શોઅબુલ ઈમાન, હદીષ–૧૯૬૦)*

**૨.** હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : જો હું કુર્આને અઝીમની તફસીરથી સિત્તેર ઊંટો લાદી દેવા

ચાહું તો લાદી દઉં. *(અલ્ઈત્કાન, બહષ–૭૮)* એટલે એટલી કિતાબો લખાય કે ૭૦ ઊંટો પર લદાય જાય !

**૩.** હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે : જો મારો તકિયો લપેટી દેવામાં આવે તો હું બિસ્મિલ્લાહની "બા"ની તફસીરથી સિત્તેર ઊંટો ભરી દઉં. *(શરહુલ મવાહિબ લિલઝુર્કાની)*

**૪.** પછી અલી رضی اللہ عنہએ કુર્આનના કિનારા વિનાના સમુદ્રમાં ડૂબકી લગાડી. ફર્માવે છે : "જો હું ચાહું તો બિસ્મિલ્લાહના "બા"ની નીચે જે નુક્તો છે તેની તફસીરના ઈલ્મથી ૮૦ ઊંટો ભરી દઉં. *(મીઝાનુશ્શરીઅતિલ કુબરા, ૧/૧૦)*

એમના ઉપરાંત ઉમ્મતના ઈમામોમાં એવી અગણિત જલીલુલ કદ્ર હસ્તીઓ ગુજરી છે જેમના ઈલ્મો ફઝ્લનો અંદાજો લગાડવો મુશ્કેલ છે. તેમણે કુર્આને કરીમની એવી બાવકાર, મુબીન તથા મુફસ્સલ તફસીરો લખી જેને જોઈને એહસાસ થાય છે કે ખરેખર કુર્આને મુકદ્દસમાં દરેક ચીજના ઈલ્મો તથા વર્ણનો મૌજૂદ છે, નહીં તો આ તફસીરો શાથી અને કેવી રીતે અસ્તિત્વમાં આવી ?!

કુર્આનના ઈલ્મો પર આધારિત તફસીરોની હજારો જિલ્દો છે, દા. ત. : ઈમામ રાઝીની તફસીર, તફસીરે કબીર ૩૪ જિલ્દો (ભાગો)માં છે. ★ હુજ્જતુલ ઈસ્લામ હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની "યાકુતુત્તાવીલ" ૪૫ જિલ્દોમાં ★ ઉફીની તફસીર ૧૨૦ જિલ્દોમાં છે. ★ હઝરત અબૂ બક્ર ઈબ્ને અબ્દુલ્લાહની તફસીર કેવળ સૂરએ ફાતિહા સૂરએ બકરહની શરૂની ૫૦ આયતોની તફસીર ૧૪૦ જિલ્દોમાં છે. ★ હઝરત ઈમામ અબુલ હસન અશ્અરીની તફસીર ૬૦૦ જિલ્દોમાં છે. ★ ઈમામ અબુલ હસનની આ તફસીર ઈમામ જલાલુદ્દીન સિયૂતી (હિ.સ. ૧૧૯)ના જમાના સુધી મિસરના ખઝાનાએ આલિમિયામાં મેહફૂઝ હતી.

મશહૂર છે કે ઈમામ અહમદ રઝા કાદરી رحمۃ اللہ علیہએ સૂરએ વદ્દુહાની તફસીર ૮૦ જિલ્દોમાં લખી. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વાલિદે માજિદ હઝરત નકી અલીખાં رحمۃ اللہ علیہએ સૂરએ અલમ નશ્રહની તફસીર એક જાડી જિલ્દમાં લખી છે. *(ઉલૂમુલ કુર્આન, પેજ–૭)*

સારાંશ કે કુર્આન મજીદ અલ્લાહ તઆલાની તે જલીલુલકદર તથા અઝમુશ્શાન કિતાબ છે જેમાં એક તરફ હલાલ તથા હરામના હુકમો, બોધપાઠ તથા નસીહતોનાં કથનો, અંબિયાએ કિરામ તથા આગલી ઉમ્મતોના બનાવો અને જન્નત તથા દોઝખના હાલાત વર્ણન થયેલા છે, તો બીજી બાજુ તેના બાતિનની ગહરાઈઓમાં ઈલ્મો તથા મઅરેફતોનો એવો અમાપ સમુદ્ર મોજાં મારે છે જેના તળીયા સુધી પહોંચ કયામતના સમય સુધી કોઈની વિસાતમાં નથી. કોઈ આરિફ બિલ્લાહે શું સરસ કહ્યું છે :–

جمیع العلم فی القرآن لکن
تقاصر عنہ افہام الرجال

"એટલે કે સર્વ ઈલ્મો કુર્આનમાં મૌજૂદ છે, પરંતું લોકોની બુધ્ધિઓ એને સમજવા સમક્ષ નથી, આજિઝ છે." સારાંશ કે કુર્આન મજીદમાં કેવળ ઈલ્મો તથા મઆરિફનું જ વર્ણન નથી બલ્કે હકીકત એ છે કે કુર્આન મજીદમાં પૂરી કાઈનાત (સમગ્ર સૃષ્ટિ) અને આખા આલમની દરેકે દરેક ચીજનું સ્પષ્ટ તથા રોશન વિગતવાર વર્ણન છે. એટલે કે આસમાનના એક એક તારા, સમુદ્રના એક એક ટીપા, જમીનની લીલોતરીના એક એક તણખલા, રણના એક એક રજકણ, ઝાડોનાં એક એક પાંદડા, અર્શ તથા ફર્શના એકે એક ખૂણા, સૃષ્ટિ જગતના એકે એક ખૂણાનું, ભૂતકાળના દરેક બનાવો, વર્તમાનના દરેકે દરેક મામલાઓ, ભાવિની દરેકે દરેક ઘટનાઓનું કુર્આન મજીદમાં અતિશય સ્પષ્ટતાથી વિસ્તારપૂર્વક વર્ણન છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : مَا فَرَّطْنَا فِی الْکِتٰبِ مِنْ شَیْءٍ "અમે આ કિતાબમાં કોઈ પણ ચીજ બાકી નથી છોડી." *–અન્આમ, આ. ૩૮*

*(કન્ઝુલ ઈમામ મંથલી, એપ્રિલ–૧૭, દિલ્હીના આધારે)*

# શબે કદ્રની ઈબાદતો

કાર્યાલય

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરથી રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

❒ **૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **"સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર"** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

❒ **૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

❒ **૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

❒ **૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

❒ **૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

❒ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

❒ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

❒ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**

# કેટલાક કુફ્ર ફેલાવનાર કુકર્મીઓની યાદી

કાર્યાલય

- **ઈબ્લીસ શૈતાન** : જેણે હઝરત આદમ عليه السلامની પેશાનીમાં રહેલા નૂરે મુહમ્મદી صلى الله عليه وسلمને સજદો ન કર્યો અને નબીની તા'ઝીમ ન કરવાના ગુનામાં મખ્લૂકનો પ્રથમ કાફિર ઠર્યો. ખુદાએ તેને કુફ્રનો ફત્વો આપ્યો. –*(સૂરએ બક્રહ–૩૪)*
- **અબૂ જહલ ★ અબૂ લહબ ★ઉત્બા ★ શયબા..વગેરે** : હુઝૂર صلى الله عليه وسلمના જાહેરી જમાનામાં રસૂલુલ્લાહ صلى الله عليه وسلم પર ઈમાન ન લાવીને આપ صلى الله عليه وسلمની તૌહીન કરીને તથા તકલીફો આપીને કાફિરોના સરદાર ઠર્યા.
- **મુસૈલમા કઝ્ઝાબ, તથા અસ્વદ ઉન્સી** : નબુવ્વતનો જૂઠો દાવો કરીને કાફિર ઠર્યા.
- **ઝુલ્ખવૈસરા તમીમી** : હુઝૂર صلى الله عليه وسلمની શાનમાં ગુસ્તાખી કરીને કાફિર ઠર્યો.
- **મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજ્દી** : એણે "કિતાબુત્તૌહીદ", "રદુલ ઈશ્રાક".... વગેરે કિતાબો લખી જેમાં નબી વલીની શાનમાં પુષ્કળ ગુસ્તાખીઓ કરીને કુફ્ર વહોર્યું અને પોતે કાફિર થયો. અરબસ્તાનમાં વહાબિયતનો ફિત્નો ફેલાવ્યો.
- **મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી** : દેવબંદીઓના આ ગુરૂએ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજ્દીની કિતાબ "કિતાબુત્તૌહીદ"નો અનુવાદ "તક્વિયતુલ ઈમાન" નામે કર્યો. જેમાં તેણે પણ નબી વલીની શાનમાં બેહદ ગુસ્તાખીઓ કરી કુફ્ર વહોર્યુ. અને મુસલમાનોમાં ઝઘડાઓ ઉભા કરી ભાગલા પાડીને ભારતમાં વહાબિયત દેવબંદિયત ફેલાવી.
- **દેવબંદી પેશવા મોલ્વી કાસિમ નાનોત્વી:** આ મોલ્વી હુઝૂર صلى الله عليه وسلم આખરી નબી હોવાનો ઈન્કાર કરીને તથા આપ صلى الله عليه وسلمના બાદ નબી થવાની શક્યતા દર્શાવીને કાફિર ઠર્યા. જેમ કે લખ્યું : "જો ધારો કે નબી صلى الله عليه وسلمના જમાના પછી કોઈ નબી પેદા થાય તો પણ ખાત્મિયતે મુહમ્મદીમાં કાંઈ ફરક ન આવશે." *(તહઝીરુન્નાસ)* આ અકીદો કુર્આન હદીષ વિરુદ્ધ છે. કુર્આનમાં છે : હુઝૂર આખરી નબી છે. *(અહઝાબ–૪૦)* હદીષમાં છે : મારા બાદ કોઈ નબી નથી. *(બુખારી, મુસ્લિમ)*
- **નબુવ્વતનો દાવેદાર ગુલામ અહમદ કાદયાની** : મોલ્વી કાસિમ નાનોત્વી દેવબંદીએ નબી થવાની શક્યતા બતાવી તો પાકિસ્તાનનો આ કાદયાની નબી હોવાનો દાવો કરીને કાફિર ઠર્યો અને કાદિયાનિયતનો ફિત્નો ફેલાવ્યો.
- **દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહી** : આ મોલ્વી શૈતાન તથા મલકુલ મૌતના ઈલ્મને હુઝૂર صلى الله عليه وسلم કરતાં અધિક માનીને કાફિર ઠર્યા. *(બરાહીને કાતિઆ)* તેમજ અન્ય પણ તેમનાં કુફ્રી લખાણો તેમની કિતાબોમાં છે.
- **દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવી** : આ મોલ્વી હુઝૂર صلى الله عليه وسلمના ઈલ્મને બાળકો, પાગલો અને જાનવરો જેવો દર્શાવીને કાફિર ઠર્યા. *(હિફ્ઝુલ ઈમાન)* તેમજ અન્ય પણ તેમનાં કુફ્રી લખાણો તેમની કિતાબોમાં છે.
- **દેવબંદી મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી:** આ મોલ્વીએ "ખુદા જૂઠ બોલી શકે" એવો

અક઼ીદો ઘડીને કુફ્ર ફેલાવ્યું. *(બરાહીને કાતિઆ)* તેમજ અન્ય પણ તેમનાં કુફ્રી લખાણો તેમની કિતાબોમાં છે.

- **મવ. ઈસ્માઈલ મનુબરી તેમજ હાલના સર્વ દેવબંદી દારુલ ઉલૂમોના મોલ્વીઓ** : કાફિરો માટે ઉતરેલી આયતો મુસલમાનો પર ફિટ કરીને જે શિર્ક નથી તેને શિર્ક દર્શાવીને તેમજ ઉપરોક્ત દેવબંદી પેશવાઓના કુફ્રને જાણવા છતાં તેમને પોતાના પેશવા તથા મુસલમાન દર્શાવીને પોતે કાફિર ઠર્યા.

ઉપરોક્ત ક઼ાદયાનીને તથા દેવબંદી મોલ્વીઓને કુર્આન હદીષ વિરુદ્ધ, અક઼ીદા ઘડી ખુદા તેમજ નબી વલીની શાનમાં ગુસ્તાખી કરવાના કારણે અરબસ્તાનના તથા હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાએ તેમજ હિંદુસ્તાન, પાકિસ્તાન, બર્મા વગેરેના દુનિયાભરના ઉલમાએ કાફિર ઠરાવેલા છે અને જે તેમના કુફ્રને જાણવા છતાં તેમને મુસલમાન સમજે તેમને પણ કાફિર ઠરાવેલ છે. (હવાલો : હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયહ્) તેમજ અહલે સુન્નતના ઉલમાની કિતાબોમાં વિગતવાર તેમના કુફ્રી લખાણો જાહેર કરેલાં છે તેમજ દેવબંદીઓની લખેલી અસલ કિતાબો પણ હજીય દેવબંદમાં છપાયને વેચાઈ રહી છે જે અમારી પાસે પણ મૌજૂદ છે, જેની ઈચ્છા હોય તે જોઈ શકે છે. ❑❑❑

# વહાબી હરગિઝ સુન્ની નથી !

## વહાબી, સુન્નીઓના અસલ પ્રવાહથી આઉટ !

**કાર્યાલય**

ચૅન્ચનિયાના શહેર ગરોઝનીમાં "અહલે સુન્નત વ જમાઅત"ની આંતર રાષ્ટ્રીય કોન્ફ્રન્સ યોજાઈ જેમાં સોથી અધિક ઉલમાએ ઈસ્લામ તથા મશાઈખ જેઓ રશિયા, સીરિયા, તુર્કી, હિંદ, પાક., ઉર્દુન, સા. આફ્રિકા, ઈંગ્લેન્ડ તથા અન્ય દેશોએથી સામેલ થયા. જામેઅ અઝહર મિસરના ઈમામે આ'ઝમ શયખ અહમદ તૈયબે પોતાના પ્રવચનમાં અહલે સુન્નતના અસલ તથા મહાન પ્રવાહની વ્યાખ્યા નિશ્ચિત કરી અને વહાબીઓને એનાથી અલગ કરતાં ઈર્શાદ ફર્માવ્યો :

"અહલે સુન્નત વ જમાઅત માતુરીદી તથા અશ્અરી છે, અને અક઼ીદાઓમાં ફિક઼્હે અરબા (ચાર ફિક઼્હો હનફી, શાફઈ, માલિકી, હંબલી)માંથી કોઈ એકની પયરવી કરે છે. અને તરીક઼તમાં ઈમામ હઝરત જુનેદ બગદાદીના ઉસૂલ, તરીક઼ાઓ અને તઝકિયાએ નફ્સની પયરવી કરે છે." શૈખ અહમદ તૈયબના આ બયાનથી એ વાત ઉઘાડી થઈને સામે આવી ગઈ છે કે સલફી જેઓ વહાબી કહેવાય છે તેઓ અહલે સુન્નતના મૂળ પ્રવાહ "સવાદે આ'ઝમ"થી અલગ છે. તેમ છતાં સલફી (વહાબી) પોતે પોતાને સુન્ની કહી રહ્યા છે ! શયખે એ પણ ફર્માવ્યું કે આતંકવાદ કરનારાઓ અને ઈસ્લામની વચ્ચે કોઈ સંબંધ નથી, જ્યારે એઓ આતંકવાદ, કટ્ટરવાદને મુસલમાનો દરમિયાન ફેલાવવા તૈયાર થયા છે જેથી ઈસ્લામને ગલત સ્વરૂપમાં દુનિયામાં મશહૂર કરવામાં આવે. આ કોન્ફ્રન્સ ૨૫ થી ૨૭ ઓગષ્ટ ૨૦૧૬માં યોજાયી, અને એ શહેર ગરોઝનીમાં લોકતંત્ર ચૅચન્યાના પ્રમુખ રમઝાન કાદરૂફે આયોજીત કરાવી. આ કોન્ફ્રન્સથી સઊદીના વહાબી આલિમો ગુસ્સે થઈ ગયા છે. અન્ય દેશોના સલફી વહાબી મોલ્વીઓ પણ નારાજ થયા છે.

કોન્ફ્રન્સમાં શરીક થનારી અગ્રગણ્ય હસ્તીઓનાં નામો : (૧) શયખ અહમદ તૈયબ, સદર તથા ઈમામે આ'ઝમ જામિઆ અઝહર, કાહિરા–મિસ્ર (૨) શયખ મુહમ્મદ સઅદ અઝહરી, પ્રોફેસર અલ્અઝહર યુનિવર્સિટી (૩) શયખ અબૂ બકર અહમદ શાફઈ, મસલયાર મલબારી, કેરાલા–હિંદુસ્તાન (૪) મૌલાના અન્વાર અહમદ બગદાદી, દારૂલ ઉલૂમ અલીમિયા, યુ.પી. હિંદ (૫) હબીબ ઉમર ઈબ્ને હાફિઝ, સાહિબે ફઝીલત શયખ, બા અલ્વિયા સિલસિલા સૂફી, શયખ બયનુલ અક઼વામી ઈસ્લામી મદરસા તરમીમ– યમન (૬) હબીબ અલી જફરી, યુ. એ. આઈ, શયખ સિલસિલા બા અલ્વિયા (૭) શયખ અલી જુમ્આ, માજી મુફતીએ આ'ઝમ–મિસર (૮) કામિલ સમીઅ ગોલન, મુફતીએ આ'ઝમ તાતારિસ્તાન.

**રજૂકર્તા : ડોક્ટર અફઝલ અહમદ બરકાતી**
*(અર્જૂન નગર, ઈટા, યુ.પી. મો. ૯૪૧૧૪૮૦૮૯૯)*

## ★ શાદી મુબારક ★

**ભાવનગર** : ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અ. રઝ્ઝાક પાંચાની નેક દુખ્તર ''ફાતિમા''ના નિકાહ જનાબ હફીઝભાઈ ઈક્બાલભાઈ ધોલીયાના નેક ફરઝંદ ''અક્ીલ'' સાથે તા. ૨૮–૪–૨૦૧૭ (૧–શાબાન હિ.સ. ૧૪૩૮) જુમ્આના રોજ અસરની નમાઝ બાદ જુમ્આ મસ્જિદ ભાવનગર ખાતે થયા. દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની ખુશીઓ બરકતોથી નવાઝે (આમીન) *–તંત્રી*

**વલણ** : ખાતે આદમ મુહમ્મદ સેલાટના નેક ફરઝંદ "મુહમ્મદ"ની નિકાહખ્વાની ખોજબલ નિવાસી અબ્દુર્રહીમ (અઝીઝ) મુહમ્મદ તલાટીની નેક દુખ્તર ''અફરોઝા'' સાથે તા. ૨૪–૩–૨૦૧૭ના રોજ જુમ્આની નમાઝ બાદ સુન્ની મસ્જિદ ખાતે રાખવામાં આવી. એ નિમિત્તે તા. ૨૩–૩–૨૦૧૭ જુમેરાતે ઈશા બાદ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ કારી રિયાઝુદ્દીન અશરફી સાહબે મેહફિલે નઅતમાં કિરાઅત, નઅતો મન્ક્બત પેશ કરી હતી.

**સવાલા** : (તા. વિસનગર) ખાતે તા. ૨૫–૩–૨૦૧૭ શનિવારે ખોખર ઈકરાર અલી ઐયૂબખાનની નેક દુખ્તર ''સાહિસ્તાબાનુ''ના નિકાહ સરદારપુરના રહીશ પઠાણ મૈયુદ્દીનખાન યાકૂબ ખાનના નેક ફરઝંદ ''એઝાઝખાન'' સાથે રાખવામાં આવ્યા.

**ટંકારીઆ** : (જિ. ભરૂચ) ખાતે હાજી મુહમ્મદ મૂસા પટેલ (સુબા માસ્તર)ની નેક દુખ્તર ''શબાનાબાનુ''ના નિકાહ જનાબ મુહમ્મદ ઉમરજી પટેલ (જંબુસર)ના નેક ફરઝંદ "શહઝાદ" સાથે તા. ૮–૫–૨૦૧૭ સોમવારે રાખવામાં આવ્યા.

**ઓરછણ** : ખાતે તા. ૧–૫–૨૦૧૭ સોમવારના રોજ સાબિર ઐયૂબ અક્કુની નેક દુખ્તર ''સાહિસ્તાબાનુ''ના નિકાહ સરનારના મર્હૂમ યૂસુફ પટેલના નેક ફરઝંદ "સુહેલ" (હાલ : કસક–ભરૂચ) સાથે રાખવામાં આવ્યા. *–તંત્રી*

ઉપરોક્ત તમામ દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારક બાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની નેઅમતોથી નવાઝે આમીન. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### મની ઓર્ડર કરનારાઓને ખાસ અપીલ !

**બરકાતે ખ્વાજા (માસિક)** પર મની આર્ડર પોસ્ટથી કરો તો તમારું સરનામુ લખો ત્યાં કૌંસમાં **નવા ગ્રાહક** અથવા જૂના હોય તો **ગ્રાહક નંબર** તથા પોસ્ટના તમારા સરનામામાં તમારો મોબાઈલ નંબર અવશ્ય લખશો. એ જ પ્રમાણે **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** અથવા **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** પર મેમ્બર ફી કે ઈમદાદ, ઝકાત, સદકા...વગેરે મોકલો તો તેમાં મની ઓર્ડર ફોર્મમાં તમારા સરનામા સાથે કૌંસમાં લિલ્લાહ કે ઝકાત લખશો તથા તમારો મોબાઈલ નંબર અવશ્ય લખશો જેથી તે અમારા સુધી આવતાં જરૂરત પડે તો સંપર્ક કરી શકીએ. બેંકના ખાતામાં પૈસા નાખનાર પણ કયા ખાતા નંબરમાં તથા કેટલી કેવી રકમ (લિલ્લાહ, ઝકાત.....) મોકલી તેનો SMS કરે અથવા ફોનથી જરૂર જણાવે કે તાત્કાલિક પત્ર લખીને જણાવે એવી નમ્ર વિનંતિ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા–(મંથલી)*

## મદદની અપીલ

❒ **કલમપુરા** : તા. સાવલી જિ. વડોદરાના ટ્રસ્ટી વહીવટદારોના જણાવ્યા પ્રમાણે નગીના મસ્જિદ કમલપુરાનુ અધુરુ બાંધકામ છેલ્લા ૨૦ વર્ષથી બાકી રહેલ છે. આ બાંધકામ અંદાજે ખર્ચ રૂા. ૫,૦૦,૦૦૦/– જેવું થશે. તેમાં આગળનું કામ જેમ કે મિનારા, વુઝૂખાનુ તથા અંદરનો મેઈન ગેટ વિગેરે જર્જરીત થઈ ગયેલ છે. આ કામ માટે આપ સખીદાતાઓ તરફથી લિલ્લાહ મદદની ઘણી જરૂર છે.

**સંપર્ક કરો : સૈયદ સાબિરઅલી**, (હાલ) તાંદલજા વડોદરા. મો. ૯૧૫૭૯૦૬૮૧૯

❒ **પણસોલી** : (તા. ડભોઈ, જિ. વડોદરા) ખાતે **દારુલ ઉલૂમ ફયઝાને નૂરી** ટૂંક સમયમાં કામયાબી સાથે પ્રગતિ કરી રહેલ છે. હાલમાં **૨૦** તલબા (સ્કૂલની તા'લીમ સાથે) તેમજ **૩** મુદર્રિસ, બાવર્ચી સાથે કુલ **૨૫** વ્યક્તિઓનો નિભાવ થાય છે. અત્રે બાથરૂમ, ટોઈલેટ બનાવવાની તાતી જરૂરત છે. રિપેરિંગ કામ પણ છે તો આપ જેવા સખી દાતાઓના સાથની સખત જરૂરત છે. તો રમઝાન મુબારકમાં લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા વગેરે આપી, અનાજ, દાળ, ચોખા, તેલ વગેરે આપી ભરપુર સહાય કરશો.

**(A/c No. BOB-02030100037149 ફયઝાને નૂરી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ વકફ કમિટી)**

**સંપર્ક કરો** : યુસુફભાઈ મેમણ મો. ૯૯૨૪૫ ૬૩૭૪૫

❒ **વારાહી** : (જિ. પાટણ) ગુજરાતના અતિ પછાત રણ વિસ્તારમાં દીની વ દુનિયવી શિક્ષણની તા'લીમ માટે શાનદાર બોર્ડીંગ મદ્રસાએ ફૈઝે મદાર દ્વારા નુરે મદાર માધ્યમિકશાળા, પ્રાથમિક શાળા ચાલી રહી છે. શિક્ષણ મેળવવા ગરીબ, યતીમ, બાળકોને રહેવા જમવા વગેરે સુવિધાઓ મફત આપવામાં આવે છે. ખર્ચ ઘણો રહે છે. નવી બિલ્ડિંગ ઈબાદતગાહ અને હાઈસ્કૂલનું બાંધકામ ચાલુ છે. પણ રકમના અભાવે, લાઈટ સામાન, પંખા, કલરકામ અને ફર્નીચર કામ બાકી છે. અધુરા કામને પૂર્ણ કરવા માટે રમઝાનુલ મુબારકમાં ઈમદાદ, ઝકાત, લિલ્લાહ મદદ કરો.

**સરનામુ : શાહમદાર બોર્ડીંગ મદ્રસાએ ફૈઝે મદાર** મુા. વારાહી તા. સાંતલપુર જિ. પાટણ,
પિન : ૩૮૫૩૬૦ (ઉ.ગુ.) દેનાબેંક ખાતા નં. ૦૨૯૫૧૦૦૦૨૫૧૪
મો. ૯૮૯૮૯૧૯૯૧૭, ૯૪૨૯૨૮૬૯૧૭ ફોન. (૦૨૭૩૮) ૨૨૪૧૧૬

**ઈન્તેકાલ પુરમલાલ :** **દયાદરા** : ખાતે વલી અહમદ માનાનો તા. ૦૬–૫–૨૦૧૭, ૦૯–શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૮ના રોજ શનિવારે લગભગ ૭૦–૭૨ વરસની વયે ઈન્તેકાલ થઈ ગયો. શનિવારે સવારે દસ કલાકે દફનવિધિ થઈ હતી. **દયાદરા** : ખાતે મુહમ્મદ ઈબ્રાહીમ સૂરાનો તા. ૦૮–૫–૨૦૧૭, ૧–શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૮ના રોજ સોમવારે લગભગ ૮૫–૯૦ વરસની વયે ઈન્તેકાલ થઈ ગયો. સોમવારે સવારે દસ કલાકે દફનવિધિ થઈ હતી.

**નબીપુર** : ખાતે તા. ૧૧–૫–૨૦૧૭ જુમેરાતે મર્હૂમા રશીદા ઈસ્માઈલ બડેનો ૫૫ વરસની વયે અચાનક હાર્ટની તકલીફમાં ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ ઈશા બાદ રાખવામાં આવી.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: તયબહ સમર ક્લાસિસ ::

**ભરૂચ** : ફયઝાને રઝા ઈબાદતગાહ વ તર્બિયતી સેન્ટર, પાંચબત્તી ખાતે *સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ શાખા* તરફથી વેકેશનમાં સ્કૂલના વિદ્યાર્થીઓની દીની તાલીમો તર્બિયત માટે ''તયબહ સમર ક્લાસિસ''નું આયોજન તા. ૨૭–૪–૨૦૧૭ થી તા. ૬–૫–૨૦૧૭ સુધી ૧૦ દિવસ માટે રાખવામાં આવેલ, જેમાં ભરૂચ શહેર ઉપરાંત અમુક ગામોએથી વિદ્યાર્થીઓ આવેલા જેમને કુર્આન મખરજ સાથે પઢવાનો તરીકો, નમાઝનો તરીકો, સૂરતો, દુરૂદ, દુઆઓ, વુઝૂ, ગુસ્લ, નમાઝ વિશે, ખાવા, પીવા, સૂવા વગેરેની સુન્નતો નમાઝે જનાઝા... વગેરે દીનીયાતની તાલીમ તથા પાયાની વાતો સમજાવવામાં આવી હતી. જનાબ મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, હાફિઝ અ. રહીમ બરકાતી, જનાબ શફીભાઈ ખંભાતી, જનાબ મુઈનભાઈ શેખ, જનાબ તારીકભાઈ શેખ, હાફિઝ મુહમ્મદ સજ્જાદ પટેલ વગેરે મુબલ્લિગોએ તાલીમો તર્બિયત કરી હતી. છેવટમાં ટેસ્ટ લઈને નં. ૧, ૨, ૩, લાવનારને ઈનામમાં કાનૂને શરીઅત, સજદએ સહવના મસાઈલ, તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં, મુકાશફતુલ કુલૂબ વગેરે કિતાબો તથા દરેકને ''બરકાતે ખ્વાજા''ના અંકો તોહફામાં આપવામાં આવ્યા હતા.

## :: અંકલેશ્વર ખાતે જશ્ને ઈશ્કે રસૂલ ﷺ મનાવાયો ::

**અંકલેશ્વર** : (કસ્બાતીવાડ) ખાતે તા. ૬–માર્ચ ૨૦૧૭ સોમવારના રોજ સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામ, હુફફાઝ, અઈમ્મા તથા મુબલ્લિગોની હાજરીમાં જશ્ને ઈશ્કે રસૂલ ﷺ શાનો શૌકતથી મનાવાયો જેમાં ઔલાદે ગૌષે આ'ઝમ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈશ્કે મુસ્તફા ﷺની દીવાનગીમાં અસ્લાફની હાલત વર્ણવી ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

## :: થામમાં દસ્તારબંદીનો જશ્ન યોજાયો ::

**થામ** : (જિ. ભરૂચ) દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ થામમાં ચાલુ સાલે ફારિગ **૬** હાફિઝોની દસ્તારબંદી પ્રોગ્રામ તેમજ જામિઆ આઈશા સિદ્દીકા અલબનાત થામમાં ફારિગ થનાર **૬૨** આલિમા તથા **૩૭** ફાઝિલા બહેનોને સનદ તથા રિદા અર્પણ વિધિનો પ્રોગ્રામ કરવામાં આવ્યો. એ નિમિત્તે દારૂલ ઉલૂમમાં આવેલ મસ્જિદે રઝામાં હઝરત સૈયદ હશ્મતઅલી મજૂમિયાં બરકાતી બાપુની સદારતમાં અન્ય સાદાતે કિરામ તથા ઉલમા, અઈમ્મા, હાફિઝો તથા અવામે અહલે સુન્નતની હાજરીમાં જનાબ કારી મકસૂદ સાહબ કાવીવાલા (પેશ ઈમામ–દયાદરા) એ નઅતોના ગુલદસ્તા પેશ કરી મજમાને ફયઝયાબ કર્યો હતો. છેવટે હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈલ્મે દીન પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

## :: લબ્બેક યા રસૂલલ્લાહ કોન્ફ્રન્સ ::

**બોડેલી** : મોહદ્દિષે આ'ઝમ મિશન તથા સુન્ની દા'વતે ઈસ્લામી અને વિવિધ અરાકીને કમિટીના સહયોગથી તા. ૧૫–૩–૨૦૧૭ના રોજ કાઈદે મિલ્લત સૈયદ મુહમ્મદ મહેમૂદ અશરફનો શાનદાર ખિતાબ થયો જેમાં અલીપુરાથી બજાર સુધી શાનદાર જુલૂસ કાઢવામા આવ્યું અને દૂરો દરાઝથી ખૂબ જ લોકો એ પ્રોગ્રામમાં આવ્યા હતા. સદર પ્રોગ્રામમા સૈયદ કમરુદ્દીન બાવા કારંટવી, સૈયદ સુબ્હાની બાપુ રાજપીપલા, સૈયદ ઈમ્તિયાઝ બાપુ ટુંડાવ, મોઈન બાપુ માંકણીવાલા તથા સૈયદ મોહસિન અલી હરવાંટવાળા વગેરે હાજર રહ્યા હતા. ઉલમા તથા મસ્જિદના મદ્રસા ટ્રસ્ટીઓને દીનનું કામ કેવી રીતે કરશો તે અંગે પણ ખૂબ જ સરસ માહિતી આપી હતી.

*લિ. મુહમ્મદ આઈ. ખત્રી, વડદલાવાળા*

## :: બે દિવસીય સુન્ની ઈજતેમા ::

**બોડેલી** : ખાતે આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા ૨૫–૨૬ એપ્રિલ ૨૦૧૭ મંગળ બુધના યોજાયો. પ્રથમ દિવસે બહેનો માટેના ઈજતેમામાં ઝહોર બાદ જનાબ કારી રિયાઝુદ્દીન સાહબે કિરાઅત તથા નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા, અને સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો જનાબ મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, જનાબ મૌલાના ઝહીર મિસ્બાહી (જંબુસર) તથા હાફિઝ અબ્દુર્રહીમ વગેરેએ ઈસ્લાહી બયાનો કર્યાં હતાં. બીજા દિવસે પીરે તરીકત હઝરત સૈયદ કમરૂદ્દીન બાવા કારંટવી તેમજ હઝરત સૈયદ સુબ્હાની મિયાં (રાજપીપળા) તેમજ વિવિધ સાદાત ઉલમાની હાજરીમાં અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતોના ગુલદસ્તા પેશ કરી મજમાને મેહઝૂઝ કર્યો હતો તેમજ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) તથા મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી સાહબે ઈમાન અફરોઝ બયાનો કર્યા હતાં. મુબલ્લિગોએ દિવસ દરમ્યાન મસાઈલ, દુઆઓ, સુન્નતો શીખવાડી હતી રાત્રે ૧૦:૩૦ વાગે ઝિક્ર દુઆ સલાતો સલામ બાદ ઈશાની નમાઝ થઈ પછી ન્યાઝ જમાડવામાં આવી.❑❑❑

**વઢવાણ સીટી** : (જિ. સુ. નગર) ખાતે દારુલ ઉલૂમ ફયઝે મુફતીએ આ'ઝમ ખાતે તા. ૨–૫–૨૦૧૭ મંગળવારે ઈશા બાદ જશ્ને ઈમામ આ'ઝમ વ દસ્તારબંદીનો શાનદાર જશ્ન હઝરત સૈયદ તસ્નીમ રઝા નૂરીની સદારતમાં યોજાયો જેમાં હઝરત અલ્લામા "અબુલ હક્કાની" સાહબે ઈમાન અફરોઝ બયાન કુર્આની રોશનીમાં કર્યું હતું. ❑❑❑

**મોતીપુરા** : (તા. ડભોઈ) ખાતે ત્રણ દિવસ માટે તર્બિયતી કેમ્પનું આયોજન સુન્ની દા'વતે ઈસ્લામી થકી થયું. મોતીપુરાના પેશ ઈમામ તેમજ મસ્જિદ મદ્રસા કમિટીએ ત્રણ દિવસ રહેનારાઓ માટે ખાવા, પીવા, સૂવા સર્વ સગવડો સાચવી હતી. ઉપરાંત સાધલી મસ્જિદ કમિટી તેમજ મૌલાના ઐયૂબ સાહબ, હાફિઝ ઈમરાન સાહબ, કમિટી પ્રમુખ દરબાર તેમજ સર્વ સભ્યોએ સાથ આપી આસપાસના ગામોમાં મુબલ્લિગો ઈમરાન નૂરી, યુસૂફ નૂરી, હાફિઝ શોએબ વગેરેને પ્રચારમાં સહકાર કર્યો હતો. આસપાસના ગામો ઉપરાંત તાંદલજાથી હાફેઝ મુબારક દહેગામી સાથે ત્રીસ બાળકો યુવાનો તર્બિયતમાં આવેલ. કુલ ૧૦૦ બાળકો યુવાનોએ ત્રણ દિવસ ઈમરાન નૂરી, યુસૂફ નૂરી, મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અલ્તાફ મિસ્બાહી, હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી, હાફિઝ શોએબ વગેરે થકી દીની તર્બિયત વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝના મસાઈલ, તરીકો, તથા વિવિધ બેઝીક તાલીમ મેળવી હતી.

પેજ 02 નું ચાલુ..

કદર કરી, હમેશાં અલ્લાહના શુક્રગુજાર તકવાવાળા બંદા બની રહ્યા તો અલ્લાહ તઆલાએ પણ તેમને એનો બદલો એ આપ્યો કે દુનિયામાં એમનું નામ ઝિંદા કરી દીધું, આખેરતમાં જે બદલો છે એ તો છે જ, પરંતુ દુનિયામાં પણ આજે એમની ચર્ચાથી દિલો મુનવ્વર થઈ રહ્યાં છે, મજલિસો ગરમ છે, અને જિંદગીઓમાં વસંત ખીલી રહી છે. યાદ રાખશો ! માહે રમઝાનુલ મુબારક પણ આ ઉમ્મત માટે અલ્લાહ તઆલાની અતિ મહાન નેઅમત છે. રોઝાની હાલતમાં આંખ, કાન, દિલ અને દરેક અંગોનો સહીહ ઉપયોગ કરી આપણે ઈમ્તિહાનમાં કામયાબ થવાની કોશિશ કરવાની છે. જો આપણે માહે રમઝાનુલ મુબારકની ઘડીઓની કદર કરી તો કયામતમાં શર્મિંદગીથી મેહફૂઝ પણ રહીશું અને ઈમ્તિહાનમાં કામયાબ પણ થઈ શકીશું. અલ્લાહ પાક આપણને બધાને સમજવાની નેક તૌફીક અતા કરે. (આમીન)

**આમોદમાં જશ્ને દસ્તારબંદી :** તા. ૧૯–૪–૨૦૧૭ બુધવારના રોજ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** (જિ. ભરૂચ) ખાતે ચાલુ સાલે ફારિગ થનાર **૦૭** હાફિઝ, **૦૨** ફાઝિલની દસ્તારબંદીનો જશ્ન હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવીની સદારતમાં યોજાયો. અસર પહેલાં **"હિરા ઇંગ્લિશ સ્કૂલ"**ના બાળકોનો પ્રોગ્રામ થયો. અસર બાદ મસ્જિદે રઝામાં "ખત્મે બુખારી શરીફ" મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.) થકી કરવામાં આવી જેમાં ખૂબ જ ઈલ્મી ગુફતગૂ ફર્માવી હઝરતે તલબા તથા હાજરજનોને ફયઝયાબ ફર્માવ્યા. મગરિબ બાદ જનાબ કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના અનોખા અંદાઝમાં કિરાઅત તથા નઅતોના ગુલદસ્તા પેશ કર્યા. બાદમાં ઔલાદે ગૌષે આ'ઝમ, આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ મેઅરાજુન્નબી ﷺ પર ઈમાન અફરોઝ બયાન કર્યું. ત્યારબાદ અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ "મો'મિન ઝિંદગી કૈસે ગુઝારેં ?" પર અસરકારક બયાન કર્યું હતું. છેવટમાં હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમીએ દીની તથા દુનિયવી એજ્યુકેશન શીખવવા પ્રોત્સાહિત કરતું બયાન કર્યું હતું. બાદમાં રસ્મે દસ્તારબંદી સૌ ઉલમા સાદાતના મુબારક હસ્તે કરવામાં આવી. સલાતો સલામ દુઆ બાદ ન્યાઝ સર્વ હાજરજનોને ખવડાવવામાં આવી તથા ઈશાની નમાઝ છેવટમાં થઈ.

**દારુલ ઉલૂમ ગુલશને અજમેરમાં દસ્તારબંદી :** તા. ૩–૫–૨૦૧૭ બુધવારે ઈશા બાદ દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ, હઝરત બાવા રયહાન દરગાહ પાસે કંપાઉન્ડમાં ચાલુ વર્ષે ફારિગ થનાર **૧** આલિમ ફાઝિલ તથા **૪** હુફ્ફાઝની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી (આમોદ)ની સદારતમાં યોજાયો જેમાં નિઝામત હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાળા (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી ભરૂચ સિટી, ખતીબ : પીર છત્તર મસ્જિદ)એ સંભાળી હતી. ઈશા બાદ તિલાવતે કુર્આન બાદ મુંબઈથી પધારેલ નઅતખ્વાં હઝરત સૈયદ યાસીન અહમદ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કસીદા બુર્દા શરીફ, હમ્દ તથા નઅતના ગુલદશ્તા પેશ કરી મજમાને ગરમાવી દીધો. બાદમાં મહમાને ખુસૂખી વ મુકર્રિરે ખુસૂસી સજ્જાદાનશીને અમીરે મિલ્લત, ફાઝિલે બગદાદ હઝરત અલ્લામા હસન અસ્કરી અશરફીયુલ જીલાની કિછોછવી مدظلہ العالی ની શાનદાર તશરીફ આવરી નારાઓની ગુંજમાં થઈ. સંસ્થાના પ્રમુખ સૈયદ મકબૂલ હુસૈન ચોકવાલા સાહબે હઝરતનું ગુલપોશી કરી સ્વાગત કર્યું. અન્ય ટ્રસ્ટીઓ હફીઝભાઈ શેખે હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમની તથા તથા સૈયદ ચોકવાલા શબ્બીર હુસૈને જનાબ સૈયદ યાસીન અહમદ સાહબ (મુંબઈ)ની તથા મુશ્તાકભાઈ મુન્શીએ હઝરત સૈયદ અશરફી બાપુ તથા અન્ય અરાકીને સર્વ ઉલમાની ગુલપોશી કરી હતી. તેમજ ટ્રસ્ટી પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)એ ગુલપોશી બાદ દારુલ ઉલૂમ ગુલશને અજમેરની ૧૯૭૬થી સ્થાપ્નાથી લઈને આજ સુધીની તેની વિગત તથા પ્રગતિ વિશે ટૂંકમાં ચિતાર વર્ણવ્યો અને હાલની બિલ્ડિંગના સ્થાને નવી બિલ્ડિંગમાં દારુલ ઉલૂમની સાથે મોડર્ન એજ્યુકેશન માટે સ્કૂલ બનાવવાના પ્લાનની પણ જાહેરાત કરી જેને સૌએ વધાવી લઈ દુઆઓ આપી હતી. ત્યારબાદ હઝરત કિબ્લા અસ્કરીમિયાં સાહબે પોતાના અનોખા અંદાઝમાં માનવની જિંદગીનો મકસદ ખૂબ જ આસાન અંદાઝમાં સમજાવી નમાઝ તથા અન્ય અમલો સાથે શરીઅત પર ચાલીને જીવનને સજાવવા તાકીદ કરી હતી. તેમજ સહાબાએ રસૂલ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની બેઅદબી કોઈ સુન્ની કરી જ નથી શકતો કેમ કે હુઝૂર ﷺના સર્વ સહાબા હિદાયત પર જ હતા. એ બાબતે હદીષોથી સમજાવી જેમણે ભૂલ કરી હોય આ બાબતે તેમને તૌબા કરવા તાકીદ કરી તેમજ તરીકત વિશે સહીહ સમજ પાડી હતી. છેવટમાં તલબાની દસ્તારબંદી થઈ અને સલાતો સલામ દુઆ બાદ પ્રોગ્રામ સંપન્ન થયો હતો.

**દારુલ ઉલૂમ બુખારિયા ચાંચવેલમાં દસ્તારબંદી :** તા. ૫–૫–૨૦૧૭ જુમ્આના રોજ ઈશાની નમાઝ બાદ દારુલ ઉલૂમ બુખારિયા ફૈઝુલ રસૂલ ખાતે ફારિગ થનાર **૦૭** હાફિઝ, **૦૨** કારી તથા **૦૨** ફાઝિલોની દસ્તારબંદીનો જશ્ન હઝરત મૌલાના સૈયદ ગુલામરસૂલ બાવાની સદારતમાં તથા મૌલાના જમીલ રઝવી (ગોરવા)ની નિઝામત હેઠળ થયો જેમાં મુંબઈથી તશરીફ લાવનાર કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ કિરાઅત તથા નઅતો પેશ કરી મજમાને મુગ્ધ કરી આપ્યો હતો. ત્યાર બાદ નવજવાન દિલોની ધડકન હઝરત મૌલાના સાદિક રઝવી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈલ્મે દીનના મહત્વ પર તથા ઈસ્લાહે મુઆશરા પર રિક્કતઅંગેઝ બયાન કરી મજમાને રડાવી દીધો હતો. છેવટમાં તલબાની દસ્તારબંદી, સલાતો સલામ, દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો.